# આશીર્વાદ

વર્ષ ૩જુ · અંક ૮ મો · સળંગ અંક ૩૨ · જૂન ૧૯૬૯




શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

# —: ૫૧ ઉપરાંત ગ્રાહક બનાવનાર સેવાભાવી પ્રતિનિધિઓ :—

### અમદાવાદ

શ્રી હરિવદન એસ. ભટ્ટ
૩૨, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ચીમનલાલ છોટાલાલ કાચવાલા
પૂલનીચે, રીચીરોડ,

શ્રી બાલગોવિંદભાઈ છગનલાલ પટેલ
ગળનારાની પોળ, શાહપુર

નવીનચંદ્ર જે રાવલ
ડૉ.નીચાલી ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ગોવિંદભાઇ ચતુરભાઈ પટેલ
(પ્રાંતિયાવાલા) ખારીકૂઇ,
ખોખરા મહેમદવાદ ૮

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી,

શ્રી ભાલચંદ દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, અસારવા પારે

શ્રી ઘનશ્યામચંદ્ર બદ્રીનાથ પંડ્યા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી કેશવલાલ કાળીદાસ પટેલ
૪, રામઘર, બંધુ સમાજ સોસાઇટી
ઉસ્માનપુરા

શ્રી નંદુભાઇ ભાઇશંકર ઠાકર
૬૪૪, ટોકરશાની પોળ, જમાલપુર

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઇ દલવાડી
દરજીની વાડીપાસે, દોલતખાના
સારંગપુર

શ્રી વિઠ્ઠલભાઇ ના. પટેલ
[ ગૃહપાલ ]

શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન
એલીસબ્રીજ

શ્રી રસિકલાલ સોમનાથ ભટ્ટ
સીટીસિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી હિરાલાલ આશાભાઇ અમીન
૨૧ વિજય કોલોની,
ઉસ્માન પુરા—૧૩

### કોલ્હાપુર

શ્રી હંસરાજ ગો. વેદ
૧૭૮૪, રાજારામપૂરી,

### કલકત્તા

શ્રી ચંદ્રિકાબેન વી. રાવલ
૨૨, સ્કુલ રોડ, ભવાનીપુર

### ગોંદિયા

શ્રી જોઇતારામભાઇ
C/o. મોહનલાલ હરગોવિંદદાસની કુ.

### ગોંડલ

શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

### ગણદેવી

શ્રી છગનલાલ ગાંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લા

શ્રી મનુભાઈ મથુરાદાસ ભટ્ટ
હવેલી સ્ટ્રીટ

### ગોધરા

શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઇ
"ભગવદ" પરભારોડ

### જંબુસર

શ્રી જયંતિલાલ છોટાલાલ ચોકસી
હશીખુશી સ્ટોર્સ,

### ડભોઇ

શ્રી બિપિનચંદ્ર ગોવિંદલાલ
વસાઇવાળા, પુનિત સ્મૃતિ

### ધોળકા

શ્રી નારણદાસ પ્રેમચંદ ગાંધી
ધમક વાડી,

### જામનગર

શ્રી ગુણવંતપ્રસાદ પી. પરીખ
રણજીત માર્ગ

### બિલિમોરા

શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રીમહાદેવનગર, લોખંડવાળાની ઉપર

શ્રી ભગવાનદાસ ગુલાબભાઈ પંચાલ
હિન્દુ વ્યાયામ મંદિર સામે

### નડિયાદ

શ્રી શાંતાબેન ત્રીભોવનદાસ મીસ્ત્રી
વીઠ્ઠલ કન્યાવિદ્યાલય રોડ,

શ્રી રજનીકાન્ત ચોકસી
સિદુશીં પોળ,

### મુંબઇ

શ્રી ભગવાનદાસ કે. કાપડીયા
c/o માનવ મંદિર, માનવ
મંદિર રોડ,

શ્રી અમરતલાલ દવે
માનવ મંદિર. માનવ મંદિર રોડ,

શ્રી શંકરલાલ હરગોવિંદદાસ પંડ્યા
અન્નપૂર્ણા નિવાસ, ૨૯, ક્રોસ;
રોડ નં. ૨ વિલેપાર્લા

શ્રી ઉષાબહેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ વિલેપાર્લા

શ્રી રામશંકર ટી. જાની
જાની વિલા એસ્ટેટ. નેહરૂ રોડ,
વિલેપાર્લા

### મીણકચ્છ

શ્રી માધવભાઇ વલ્લભાઈ પટેલ

### ભરૂચ

શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
સી/૩૧૧. શેઠ ફળીયા

### સોલા [ દસક્રોઇ ]

શ્રી ડાહ્યાભાઇ જગન્નાથ પુરાણી

### સુરત

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ધીઆ શેરી, મહિધરપુરા—સુરત

શ્રી રણછોડદાસ વનમાળીદાસ
બરફીવાલા, બરાનપુરી ભાગોળ

શ્રી મનુભાઇ જી. યાજ્ઞિક
ડાંગશેરી, દિલ્હીગેટ

### વલસાડ

શ્રી જીતેન્દ્ર હીરાલાલ દેસાઇ
ક્વાટર ન. ૪૨૧ બેરટ યાર્ડ

सत्यं शिवं सुन्दरम्

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૩જું ] સંવત ૨૦૨૫ જયેષ્ઠ : ૧૫ જૂન ૧૯૬૯ [ અંક : ૮મો

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨-૦૦

## આનંદનું મૂળ

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

માણસ પોતાનું કર્તવ્યકર્મ પ્રમાણિકપણે કરે એથી તેને જે પદાર્થો અથવા સંપત્તિ પ્રાપ્ત થાય છે. તેનાથી જ તેને સાચો આનંદ મળે છે. એવી રીતે મેળવેલા પદાર્થોથી મળતો આનંદ એ માણસમાં વિકાર, નશો, મૂઢતા, જડતા, ગર્વ કે પાપીપણું ઉત્પન્ન કરતો નથી, પણ ચિત્તશુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેના જીવનનો વિકાસ કરે છે અને પરિણામે તે મનુષ્યને કલ્યાણ અથવા મોક્ષ પ્રાપ્ત થાય છે.

કર્તવ્યકર્મ પ્રમાણિકપણે કર્યા વિના, પરિશ્રમ કર્યા વિના, અપ્રમાણિક રીતે માણસ જે ધન અને સુખભોગના પદાર્થો મેળવે છે, તેનાથી એને સાચો આનંદ મળતો નથી; ચિત્તશુદ્ધિ, જીવનવિકાસ કે કલ્યાણ પ્રાપ્ત થાય એવો આનંદ એને મળતો નથી, પણ જે આનંદ મળે છે, તે વિષરૂપ હોય છે, તેના જીવનનો-જીવનવિકાસનો નાશ કરનારો હોય છે, જીવનના આધારરૂપ સત્યનો તે મનુષ્યમાંથી નાશ કરનારો હોય છે.

જો કર્મ કર્યા વિના મેળવેલ ધનસંપત્તિથી માણસને સાચો આનંદ, પ્રસન્નતા કે જીવનવિકાસ પ્રાપ્ત થઈ શકતાં હોત તો ભગવાને આખી પૃથ્વીને સોનામહોરો, રત્નો અને તૈયાર મિષ્ટાન્નોથી ભરેલી જ બનાવી હોત. પરંતુ સાચો આનંદ નીતિપૂર્વકના કર્મ દ્વારા જ ( તે કર્મમાંથી જ ) ઉત્પન્ન થતો હોવાથી ભગવાને માણસને બે હાથ, બે પગ, બળ અને બુદ્ધિ આપીને આ પૃથ્વીના કર્મક્ષેત્ર ઉપર ઊભો કર્યો છે.

'ૐ'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | આનંદનું મૂળ | ૐ | ૧ |
| ૨ | ધર્મને નામે કલહ | શ્રી રવિશંકર મહારાજ | ૩ |
| ૩ | જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો સૂક્ષ્મ ભેદ | શ્રી ડોંગરે મહારાજ | ૫ |
| ૪ | દેખાયું | શ્રી કનૈયાલાલ દવે | ૮ |
| ૫ | ત્રિમૂર્તિ : અર્ધનારીશ્વર : નટરાજ | શ્રી 'અમિતાભ' | ૯ |
| ૬ | શ્રેષ્ઠ કોણ ? | શ્રી 'મનોરમ' | ૧૨ |
| ૭ | તું ! | શ્રી સુરેશ દલાલ | ૧૬ |
| ૮ | આપણા પારસી ભાઈઓ | ડૉ. સુમન્ત મહેતા | ૧૭ |
| ૯ | શું માગું ? | શ્રી 'જયભિખ્ખુ' | ૨૪ |
| ૧૦ | સૌન્દર્યના માર્ગે | શ્રી 'શિવં સુન્દરમ્' | ૨૯ |
| ૧૧ | ચંદ્રહાસ | શ્રી 'આનંદમોહન' | ૩૨ |
| ૧૨ | ઉપવાસ | શ્રી 'પીયૂષપાણિ' | ૩૬ |
| ૧૩ | એ પળ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ' | ૩૯ |
| ૧૪ | કૌસલ્યાવિલાપ | શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન' | ૪૦ |



## સરખામણી કરવાથી જ સમજાશે

**'આશીર્વાદ'** માં આવતી સામગ્રી એ સૌથી શ્રેષ્ઠ સામગ્રી છે. શ્રદ્ધાની સાથે વિવેક, ભક્તિની સાથે વાસ્તવિકતા અને જ્ઞાનની સાથે કર્તવ્યનું આચરણ હોય તો જ જીવનનો સાચી દિશામાં વિકાસ થાય છે.

'આશીર્વાદ' ની સામગ્રી વાચકને ગાડરિયા પ્રવાહમાંથી બહાર કાઢી સાચી દૃષ્ટિ આપે છે અને જીવનની સાર્થકતાના માર્ગમાં સહાયક થાય છે. એથી સુશિક્ષિત, વિચારશીલ સમજુ વર્ગ 'આશીર્વાદ'ને ખાસ પસંદ કરે છે.

# ધર્મને નામે કલહ!

**શ્રી રવિશંકર મહારાજ**

ધર્મ વિશે કહ્યું છે, 'धर्मो हि परमो लोके धर्मे सत्यं प्रतिष्ठितम् ।" ધર્મ આ લોકમાં પરમ શ્રેષ્ઠ છે, અને ધર્મમાં સત્ય પ્રતિષ્ઠિત થયેલું છે. આ કેટલી મોટી વાત થઈ! પરંતુ આ દુનિયામાં ધર્મના નામે જેટલું પાપ થયું છે, ઝઘડા થયા છે, દ્વેષ ને ઈર્ષા પેદા થયાં છે તેટલું બીજા કોઈ નિમિત્તે નહીં થયું હોય. ધર્મની બાબતમાં તકરાર થઈ ત્યારે લોકોની કતલ કરી છે, હાથમાં દેવતા મૂકયો છે. ચામડી ઉતારી છે. એવું મુસલમાન, હિંદુ, ખ્રિસ્તી, વૈષ્ણવ, શિવ, સ્વામીનારાયણ, લગભગ બધા ધર્મની બાબતમાં બન્યું છે. ધર્મને નામે આજ સુધીમાં કાંઈ ઓછી તકરારો નથી થઈ!

## પંથોની સંકુચિતતા

ધર્મ તો દરેક ઉત્તમ છે. પણ એના નામે માણસોએ બહુ પાપો કર્યાં છે. એક ધર્મની અંદર પણ ભિન્ન ભિન્ન પંથો પડી ગયા છે. મહાવીર એક છે પણ એને માનનારા જુદા જુદા છે. શિવ એક છે પણ એના અનેક પંથો પડી ગયા છે. આપણે ત્યાં એવા પણ લોકો છે કે જેમને આપણે એમ કહીએ કે લૂગડું સીવ તો ગુસ્સામાં આવી જાય. અને એમ સુધ્ધાં કહેવાયું છે કે કંઠે પ્રાણ આવે, રસ્તામાંથી જતા હાથી નીચે ચગદાઈ જવાનો ભય ઊભો થાય તોયે જૈનમંદિરમાં ન જવું. હવે બુદ્ધ, મહાવીર કાંઈ સાધારણ માણસ ન હતા, તેઓ તો મહાન ક્રાંતિકારી ધર્મપુરુષ હતા. તે જમાનામાં યજ્ઞોમાં જે હિંસા થતી તે એમણે ક્રાંતિકારી વિચારો આપીને અટકાવેલી. એમના વિચારોથી આકર્ષાઈને ઘણા બ્રાહ્મણો પણ જૈન થઈ ગયેલા. છતાં માણસની સંકુચિતતાને કારણે એમના ધર્મ પ્રત્યે પણ કેટલાકે અનહદ દ્વેષ સેવ્યો.

## ધર્મો આવું શીખવે છે?

એક વિદ્વાન જૈન આચાર્યે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમાંના એક પુસ્તકમાં એક વાત આવે છે. બુદ્ધ ધર્મની એક શાળા ચાલતી હતી. જૈન કુટુંબના બે ભાઈઓને ત્યાં ભણવા જવાની ઇચ્છા થઈ. પણ તેઓ જૈનધર્મી હોવાને કારણે તેમને તે શાળામાં પ્રવેશ મળે નહીં. આથી પેલા બન્ને ભાઈઓએ જૂઠું બોલીને શાળામાં પ્રવેશ મેળવ્યો. પાછળથી બૌદ્ધધર્મીઓને શંકા જતાં તેની પરીક્ષા લેવાનું વિચાર્યું. રસોડાના મુખ્ય ઓરડામાં જવા માટે તેમણે એક નાનો સાંકડો રસ્તો બનાવ્યો, અને તે રસ્તા પર મહાવીરનું ચિત્ર દોર્યું. હવે, જૈનધર્મીઓ એવું માને છે કે મૂર્તિને ઓળંગાય નહીં. આથી પેલા બન્ને ભાઈઓએ ચિત્રમાં થોડો ફેરફાર કરીને એને બુદ્ધની મૂર્તિ બનાવી દીધી. અને તેને ઓળંગીને એ બન્ને ભાઈઓ નાઠા. બૌદ્ધોનું ટોળું એમની પાછળ પડયું. મોટો ભાઈ નાના ભાઈને કહે કે તું પાસેના ગામમાં મામા પાસે જઈને બધી વાત કર. હું આ લોકોની સાથે લડી લઈશ. આ ભાઈઓના મામા મોટા જૈન મુનિ હતા. એમણે બૌદ્ધો પર ચિઠ્ઠી લખીને તેમને શાસ્ત્રાર્થ કરવા બોલાવ્યા. એટલે બૌદ્ધધર્મીઓએ કહ્યું કે કેવળ શાસ્ત્રાર્થ નહીં પણ એવી શરત રાખીએ કે શાસ્ત્રાર્થમાં જે હારે તે મરે. જૈનધર્મીઓ કહે કે અરે, એટલું જ શું કામ? જે હારે તે કડકડતી કઢાઈમાં તળાય. અને આ રીતે બેચાર તળાયા પણ ખરા! આ વિદ્વાન મુનિના મૂળ ગુરુ કે જેઓ આમ તો સામાન્ય જ્ઞાન ધરાવતા હતા તેમણે આ જાણ્યું ત્યારે કહ્યું કે તમે બધા આ શું કરવા બેઠા છો? તમારા બેઉના ધર્મો શું આવું શીખવે છે? પ્રાણીમાત્ર પ્રત્યે દયા આચરવાનું શીખવનારા ધર્મોના અનુયાયીઓ શું ધર્મને નામે આપસઆપસમાં આ રીતે લડે? જૈન અને બૌદ્ધ ધર્મમાં તો અહિંસા પર મોટાં મોટાં પુસ્તકો અને ભાષ્યો લખાયાં છે!

## આ તો ધર્મનો જ દ્રોહ થાય

આમ, માણસોએ પોતાના અજ્ઞાન ને સંકુચિતતાને કારણે આવા બધા બખેડા ઊભા કર્યા છે. તેમાં ધર્મોનો મુદ્દલેય દોષ નથી. માણસના રાગદ્વેષ અને મિથ્યા અભિમાનનું આ પરિણામ છે. બાકી બધા ધર્મોનાં મૂળ તત્ત્વો તો એક જ છે. ધર્મોના મૂળ સિદ્ધાંતોમાં કોઈ ફરક હોય તો તે બાહ્ય ક્રિયાકાંડોમાં છે. પણ એ તો સ્થળ-કાળ પ્રમાણે બદલાતા

---

જે મનુષ્ય પોતાના જીવનમાં કુદરતી નિયમો અનુસાર વર્તે છે, તેટલે અંશે તે વિશ્વના જીવનના નિયમોને જાણવા લાગે છે.

જ રહે ને? ઠંડા પ્રદેશમાં રહેતા હોય તેઓ આખો દિવસ ગરમ કોટ પહેરીને ફરે પણ ગરમ પ્રદેશમાં રહેનારા કાંઈ એમ કરી શકે? તેઓ તો બહુ ગરમી હોય તો ઉઘાડાયે ફરે. એવી જ રીતે ઉગમણે પગે લાગવાની કે આથમણે પગે લાગવાની રૂઢિ તો જે તે સમાજમાં ત્યારની પરિસ્થિતિ અને લોકમાન્યતા પ્રમાણે ચાલુ થઈ. પણ તેને માટે તે કાંઈ ઝઘડા થતા હશે? આવી બાબતો માટે લડનારા એ વાત ભૂલી જાય છે કે એમ કરીને તેઓ ધર્મને સાચવવાને બદલે ધર્મનો જ દ્રોહ કરે છે, નાશ કરે છે.

### ગુરુના બે બુદ્ધુ ચેલા

એક ગુરુ હતા. એમને બે ચેલા. એક દિવસ બન્ને ચેલા ગુરુના પગ દાબવા બેઠા. બન્નેએ ગુરુનો એક એક પગ લીધો. ત્યાં વાતવાતમાં બેઉ લડી પડયા. અને પછી તો ઉશ્કેરાટ વધ્યો તેમ બન્નેએ સામેવાળા પાસે જે પગ હતો તેને મારવા માંડયું. આ પેલાના પગને મારે અને પેલો આના પગને મારે. પણ બેઉ એટલું ભૂલી ગયા કે આ બેઉ પગ છેવટે તો પોતાના ગુરુના જ છે, અને પોતે ગુરુની સેવા કરવા બેઠા છે. પણ એમની અંદરોઅંદરની મારામારીમાં વાગે છે ગુરુના જ પગને!

આપણે બધા આ બે બુદ્ધુ ચેલાઓ જેવા છીએ. કરવા બેઠા છીએ ધર્મની સેવા. પણ અંદરોઅંદર ઝઘડામાં પડી જઈને એ ધર્મને જ ટૂંપો દઈએ છીએ. આજ સુધી ધર્મને નામે આવો અધર્મ બહુ ચાલ્યો છે. પણ ખરું જોતાં ધર્મ એટલે તો સદાચાર. સદાચાર એ જ ધર્મનું પ્રાણતત્ત્વ છે. કોઈ પણ પ્રાણીને કોઈ પણ જાતનું દુઃખ મારા આચરણથી ન થાય એવું ચિંતવન જો દરેક માણસ કરે તો તેનાથી અધર્મનું આચરણ થઈ જ ન શકે. સદાચારનો ધર્મ ગોખવો પડતો નથી; એ તો આપોઆપ આચરણ થાય છે. પરંતુ આપણે તો આટલા આટલા મહાપુરુષો થઈ ગયા, એમણે આટલું આટલું ધર્મનું આચરણ કર્યું, એ બધાનું જીવન કેટલું બધું ઉચ્ચ હતું, વગેરે વગેરે લખેલું વાંચીએ છીએ અને ગોખીએ છીએ. એ બધું આપણા જીવનમાં કેમ આચરવું એની કળા આપણી પાસે આવી નથી, આપણે તે વિશે ચિંતવન જ કરતા નથી. સદાચારી બનવા માટે પવિત્ર માતાપિતાના હાથ નીચેનો ઉછેર અને સંતપુરુષોનો સમાગમ જરૂરી છે. ધર્મને નામે જે બધા ઝઘડા થાય છે તે સદાચારીઓ વચ્ચે નથી થતા, પણ આવા ગોખનારાઓ વચ્ચે અને બાહ્ય ક્રિયાકાંડોનું રટણ કરનારાઓ વચ્ચે થાય છે. તેમાંથી કલેશ જન્મે છે.

કલેશ પાંચ પ્રકારના છે: અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અને અભિનિવેશ. અવિદ્યા એટલે વિષયનું પૂરું જ્ઞાન ન હોવું. એમાંથી અસ્મિતા—હું જ મોટો છું એવું થાય. તેમાંથી રાગદ્વેષ જન્મે, એટલે અભિનિવેશ થાય. તેને લીધે કલેશ ઊભો થાય.

### સ્યાદ્વાદની દૃષ્ટિ

આ કલેશને સ્યાદ્વાદ બહુ સારી રીતે દૂર કરે છે. ૧૦ રૂપિયા કમાનાર ૧૦૦ રૂપિયા કમાનાર કરતાં ગરીબ છે, અને એક રૂપિયો કમાનાર કરતાં ધનવાન છે. એટલે એ ધનવાન પણ છે અને ગરીબ પણ છે. જુદી જુદી દૃષ્ટિએ આ બેઉ વાત સાચી છે. એક ઝાડને દૂરથી જોનારો ઝાડ ગોળ છે એમ કહે. પણ પાસે જઈને જોનારો ઝાડ ઊંચુંનીચું છે અને એને પાંદડાં-ડાળી વગેરે છે એમ કહેશે. બન્નેની વાતો પોતપોતાના દૃષ્ટિકોણથી સાચી છે એવું સ્યાદ્વાદ માને છે. એક માણસે ચોરી કરી તો એણે ચોરી શા માટે કરી, એમ સ્યાદ્વાદી વિચારશે અને એને માફ કરશે. આને લીધે રાગદ્વેષ થશે નહીં. બધાંયને વેઠવાં હોય ત્યારે તિતિક્ષાની શક્તિ હોવી જોઈએ. સામાના અપરાધો સહન કરવા અને માફ કરવાનો ગુણ હોવો જોઈએ. કંકાસને મટાડવાના આ ઉપાયો છે. સામાની જગ્યાએ હું હોઉં તો કેવો ન્યાય કરું એવી જો આત્મદૃષ્ટિ હોય તો કલેશ ન થાય.

*

---

વિશ્વના નિયમો અથવા કુદરતના કાયદાઓથી વિપરીત રીતે ચાલનાર તાત્કાલિક પોતાને લાભ મેળવતો કે સુખી થતો જુએ, પણ પરિણામમાં તેને દુઃખ અને પતન જ પ્રાપ્ત થાય છે.

## શ્રી કૃષ્ણના ગાયો ચરાવવાનું રહસ્ય તથા

# જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો સૂક્ષ્મ ભેદ

શ્રી ડોંગરે મહારાજ

આપણાથી પરમાત્મામાં તન્મય ન થવાય તો વાંધો નહિ, પણ જગત સાથે તન્મય ન થવું જોઈએ. આનો અર્થ શું તે હવે તમે વિચારો. જ્યારે આપણે ખાઈએ છીએ, પીએ છીએ, જગતના પદાર્થોનો ઉપભોગ કરીએ છીએ ત્યારે ભૂખ્યો કૂતરો જેમ હાડકા ઉપર તૂટી પડે છે તેમ એકદમ તૂટી ન પડવું જોઈએ. આપણામાં લોલુપતા કે તલપાપડ થઈ જવાની સ્થિતિ ન આવવી જોઈએ. આનું નામ જ વાસનાનું બંધન છે. વાસનાના બંધનવાળો જ અંધ હોય છે. કૂતરો હાડકા ઉપર તૂટી પડે છે, તેની ક્ષુદ્ર સ્થિતિને આપણે જોઈએ છીએ. તેવી જ રીતે વાસનાયુક્ત લોલુપ માણસો ભોગવવાના પદાર્થો ઉપર તૂટી પડે છે. તેમની ક્ષુદ્ર સ્થિતિને અંતરમાં બેઠેલો પરમાત્મા જોઈ રહ્યો હોય છે. લોલુપ બનીને ભોગો ભોગવતા માણસોએ ખ્યાલ રાખવો જોઈએ કે આપણી ક્ષુદ્ર સ્થિતિને અંતર્યામી પરમાત્મા જોઈ રહ્યો છે. માટે આપણે ખોટી લોલુપતા કરતાં શરમાવું જોઈએ. આપણામાં પણ જો કૂતરાના જેવી લોલુપતા કે ક્ષુદ્રતા રહેતી હોય તો પછી કૂતરામાં અને આપણામાં ફેર શો રહ્યો? માણસો જો આટલો ખ્યાલ રાખે કે આપણી ક્ષુદ્રતાને અંતર્યામી પરમાત્મા જોઈ રહ્યો છે, તો પછી એ ક્ષુદ્રતા અથવા લોલુપતા ધીમે ધીમે ઘટતી જશે.

મહાવતે ગમે તેટલું સારું ભોજન આગળ મૂક્યું હશે, તોપણ હાથી તેના ઉપર જરા પણ લોલુપ કે તલપાપડતાવાળો નહિ થાય. તે તો આવી મળેલું ભોજન એકસરખી શાન્તિથી અને ગંભીરતાથી ખાશે. તેવી જ રીતે જે પદાર્થો જીવને તેના કર્માનુસાર મળવાના હોય છે, તે તો અવશ્ય મળે જ છે. પરંતુ હલકા જીવો લોલુપતાથી તે ભોગવે છે અને શાન્ત સાત્ત્વિક જીવો સમતાથી તે પદાર્થો ભોગવે છે. પહેલી કૂતરાની રીતે ભોગવનારનું ચિત્ત મૂઢ અને ક્ષુદ્ર બનતું જાય છે, બીજી હાથીની રીતે ભોગવનારનું ચિત્ત સમતાયુક્ત અને નિર્લેપ રહેતું હોય છે. સમતાથી ભોગવનારની સ્થિતિ પરમાત્મમય છે જ્યારે લોલુપતાથી ભોગવનારની સ્થિતિ વાસનામય છે. સમતાથી ભોગવનાર શરીરને ભાડું આપતો હોય છે, અને લોલુપતાથી ભોગવનાર પોતે ભોગવતો હોય છે. જે પોતે ભોગવે છે તે પોતે બંધાય છે અને જે એમ સમજે છે કે શરીર ખાય છે, ઇંદ્રિયો ભોગવે છે, હું તો માત્ર દેખરેખ જ રાખું છું–હું તો કેવળ દ્રષ્ટા (જોનારો) જ છું, તે બંધનથી પર રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણે વનમાં ગાયો ચારીને આપણને એક મહાન રહસ્યમય આદર્શ પૂરો પાડ્યો છે. આ સંસારરૂપી વન છે. તેમાં માણસે પોતે ચરવાનું નથી પણ ગાયોને ચરાવવાની છે. ઇંદ્રિયો એ જ ગાયો છે. જે માણસ ગાયોને ઘાસ નાખતો હોય એ રીતે ઇંદ્રિયોથી ભોગો ભોગવે છે, તે પોતે ભોગવતો નથી, પણ ઇંદ્રિયો ભોગવે છે, એથી તે સંસારમાં બંધાતો નથી અને શ્રીકૃષ્ણની માફક ઇંદ્રિયોરૂપી ગાયો ઉપર કાબૂ રાખી શકે છે અને તે ગાયોને સારી જગ્યાએ પ્રેરીને યોગ્ય રીતે ચારો ચરાવી શકે છે અને તેમને (ગાયોને સંસારરૂપી) વનમાંથી પાછો ગોકુળમાં (શુદ્ધ સ્વરૂપમાં) લઈ જઈ શકે છે. પરંતુ જે માણસ સંસારમાં હું ગાયોને ચરાવવા આવેલો છું એ વાત ભૂલીને લોલુપતાથી પોતે જ ચરવા લાગી જાય છે, તેની અંદરથી કૃષ્ણનો (અંતર્યામીનો) પ્રકાશ દૂર થઈ જાય છે અને ગાયો (ઇંદ્રિયો) સહિત તે માણસ (તેવો ગોવાળ) તૃષ્ણારૂપી આગમાં ફસાઈ જાય છે. તેને માટે ગોકુળમાં (સ્વધામમાં–શુદ્ધ સ્વરૂપમાં) પહોંચવું અશક્ય બની જાય છે.

એથી જ ઉપર કહ્યું કે આપણાથી પરમાત્મામાં તન્મય ન થવાય તો વાંધો નહિ, પણ જગત સાથે (વિષયો સાથે) તન્મય ન થવું જોઈએ. જે વિષયો સાથે તન્મય થયા વિના વિષયોને સ્વીકારે છે, અને આસક્તિ (લોલુપતા) વિના સંસારના બધા વ્યવહારો કરે છે, તે માણસ જાણતો નથી હોતો છતાંયે તે ભગવાન સાથે તન્મય થતો જતો હોય છે. જે માણસ વાસનાનો–લોલુપતાનો ત્યાગ કરીને સાત્ત્વિકતા અને સમતાને ધારણ કરે છે તેનામાં આપોઆપ જ ભગવાન તેમના સૂક્ષ્મ અને નિરાકાર સ્વરૂપે આવીને બેસી જતા હોય છે, અને પછી વાસનાને જીતવામાં નિરંતર

તે માણસને ભગવાનનું બળ મળ્યા કરતું હોય છે.

આથી વિષયો સાથે તન્મય ન થનારો માણસ જાણ્યેઅજાણ્યે પણ ભગવાનના તત્ત્વ સાથે તન્મય થતો જતો હોય છે. જે માણસ ભગવાનના તત્ત્વ સાથે તન્મય થયો હોય તેનું લક્ષણ એ છે કે તેનાથી પછી અધર્મ કે અનીતિનું આચરણ થતું નથી. કારણ કે ભગવાન સ્વયં ધર્મરૂપ અને નીતિરૂપ છે. માણસ પદાર્થો પ્રત્યેની વાસના અને લોલુપતાને કારણે જ ધર્મ અને નીતિનો ત્યાગ કરીને ચાલતો હોય છે, પરંતુ માણસમાંથી વાસના અને લોલુપતા ગયાં તેની સાથે જ તેના સ્વભાવમાં ધર્મ અને નીતિ આવી જ જાય છે. ધર્મ અને નીતિ એ ભગવાનનો સ્વભાવ છે. માણસ વાસના અને લોલુપતા જેમ જેમ છોડતો જાય છે, તેમ તેમ એ ભગવત્સ્વરૂપ બનતો જાય છે.

પરમાત્મામાં તન્મય થવા માટે આ જ સાચી સાધના છે. માણસ તેના જીવનમાં વાસના અને લોલુપતાનો ત્યાગ કરે નહિ, માણસ તેના જીવનમાં ધર્મ અથવા નીતિને અપનાવે નહિ અને કેવળ મૂર્તિના કે આકૃતિના ધ્યાન દ્વારા પરમાત્મામાં તન્મય થવાનો પ્રયત્ન કરે તો એ રીતે કદી તે પરમાત્મામાં તન્મય થઈ શકતો નથી. જ્યાં સુધી માણસમાં સમતા, શાન્તિ, નીતિ, પ્રમાણિકતા, દયા, પરોપકાર, અલોલુપતા અને વાસનારહિતપણું આવતું નથી, ત્યાં સુધી માણસ ભગવાનની મૂર્તિ કે આકૃતિનું ધ્યાન કરે તોપણ તેનામાં ભગવાનનું તત્ત્વ આવતું નથી.

મૂર્તિ કે આકૃતિ (છબી) એ કંઈ ભગવાનનું તત્ત્વ નથી. મૂર્તિ કે છબીમાં થોડી વાર ચિત્તને તન્મય બનાવનાર કંઈ ભગવાનના તત્ત્વસ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી. મૂર્તિ અથવા છબી એ તો આપણને ભગવાનના ગુણો, કર્મો, સ્વભાવ વગેરેનું સ્મરણ કરાવનાર એક પ્રતીક અથવા સાધન છે. તે પ્રતીક અથવા સાધન દ્વારા આપણે આપણા દોષો દૂર કરીને ભગવાનના ગુણો અથવા સ્વભાવ આપણામાં ઉતારવાના છે. અને આ રીતે જ આપણે ભગવાનના વાસ્તવિક તત્ત્વમાં તન્મય થઈ શકીએ છીએ.

પછી આપણામાં આપણો ક્ષુદ્ર અહંકાર કામ કરતો મટી જાય છે અને વિશાળ દૃષ્ટિવાળો આત્મભાવ કામ કરવા લાગે છે. આ જ અદ્વૈત માર્ગની સાધના છે. તેવો માણસ પછી સર્વ પ્રાણીઓ પોતાનાં અથવા ભગવાનનાં જ સ્વરૂપો હોય એ રીતે સર્વ પ્રત્યે પ્રેમથી અને સેવા–ઉપકારની ભાવનાથી વર્તવા લાગે લાગે છે. આનું જ નામ ભક્તિમાર્ગ છે.

ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વર સાથે એક થાય છે, ત્યારે ભક્તિમાર્ગી વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને અદ્વૈત માને છે. જગત મિથ્યા નથી, પણ પ્રભુનું જ પ્રકટ થયેલું સ્વરૂપ છે અને જગતનાં તમામ પ્રાણીઓમાં પોતાના આત્મારૂપ ભગવાન બિરાજમાન છે, એમ જાણી સર્વ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ-ભક્તિ સેવા કરવાની હોય છે. ભક્તને માટે આખું જગત એ ભગવાનનું સ્વરૂપ છે અને પોતે તેનો સેવક છે. જ્ઞાની વાસનાથી મુક્ત બનેલો હોવાથી પરમાત્મા સાથે અભેદભાવને પામ્યો હોય છે. ભક્ત વાસનાથી મુક્ત તો હોય છે જ પણ ભગવાનની અને ભગવત્સ્વરૂપ જગતની પ્રેમભક્તિથી સેવા કરીને વિશેષ આનંદ અનુભવતો હોય છે. જેમ એક દિલવાળાં પતિ-પત્ની વચ્ચે ભાવનું અદ્વૈત તો હોય છે જ, પણ બંને એકબીજાની પ્રેમ-ભક્તિ-સેવા દ્વારા વિશેષ આનંદ મેળવતાં હોય છે, તેમ ભક્ત જગતમાં વિવિધ સ્વરૂપે પ્રકટ થયેલ ભગવત્સ્વરૂપોની સેવા કરીને વિશેષ આનંદ મેળવતો હોય છે.

ઉપનિષદમાં ઈશ્વરનું વર્ણન કરતાં કહ્યું છે કે रसो वै सः । અર્થાત્ ઈશ્વર રસરૂપ છે. જળમાં રહેલું માછલું પાણી પી શકતું નથી, તે પ્રમાણે જે બ્રહ્મના રસમાં ડૂબી ગયો, જે બ્રહ્મરૂપ થઈ ગયો, તે પછી પરમાત્માના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખનિવૃત્તિ તો થાય છે, પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ રસાત્મક છે, આનંદાત્મક છે, પણ તે રસનો, આનંદનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડશે, થોડું દ્વૈત રાખવું પડશે. તેથી ભક્ત કહે છે કે હું મારા

---

**પોતાના પુરુષાર્થ વિના કેવળ વારસામાં મળેલું ધન ખાઈને જીવન ગાળનારી પેઢીમાં *પુરુષાર્થની તથા બળ, બુદ્ધિ, સાહસ અને હિંમતની શક્તિ ક્રમે ક્રમે ઘટતી જાય છે.***

ભગવાનનો અંશ છું, મારા ભગવાનની ગોપી છું, મારા ભગવાનનો સેવક છું, મારે પરમાત્મા સાથે એક થઈ જવું નથી, મારે તો જગતમાં તેમનાં સ્વરૂપોની સેવા કરવી છે.

જીવ બ્રહ્મરસનો અથવા બ્રહ્માનંદનો અનુભવ ક્યારે કરી શકે? ઈશ્વરથી તે જુદો રહે તો તે એ રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વરથી થોડો અલગ રહે તેમ ઇચ્છે છે. પરંતુ આ સ્થિતિ એવી છે કે ખરેખર તો એમાં જીવ ઈશ્વરથી અલગ રહ્યો જ હોતો નથી. જીવ–ઈશ્વરનું અભિન્ન મિલન તો થઈ જ ગયું હોય છે, પરંતુ ઈશ્વર જ પોતે પોતાનાં બે સ્વરૂપ ટકાવી રાખે છે—ભક્તનું સ્વરૂપ અને ભગવાનનું સ્વરૂપ. શિવ પોતે રામના ભક્ત છે અને રામ પોતે શિવના ભક્ત છે. રામાવતાર વખતે શિવ જ ભક્તરાજ હનુમાનના રૂપમાં સેવાનો આનંદ મેળવવા માટે રામના સેવક બનીને આવ્યા હતા. ઉચ્ચ જીવનવાળાં પતિ–પત્ની વચ્ચે પ્રેમનું અદ્વૈત હોય છે. હૃદયનું ઐક્ય હોય છે, પણ પ્રેમ-ભક્તિનો આનંદ લેવા માટે પતિ–પત્નીનો ભેદ જરૂરી હોય છે. જો પત્ની પતિરૂપ બની જાય અથવા પતિ પત્નીરૂપ બની જાય તો, અને બેને બદલે એક જ થઈ જાય તો પ્રેમ–ભક્તિના આનંદનો અનુભવ થઈ શકે નહિ.

બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં જીવ બ્રહ્મરૂપ બની જાય તે કૈવલ્યમુક્તિ છે. પણ વૈષ્ણવો આવી કૈવલ્ય-મુક્તિ ઇચ્છતા નથી. તેઓ ઈશ્વરનાં સ્વરૂપોની સેવા અથવા પ્રેમભક્તિ કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે.

વિષયાનંદીને બ્રહ્માનંદ સમજાતો નથી. મૂકાસ્વાદનવત્-મૂગો માણસ સ્વાદિષ્ટ ભોજન કરે ખરો, પણ તેનો સ્વાદ તે વર્ણવી શકે નહિ, તેવી રીતે બ્રહ્માનંદનું વર્ણન થઈ શકતું નથી. ઉપનિષદમાં દૃષ્ટાન્ત આપ્યું છે કે ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ માપવા ગઈ, તે સાગરમાં વિલીન થઈ ગઈ, પાછી આવી જ નહિ. ઈશ્વરના વ્યાપક તત્ત્વને સમજવાથી તેમાં મળી ગયેલા મનને તેમાંથી કોઈ જુદું કરી શકતું નથી, તેમ જીવનો પરમાત્મામાં લય થાય છે, પછી જીવમાં જીવપણું રહેતું નથી. વ્યાપક બ્રહ્મમાં લીન થયેલો તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણી જડ છે તેથી ચેતન માછલો છૂટો રહી શકે છે, તેમાં મળી જતો નથી. પણ તે માછલો પાણીમાં ડૂબેલો રહીને પાણીનો સ્વાદ લઈ શકતો નથી. તેવી રીતે જીવ ઈશ્વરમાં ડૂબી ગયા પછી ઈશ્વરના સ્વરૂપનો રસાનુભવ કરી શકતો નથી. એથી વૈષ્ણવ આચાર્યો થોડું દ્વૈત (ભેદ) રાખી ભગવાનની સેવા–સ્મરણમાં કૃતાર્થતા અનુભવે છે.

આ બંને સિદ્ધાન્તો સત્ય છે. આમાં ખંડન–મંડનની ભાંજગડમાં પડવું નહિ. ગૌરાંગ મહાપ્રભુ પણ આ ભેદાભેદ ભાવમાં (ભેદ સહિતના અભેદ-ભાવમાં) માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વદૃષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મ ભેદ છે.

એકનાથ મહારાજે ભાવાર્થરામાયણમાં આ સિદ્ધાન્ત સમજાવવા દૃષ્ટાન્ત આપ્યું છે.

અશોકવનમાં રામના વિરહમાં સીતાજી અખંડ-રામનું ધ્યાન–સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમાં તન્મય છે. વિરહની અવસ્થામાં તન્મયતા વિશેષ થાય છે. સર્વત્ર રામ છે. પોતે 'સીતા છું' એ પણ તેઓ ભૂલી જાય છે. સર્વમાં રામનો અનુભવ કરનારો રામરૂપ બને છે. આ કૈવલ્યમુક્તિ છે. સીતાજીને અનેકવાર થાય છે કે હું રામરૂપ છું. તેઓ પોતાનું સ્ત્રીત્વ ભૂલી જાય છે.

એકવાર તેમણે ત્રિજટાને કહ્યું: મેં સાંભળ્યું છે કે ઇયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે, એમ રામનું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ તો?

સીતાજી રામના ધ્યાનમાં એવાં તન્મય થઈ જાય છે કે હું સીતા છું એનું પણ તેમને સ્મરણ રહેતું નથી. હું જ રામ છું એવી તેમની સ્થિતિ થઈ જાય છે— ब्रह्मविद् ब्रह्मैव भवति । ત્રિજટાએ કહ્યું: માતાજી, તમે રામરૂપ થાઓ તો સારું છે. જીવ અને શિવ એક થાય ત્યારે જીવ કૃતાર્થ થાય છે. સીતાજીએ

---

જે પિંડમાં છે તે જ બ્રહ્માંડમાં છે એમ જાણનાર માણસ ક્યાંય ભય પામતો નથી કે મૂંઝાતો નથી.

કહ્યું: રામજીનું ચિંતન કરતાં કરતાં હું રામજી બની જાઉં તો પછી રામજીની સેવા કોણ કરશે? સીતા થઈ રામજીની સેવા કરવામાં જે આનંદ છે, તે રામરૂપ થવામાં નથી. મને રામ થવામાં આનંદ નથી. મારે તો રામજીની સેવા કરવી છે. સીતાજીને દુઃખ થાય છે કે હું રામરૂપ થઈ જઈશ તો અમારું જોડું ખંડિત થશે. જગતમાં સીતા–રામની જોડી રહેશે નહિ.

ત્યારે ત્રિજટા કહે છે: પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાં કરતાં સીતરૂપ થશે. તમે રામ થઈ જશો તો રામજી તમારું ધ્યાન કરતાં કરતાં સીતા બની જશે. રામ–સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે.

વૈષ્ણવ આચાર્યો પહેલાં દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યાર પછી તેઓ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપીભાવે ભજી શકાય. મારે કૃષ્ણ થવું નથી, મારે તો ગોપી થઈ શ્રીકૃષ્ણની સેવા કરવી છે.

જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે. આ અદ્વૈતમુક્તિ અર્થાત્ કૈવલ્યમુક્તિ છે. ભક્તો ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે. આ છે ભાગવતી મુક્તિ.

વિચારપ્રધાન મનુષ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે. ભાવનાપ્રધાન મનુષ્યો—જેમનું હૃદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો—ભક્તિમાર્ગ પસંદ કરે છે.

*

# દેખાયું

જીવન મધદરિયે ગણતર વિણ ભણતર ફરતું ચાક બને,
હવે કરું શું? હવે થશે શું? જીવન જગનું રાંક બને,
પોકળ પાયા પર પથ્થરના, ચણતર અલ્પવિરામ બને,
ભાવિ ઘડતરના ઘડવૈયા; આજે પૂર્ણવિરામ બને.
આર્ય સભ્યતાનું ભારતમાં અઠવાડિક ઉજવાયું,
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

*

વેચે તે વ્યાપારી ને જે વહેંચી દે તે પિતા છે,
દાન શબ્દનો અર્થ વિભાજન જે કરશે તે દાતા છે,
પોતા પૂરતું રાખીને દે છે દાતાઓ દાન ઘણાં,
કં રહે કે ના રહે પણ કાયમ જે પીરસે છે તે માતા છે,
એ માતાનું ભારત આજે ભાઈ ભાઈથી લૂંટાયું!
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

*

કોઈ કોઈનું સાંભળવાને કોઈ કોઈને કાન નથી,
એ માનવ છે પણ માનવ પ્રત્યે એકબીજાને માન નથી,
એવા પ્રશ્નો પૂછે છે કે જે પ્રશ્નોને સ્થાન નથી,
"અમારાં જ છે છતાં અમારા જેવાં કેમ સંતાન નથી?"
અબોલ બાળકને પરદેશી બાટલીએથી ધવડાવ્યું,
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

શ્રી કનૈયાલાલ દવે

ભગવાન શિવનાં ત્રણ સ્વરૂપો

# ત્રિમૂર્તિ : અર્ધનારીશ્વર : નટરાજ

શ્રી 'અમિતાભ'

એલિફન્ટાના ગુફામંદિરમાં ભારતીય શિલ્પીઓએ ભગવાન શિવનાં વિવિધ સ્વરૂપો અને તેમના જીવનપ્રસંગોને સાકાર બનાવ્યા છે. કલામંડપમાં પ્રવેશ કરતાં જ જે પ્રતિમાની ભવ્યતા અને મહાનતામાં પ્રવાસી પોતાના અસ્તિત્વને ભૂલી જાય છે, તે 'ત્રિમૂર્તિ' છે. સંભવતઃ શિવની આટલી ભવ્ય વિશાળ મૂર્તિ બીજે કોઈ ઠેકાણે નથી. લગભગ સત્તર–અઢાર ફૂટ ઊંચી અને ત્રેવીસ–ચોવીસ ફૂટ લાંબી. તેમાં ફક્ત વક્ષ:સ્થળથી થોડેક નીચે સુધીના ભાગને જ કંડારેલો છે.

ત્રિમૂર્તિમાં એકબીજા સાથે વળગી રહેલી ત્રણ મુખાકૃતિઓ છે. તેને લોકો સર્જનહાર બ્રહ્મા, પાલક વિષ્ણુ અને સંહારક શિવનાં સ્વરૂપો માની લે છે. આ કેવળ ભ્રમ છે. ખરી રીતે તેમ નથી. તે ત્રણેય શિવનાં પ્રતીક સ્વરૂપો છે. પરમેશ્વર પંચમુખી છે. વિષ્ણુધર્મોત્તરમાં તેમનાં આ પાંચ મુખોનાં નામ ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત ગણાવવામાં આવ્યાં છે. તેમનાં આ સ્વરૂપો ઉપરાંત તેમનાં નામનો પણ ઉલ્લેખ છે : સદાશિવ, મહાદેવ, ભૈરવ, ઉમા અને નંદિન. પ્રાચીન શિવમંદિરોમાં દીવાલને અઢેલીને ફક્ત ત્રણ મોંવાળી મૂર્તિઓ જ દોરવામાં આવતી હતી– તત્પુરુષ, અઘોર અને વામદેવની. જગતમાં શિવનાં આ સ્વરૂપોનું ભિન્ન ભિન્ન કાર્ય છે અને તેમની લાક્ષણિકતા અને પ્રતીકાત્મકતા પણ તેમને અનુરૂપ છે.

ત્રિમૂર્તિનું મધ્ય મુખ તત્પુરુષનું છે. તે શિવનું કલ્યાણકારી સ્વરૂપ છે. મોં પર અપૂર્વ સૌમ્યતા અને શાંતિ, બીડેલાં કમલનયન, ઘાટીલા વક્ષ:સ્થળ પર મોતીના હાર, ઉન્નત મસ્તક પર મોતીનો મુગટ. (આ મુગટમાં મોતીની કેટલીક માળાઓ ઝૂલતી હોય છે અને વચ્ચે હીરા ટાંકેલા છે.) શિલ્પીએ કૌશલપૂર્વક જગતનાં સર્વોત્તમ રત્નોને તેમના કુશળ હાથોથી પસંદ કરીકરીને તે મુગટમાં પરોવ્યાં હોય તેમ લાગે છે. અજંટાનાં ભીંતચિત્રોમાં બોધિસત્ત્વ પદ્મપાણિનો મુગટ પણ આવી જ કલાત્મક રીતે વિવિધ રત્નોથી શણગારવામાં આવેલો છે. આ તત્પુરુષ સ્વરૂપમાં મહાદેવના મસ્તકની જટા પણ જાણે મુગટ સાથે એકાકાર થઈ ગઈ છે. તેમાં અશોકવૃક્ષનાં પાન અને સોળે કળાએ ખીલેલા પૂર્ણત્વના પ્રતીક સમો ચંદ્ર પણ શોભે છે. તેમના એક હાથમાં માળા છે અને બીજા હાથમાં બિજોરા ફળ. આ પ્રતિમામાં માળા સાથેનો હાથ ખંડિત છે. માળા વિશ્વનાં સમગ્ર તત્ત્વોને ફરીથી સંગઠિત કરવાનું પ્રતીક છે અને બિજોરાનું ફળ સૃષ્ટિના ઉત્પાદક અણુઓના બીજથી પરિપૂર્ણ છે ? ચિતોડના કિલ્લાની મૂર્તિમાં આ બન્ને હાથ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

ત્રિમૂર્તિમાં એક મુખ અઘોરનું છે. તે તેમના રુદ્ર નામને સાર્થક કરે છે. મોં પર કઠોરતાના ભાવો, ખેંચાયેલી મૂછો, એક હાથમાં સાપ અને બીજામાં ખપ્પર. એલિફન્ટાની ત્રિમૂર્તિમાં અઘોરનો આ હાથ તૂટી ગયેલો છે. તેમના મુગટમાં પણ સાપના કંઠની માળા. ફેણ ઊંચી કરીને નાગ ફૂંફાડા મારતો હોય એમ જણાય છે. સર્વનાશનાં બધાં જ ભયાનક પ્રતીકો એક જ સ્થળે ભેગાં થયાં હોય એમ લાગે છે.

ત્રીજું મુખ વામદેવ. તે અત્યંત સુંદર અને નયનમનોહર છે. તે તત્પુરુષ અને અઘોર મુખથી આકારમાં પણ નાનું છે. આ મુખ સ્પષ્ટપણે સ્ત્રીની આકૃતિ હોય એમ જણાય છે. આ શિવનું શક્તિસ્વરૂપ છે. આ સ્વરૂપને તેનાથી અળગું પાડી શકાય તેમ નથી. બ્રહ્મ અને માયાનું સંમિશ્રિત સ્વરૂપ એટલે જ ઉમાનું શરીર. ઉમાના આ દિવ્ય મોં પર ગૂંચળાંવાળી અલકલટો અને મકરાકૃતિ કુંડળ છે. તેના માથાના મુગટમાં મોતીની સેરો લટકી રહેલી દેખાય છે. વચ્ચે કમળનું ખીલેલું ફૂલ શોભી રહે છે. ઉમાના હાથમાં પણ ડાંડલા સાથેનું કમળ છે.

ઉમાના આ સ્વરૂપ ઉપરાંત ભારતીય શિલ્પમાં એવી પ્રતિમાઓ પણ પ્રાપ્ય છે કે જેમાં એક જ મૂર્તિના બન્ને ભાગ શિવ અને પાર્વતીના સ્વરૂપના હોય છે. આ સ્વરૂપોને 'અર્ધનારીશ્વર' કહેવામાં આવે છે. કવિકુલગુરુ કાલિદાસે 'રઘુવંશ'ની શરૂઆતમાં લખ્યું છે :

---

જીવનમાં સત્ય, નીતિ કે પ્રમાણિકતાનું આચરણ ન હોય ત્યાં સુધી જ્ઞાનયોગ, ભક્તિયોગ કે કર્મયોગ–એકે સાચા સ્વરૂપમાં પ્રકટ થઈ શકતો નથી.

"વાણી અને અર્થ જે રીતે અલગ હોવા છતાં પણ વાસ્તવિક રીતે એક હોય છે, તેવી જ રીતે પરમેશ્વર અને પાર્વતી પણ એક જ છે."

મહાકવિ બાણભટ્ટના પુત્ર પુલિન ભટ્ટે પણ 'કાદંબરી'ના ઉત્તરાર્ધમાં ભગવાન શિવના આ જ સ્વરૂપનું સ્તવન કર્યું છે.

અર્ધનારીશ્વરના શરીરનો અડધો ભાગ પુરુષનો ને ડાબી બાજુના અવયવો અને અલંકારશોભનો સ્ત્રીનાં હોય છે. જીવનને પૂર્ણત્વ અર્પણ કરતાં એકબીજાનાં પૂરક બે વિધાયક તત્ત્વોનું આ પ્રતિમામાં અપૂર્વ મિશ્રણ થયેલું છે. પુરુષનું ઓજસ અને સ્ત્રીનું સાહજિક સુકુમાર સ્વરૂપ–ઉભયની આંતરવૃત્તિઓ.

સુપ્રસિદ્ધ કલાવિવેચક શ્રદ્ધેય ડૉ. વાસુદેવશરણજી અગ્રવાલે આ સંબંધે લખ્યું છે કે અર્ધનારીશ્વરની આ કલ્પનાને કુશાનકાળમાં મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું હતું. પરંતુ તેને કલાના પૂર્ણ શિખર સુધી પહોંચાડવાનું શ્રેય ગુપ્ત સમયના શિલ્પીઓને ફાળે જાય છે. દાર્શનિક પક્ષનું પ્રતિનિધિત્વ મૂળમાં રહેલી બે વિપરીત શક્તિઓ–પુરુષ અને સ્ત્રી–દ્વારા જ કરવામાં આવેલું છે. તે બંનેનો એકબીજામાં સમાવેશ કરી શકાય તે ઉદ્દેશથી તેમને નજદીક લાવવામાં આવ્યાં છે. તેમ હોવા છતાં પણ તેમને એક મધ્યવર્તી રેખાથી અલગ રાખવામાં આવ્યાં છે. એલિફન્ટામાં ત્રિમૂર્તિની પાસે અર્ધનારીશ્વરની પ્રતિમા છે. તેમાં પુરુષ અને સ્ત્રી-અવયવોનું આ અંતર સ્પષ્ટ છે. તેનાં આભૂષણો, કેશકલાપ કુંડળ વગેરે પણ આ પ્રકારનાં છે. જે બાજુએ પાર્વતીનું મોં છે ત્યાં ઊભેલી દાસીઓ ચામર ઢોળે છે. શિવની પાસે તેમનું વાહન નંદી બેઠો છે. આ સિવાય અર્ધનારીશ્વરની બીજી મૂર્તિઓ પણ મળી આવે છે, જેમનો જમણી બાજુનો પુરુષભાગ મસ્તક પર શિવની જટા અને નવોદિત ચંદ્રથી અને ડાબો ભાગ દેવી ઉમાના કેશકલાપમાં મોતીની માળાઓ અને અર્ધવિકસિત કમલકલિકાથી શોભી ઊઠે છે.

ભગવાન શિવનાં અનેક સ્વરૂપો છે. અનુગ્રહમૂર્તિઓમાં તે દાનેશ્વરી આશુતોષ બનીને ભક્તોની મનઃકામના પૂરી કરતા અને અભયદાન દેતા નજરે પડે છે. દક્ષિણામૂર્તિઓમાં તે જ્ઞાન, સંગીત ઇત્યાદિના આચાર્ય છે. શિવની જે શાસ્ત્રના સ્વામી તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવે છે તેનું પ્રતીક પણ તેની સાથે હોય છે. વીણાધારી દક્ષિણામૂર્તિમાં શિવની સંગીતના પ્રવર્તકના સ્વરૂપમાં કલ્પના કરવામાં આવી છે. તે વીણા સાથે ઊભા હોય છે. તેમને ત્રણ આંખો અને ચાર હાથ છે. મસ્તક પર જટાઓનો મુગટ શોભે છે.

સંહારમૂર્તિઓમાં તેમનું પ્રલયકારી સ્વરૂપ હોય છે. તે માનસચક્ષુઓ સમક્ષ એક વાતાવરણનું પણ સર્જન કરી શકે છે. અંતઃસ્તલને ડોલાવે તેવો રોમ–રોમમાં ધ્રુજારી ઉત્પન્ન કરે તેવો ડમરુનો અવાજ; ક્રોધાયમાન નાગણની જીભ જેવી ત્રીજા નેત્રની અગ્નિજ્વાળા, બ્રહ્માંડના કણેકણનો સ્પર્શ કરીને તેની કાલિમાને ભસ્મીભૂત કરીને સુવર્ણ જેવું બનાવતી, તેમના સંહારક સ્વરૂપમાં પણ નવજીવન અને નવસર્જનની મનઃકામનાવાળી મંગલમૂર્તિ.

તેમનું એક સ્વરૂપ 'નટરાજ'નું પણ છે નૃત્યનો સમ્રાટ. દક્ષિણ બાજુનાં કેટલાંય મંદિરોમાં શિવના આ સ્વરૂપની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. આ એક સત્ય હકીકત છે કે ધર્મપ્રેરિત કલાની મૂળ ભાવના પ્રત્યેક ભારતવાસીના હૃદયમાં એકસરખું સ્થાન મેળવે છે. તેના આત્માની નીરસતામાં રસાત્મક અનુભવનું સર્જન થતું હોય છે તેમ હોવા છતાં પણ દરેક પ્રાંતમાં દેવના એકાદ વિશિષ્ટ સ્વરૂપને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. બંગાળમાં શિવની સંહારમૂર્તિની આરાધના કરવામાં આવે છે. આ પૂજામાં તેઓ તેમની જાતને ભૂલી જઈને દેવી સાથે નૃત્ય કરે છે. ઉત્તરપ્રદેશના આરાધ્ય યોગી શંકર છે. તે હિમાલયના ઉત્તુંગ શિખર પર ધ્યાનસ્થ બેઠા છે: "વીરાસન વાળીને, કમળ જેવી હથેળીઓને ખોળામાં મૂકીને, નાસિકાના અગ્રભાગ પર નિશ્ચળ નજર રાખીને, પ્રાણવાયુને રોકીને–જાણે ન વરસનારો વરસાદ હોય, તરંગ વિનાનું શાંત સરોવર હોય

---

**પુષ્પમાં જેમ સુવાસ, સૌન્દર્ય અને પાંખડીઓ જુદાં જુદાં રહી શકતાં નથી, તેમ જીવનમાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ એકબીજાથી જુદા જુદા રહી શકતા નથી.**

અથવા ધીમા પવનમાં સ્થિર દીપક હોય."[૧] આ દક્ષિણ ભારતના ઉપાસ્ય દેવ નટરાજ છે.

શિવનાં સ્વરૂપ બધે જ હોય છે. તેમની શક્તિ આ સૃષ્ટિના કણેકણમાં ફેલાયેલી છે. નટરાજનું આ મંગલકારી નૃત્ય અનાદિ કાળની ચાલ્યું આવે છે. આ પ્રતિમામાં તે 'નાદાંત' નૃત્ય કરે છે. 'નાદ'ની ઉત્પત્તિ તેમના ડમરુના અવાજમાંથી થાય છે. તેમણે આ નૃત્ય બ્રહ્માંડના કેંદ્રસ્થાન ચિદંબરમના સુવર્ણ-મંડિત સભાગૃહમાં પણ કર્યું હતું.

આ પ્રતિમામાં ચાર હાથ છે. તેમાંથી એકમાં અગ્નિ છે, બીજામાં ડમરુ, ત્રીજો અભય મુદ્રામાં ઊંચો કરેલો છે અને ચોથો તેમના પગની નીચે આળોટતા મુદ્દાલક રાક્ષસ તરફ તાકેલો છે. તેમનો એક પગ ઊંચો કરેલો છે તે રાક્ષસને ચારે બાજુએથી ઘેરી લે છે. રાક્ષસ તેમનો ચરણસ્પર્શ કરતો દેખાય છે.

નટરાજના ગૂંચળાંવાળા વાળ હવામાં લહેરાય છે. તેમની જટામાં કૂંડાળું વળીને સાપ બિરાજેલો છે અને મસ્તક અને કપાળ પર ગંગાજીની મુખાકૃતિ છે. તેમણે જમણા કાનમાં પુરુષનાં કુંડલ ધારણ કરેલાં છે અને ડાબા કાનમાં સ્ત્રીનાં કુંડળ ધારણ કરેલાં છે. આ પેલા અર્ધનારીશ્વર સ્વરૂપનું પ્રતીક છે, જેની વિગતોથી આપણે અત્યાર અગાઉ માહિતગાર છીએ.

જે મહાન આત્માઓએ મૃતપ્રાય સ્થિતિમાં પડેલી ભારતીય કલાનો પુનરુદ્ધાર કર્યો છે, તેના સુપુપ્ત યજ્ઞકુંડમાં સમિધ હોમ્યાં છે, તેમાં સ્વ. કલાગુરુ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અને શ્રી. ઈ. વી. હેવલની સાથે જ સ્વ. શ્રી આનંદ કે. કુમારસ્વામીનું નામ પણ અમર રહેશે. તેમનો સમગ્ર જીવનકાળ આ પ્રાચીન દેશની ભવ્ય સંસ્કૃતિની શોધમાં જ પસાર થયો. તેમણે નટરાજની પ્રતિમાની પ્રતીકાત્મકતા પર પણ કેટલાક સ્વતંત્ર લેખો લખ્યા છે. શ્રી. ટી. એ. ગોપીનાથ રાવે પણ તેમના 'એલિમેંટ ઑવ ઇંડિયન ઍક્નોગ્રાફી' નામના ગ્રંથમાં તેનો ઉલ્લેખ કરેલો છે અને નટરાજની અનેક મૂર્તિઓનાં ઉદાહરણો પણ આપ્યાં છે. આ મૂર્તિઓમાં થોડોઘણો તફાવત પણ નજરે પડે છે. પરંતુ ખરી રીતે તે એક જ વિચારધારા અને મૂળ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. કલાવિવેચક શ્રી. અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ પણ તેમના 'સાઉથ ઇંડિયન બ્રોંઝ' નામના ગ્રંથમાં તેનું વિવરણ કર્યું છે.

નટરાજનું આ નૃત્ય તેમની પાંચ ક્રિયાઓનું દ્યોતક છે–સૃષ્ટિ, પાલન, સંહાર, તિરોભાવ અને અનુગ્રહ. અલગ રીતે આ કાર્ય પાંચ દેવો–બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, મહેશ્વર અને સદાશિવ–નું છે. ડમરુના નાદથી સૃષ્ટિસર્જનનો પ્રારંભ થાય છે. અભયમુદ્રામાં ઊંચો કરેલો હાથ પૃથ્વીના જડ અને ચેતનનું રક્ષણ કરે છે. અગ્નિ સંહારનું ચિહ્ન છે, જેનાથી આ જગત પોતાનું રૂપ ફેરવી શકે છે. ઊંચો કરેલો પગ જે લોકો માયાથી મુક્ત છે તેમને અનિર્વચનીય આનંદ આપે છે. પગની નીચે દબાયેલો રાક્ષસ અજ્ઞાન–અંધકાર સ્વરૂપ છે. શિવ પૃથ્વી, આકાશ, વાયુ અને અંતરિક્ષમાં હંમેશાં નૃત્ય કરતા હોય છે, પરંતુ તેમને જેમની દૃષ્ટિસમક્ષથી માયાનું આવરણ દૂર થઈ ગયું છે, તેઓ જ જોઈ શકે છે.

નટરાજનું આ પ્રતીકાત્મક સ્વરૂપ જગન્નિયંતાની સૃષ્ટિ–સંચાલનની ક્રિયાનું પ્રતિબિંબ છે. તેમાં સધાયેલા કલા અને તત્ત્વજ્ઞાનના સમન્વય માટે કોઈ પણ રાષ્ટ્ર ગર્વ લઈ શકે તેમ છે.

૧. મહાકવિ કાલિદાસ રચિત 'કુમારસંભવ': તૃતીય સર્ગ–૪૭–૪૯

*

## નિરાશા

"તમારી નજીકના જ કોઈ માનવીને આજે સખત નિરાશા વ્યાપી જશે એમ તમારી કુંડળીના યોગ બતાવે છે." જ્યોતિષીએ ભવિષ્ય જોતાં પોતાના ગ્રાહકને કહ્યું.

"સાચી વાત છે; આજે હું પાકીટ ઘેર ભૂલી આવ્યો છું."

*

# શ્રેષ્ઠ કોણ ?

શ્રી 'મનોરમ'

વર્ણોમાં કયો વર્ણ શ્રેષ્ઠ?

સામાન્ય માન્યતા તો એવી છે કે સહુથી શ્રેષ્ઠ બ્રાહ્મણ, એથી નીચે આવે ક્ષત્રિય, ત્રીજો ક્રમ વૈશ્યનો અને સહુથી નીચો ક્રમ શૂદ્રનો!

ગીતામાં કહ્યું છે તેમ ગુણ અને કર્મથી ચતુર્વર્ણ વિભાગો ઈશ્વરે જ પાડ્યા. ગુણ અને કર્મથી વિભાગ સચવાતા હોય તો તેમની વિરુદ્ધ કોઈ કંઈ કહે નહિ. પરંતુ ગુણ-કર્મથી વર્ણ પામેલાં માતાપિતાને ઘેર જન્મ લેનાર બાળકોને પણ તેમનાં ગુણ-કર્મની પરીક્ષા કર્યા સિવાય વર્ણની છાપ સમાજે ચોટાડવા માંડી અને ધીમે ધીમે જન્મ એ જ વર્ણની છાપ બની ગયો. બ્રાહ્મણ છાપ પામેલાં માતાપિતાને ઘેર જે બાળક જન્મ લે એ જન્મથી જ બ્રાહ્મણ ગણાય અને લગભગ જીવે ત્યાં સુધી બ્રાહ્મણપણાને પકડી રાખે, ગુણ-કર્મ ભલે બ્રાહ્મણનાં ન હોય તોપણ! શૂદ્ર માતાપિતાને ઘેર જન્મેલું બાળક જીવનભર શૂદ્ર રહે—પછી ભલે તેનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યનો ગુણ હોય!

ગામોના નિવાસ સ્વાભાવિક રીતે જ કોઈ જળાશય ઉપર રચવામાં આવે, અને એ જળાશય સતત વહેતી નદી હોય તો વળી એ નિવાસસ્થાન વધારેમાં વધારે અનુકૂળ. સત્યુગ હોય કે કલિયુગ હોય તોપણ ગ્રામરચના આ ધોરણે જ થવાની. નર્મદાનો સુંદર કિનારો અને તેના ઉપર એક સુંદર ગામ વસ્યું હતું. ચારે વર્ણના લોક એમાં વસતા હતા અને વર્ણવ્યવસ્થા રૂઢીભૂત થયેલી હોવાથી બ્રાહ્મણો બ્રહ્મપુરીની આસપાસ રહેતા હતા, ક્ષત્રિયો વાંટાને નામે ઓળખાતા વિભાગમાં રહેતા હતા, વૈશ્યો અવરજવરનો માર્ગ-વસ્તુઓની ખપતનો માર્ગ-જોઈ વિચારીને પોતાનું નિવાસસ્થાન બાંધતા, અને શૂદ્રોને તો ગામનો છેવાડાનો જ ભાગ મળે ને? ઊંચ વર્ણ પોતાની પસંદગી કરી લે ત્યાર પછી શૂદ્રોએ પોતાનાં ઝૂંપડાં બાકી રહેલી જમીનમાં ઊભાં કરવાનાં અને સગવડ-અગવડ વેઠી ગામને છેવાડે રહેવાનું. એટલે શૂદ્રો તો ખાડાટેકરાવાળો ભાગ રહ્યો હતો તેના ઉપર વસી ગયા.

વર્ણ ભલે હોય! વર્ણની જુદાઈ ભલે હોય! પરંતુ પરસ્પરનું અવલંબન એ સાચામાં સાચી વસ્તુ બની રહેતું. બ્રાહ્મણને શૂદ્રોનો પણ ખપ અને વૈશ્યને ક્ષત્રિયનો પણ ખપ. સંસ્કારકક્ષા સગવડ પ્રમાણે ભલે જુદી જુદી હોય, પરંતુ માણસાઈ અંગે અમુક અમુક ગુણલક્ષણ તો ચારે વર્ણમાં ઉદ્ભવ્યા સિવાય રહે જ નહિ. ગામનો શૂદ્રનિવાસ પણ પ્રમાણમાં ચોખ્ખો હતો. શૂદ્રોને વેદ ભણવાનો ભલે અધિકાર ન હોય છતાં શૂદ્રોને પણ પ્રભુ કોઈ ને કોઈ સ્વરૂપે આછાપાતળા દેખાયા વગર ન જ રહે-પછી તે પીપળાના વૃક્ષનું સ્વરૂપ હોય, તુલસીનો પૂજનીય ક્યારો હોય કે પછી પથ્થરના પાળિયાનું સ્વરૂપ હોય. વેદની ઋચાઓ ભણનાર બ્રાહ્મણને વેદોચ્ચારથી જેટલો સંતોષ થાય એટલો જ આધ્યાત્મિક સંતોષ શૂદ્રોને પોતાના એકતારા સાથેના ભજનકીર્તનમાં પણ થયા જ કરે.

એ શૂદ્રનિવાસમાં તુલાધાર નામનો એક શૂદ્ર રહેતો હતો. બે ટંક શૂદ્રને ઘટતું સૂકું-લુખ્ખું ખાવાનું મળે એટલી અંગમહેનત કરી એ પોતાનો વખત પ્રભુભક્તિમાં ગાળતો હતો. શાસ્ત્ર ભણ્યા વગર પણ તે પ્રભુ અણુઅણુમાં વસી રહ્યા છે એવો ભાવ અનુભવતો. પ્રભુને ધરાવ્યા સિવાય તે જમતો નહિ. ત્રણે ઉચ્ચ વર્ણની સ્થિતિ આર્થિક રીતે સારી એટલે તેમાંથી કોઈને સ્વાભાવિક રીતે જ ચોરી કરવાનું મન ન રહે. શૂદ્રોને તો બધી જ વસ્તુઓની ખોટ અને સમાજ જેને ગુનો કહે એવી ઢબ સિવાય જોઈતી વસ્તુ મેળવવાનો બીજો માર્ગ જ નહિ, એટલે કદી કદી તેમનું વલણ એ તરફ વળે અને ઊંચી ત્રણે વર્ણ તેમના તરફ તિરસ્કારભર્યું વલણ દાખવે જ. પરંતુ ભક્ત તુલાધારને પોતાનો શ્રમ જે આપે તે સિવાય બીજું કાંઈ પણ મેળવવાની ઇચ્છા રહી ન હતી. એટલે તેની પ્રતિષ્ઠા શૂદ્રોમાં જ નહિ પરંતુ

---

**જે માણસમાં જ્ઞાન, ભક્તિ અને કર્મ-ત્રણે યોગ્ય પ્રમાણમાં હોય તેનામાં જ સાચો જ્ઞાનયોગ, સાચો ભક્તિયોગ અને સાચો કર્મયોગ રહેલો છે.**

ચારેય વર્ણમાં ઠીક ઠીક જામી હતી. તેમાંયે વિદ્વત્તાની વાચાળતા અને જ્ઞાનના ઘમંડ વગરની તેની ભક્તિ તુલાધારને લોકપ્રિય બનાવી શકી હતી. ભક્ત તરીકે તે ચારેય વર્ણમાં જાણીતો થયો હતો—જોકે પંડિત, શાસ્ત્રી કે વેદપાઠીને જે માન મળે તે ભક્તને ન જ મળે! ઘોડે ચડેલા ગરાસિયાને સલામો થઈ શકે, પરંતુ ભક્ત ભાગ્યે જ સલામપાત્ર ગણાય. ધનિકોનાં વસ્ત્રઘરેણાં આંખનું જેટલું આકર્ષણ કરે એટલું આકર્ષણ ભક્તની તુલસીમાળામાં ન જ હોય! ઠીક! ભક્ત એટલે? નમસ્કાર કે સલામને પાત્ર વ્યક્તિ નહિ. પરંતુ 'કેમ ભગત?' કહીને કદી કદી દૂરથી અર્ધકટાક્ષયુક્ત સંબોધનને લાયક એક માનવ પ્રાણી!

ભક્ત તુલાધારને કોઈ ભક્ત કહે ન કહે તેની પરવા હતી નહિ. પ્રભાતમાં તે સહુથી વહેલો ઊઠી નદીકિનારે જઈ સ્નાન કરે અને પોતાના ઘરમાં સ્થાપેલા ભગવાનની પૂજા કરી પોતાને કામે વળગે. તેની પત્ની પણ તેને અનુકૂળ હતી. ગરીબીનો તુલાધારને ગભરાટ ન હતો. દેહ ઢાંકવા માટે ફાટ્યાંતૂટ્યાં એકાદ બે વસ્ત્ર તેમને બસ થઈ પડતાં. નહાતી વખતે હાથે જ કપડાં ધોઈ તેઓ સ્વચ્છ બની પ્રભુ પાસે આવતા. ગામમાં કોઈ જાહેર કથાવાર્તા હોય તો તેઓ ઉચ્ચ વર્ણને સ્પર્શ ન થાય એમ દૂર બેસીને કે ઊભા રહીને કથાનું હાર્દ સમજતા, અને રાત્રે પોતાની વાણીમાં પોતાના ભાવને ઉતારતાં ગીતો સ્વાભાવિક રીતે રચી ભક્તિમાં લીન રહેતા.

ઈશ્વર વિદ્વત્તાની વસ્તુ નથી, વાચાળતાની વસ્તુ નથી, વાદવિતંડાની વસ્તુ નથી, પરંતુ સાચી દૃષ્ટિ અને સાચા હૃદયની વસ્તુ છે. તુલાધારનાં ભજનોમાં શબ્દો સાદા આવતા હતા, પરંતુ એની ચોટ એવી જબરજસ્ત હતી કે ભલભલા વિદ્વાન બ્રાહ્મણોને પણ તુલાધારનાં ભજનો આકર્ષતાં હતાં. તેમનાં ભજનો ચારેય વર્ણમાં વ્યાપક બનવા લાગ્યાં. પાંડિત્યને અને ભક્તિને ભાગ્યે જ બને છે. સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવેલા બેપાંચ મહાપંડિતોને શૂદ્રનાં ભજનો બ્રાહ્મણવાડામાં ગવાય તે રુચ્યું નહિ, એટલે તેમણે આજ્ઞા કરી કે તુલાધારનાં પ્રાકૃત, અશુદ્ધ ભજનોને બદલે ઋષિમુનિરચિત સંસ્કૃત સ્તોત્રો જ બ્રાહ્મણોએ ગાવાં!

કોઈ ભાવિક બ્રાહ્મણે કે બ્રાહ્મણની સ્ત્રીએ આ આજ્ઞાનો સહજ વિરોધ કર્યો અને કહ્યું કે આવા પ્રભુપ્રેમી ભક્તનાં ભજનો ગાવામાં બ્રાહ્મણત્વ ખામીભર્યું બનતું નથી.

'અંતે તુલાધારની જાત તો શૂદ્ર જ ને?' મહાપંડિતે કહ્યું.

'પરંતુ કેટલું સ્વચ્છ હૃદય છે! બ્રાહ્મણની માફક કદી એ દાન સ્વીકારતો નથી.' બ્રાહ્મણસ્ત્રીએ ભક્તની તરફેણમાં આટલું કહ્યું. મહાપંડિતને તે રુચ્યું નહિ. તેમણે જવાબ આપ્યો:

'દાન પણ અધિકારી જ લઈ શકે છે. આ તો જાતિએ શૂદ્ર રહ્યો. બે ટુકડા મીઠાઈના ફેંકીએ તો તે પણ ઉપાડી લેશે જરૂર.'

'તુલાધાર ભક્ત એવા નથી લાગતા.' બ્રાહ્મણસ્ત્રીએ જરા જક પકડી.

'જાત ઉપર ભાત કેમ પડે તેનો પરચો હું તને કાલે જ કરાવું. પછી તો માનીશ ને? બે ભજનો ગાયાં એમાં શું? અંતે શૂદ્ર તે શૂદ્ર જ.' મહાપંડિતે પોતાના બ્રાહ્મણત્વને આગળ કર્યું અને શૂદ્રભક્ત ઉપર બ્રાહ્મણની શ્રેષ્ઠતા સાબિત કરવાનો અખતરો રાતમાં વિચારી રાખ્યો.

પ્રભાત થયું ન હતું. આકાશમાં તારા ટમટમતા હતા. પાછલી રાત્રિ ઉતાવળાં પગલાં માંડી રહી હતી. ચારેય વર્ણમાંથી કોઈ પણ વર્ણનું માનવી નદીકિનારે સ્નાન માટે હજી આવ્યું ન હતું. ત્યાં તો ભક્ત તુલાધાર ધીમું ધીમું પ્રભુનું ગીત ગાતા નદીકિનારે આવી પહોંચ્યા. શીતળ જળમાં તેમણે સ્નાન કર્યું, બ્રાહ્મણ સરખું પ્રભુનું ધ્યાન ધર્યું અને ભળભાંખળું થતાં તેઓ પાછા ઘર તરફ—એટલે કે પોતાની ઝૂંપડી તરફ ચાલતા થયા. માર્ગના એકાન્તમાં એક ખુલ્લું શંકરનું મંદિર હતું. તે ખુલ્લું હોવાથી શૂદ્રોને પણ તેમનાં દર્શન કરવામાં હરકત આવતી નહિ. તુલાધારનો એનાં દર્શન કરવાનો નિત્યક્રમ હતો. મંદિરમાં તેમણે આજે એક અવનવું દૃશ્ય જોયું. સુંદર ચાંદીના થાળમાં પાંચ પકવાન તેમને સ્પષ્ટ દેખાય એમ મૂકવામાં આવેલાં હતાં!

---

જે માણસમાં કેવળ ક્રિયા કે પ્રવૃત્તિ જ મુખ્યત્વે હોય તે માણસ સાચો કર્મયોગી નથી.

શૂદ્રોની કલ્પનાસૃષ્ટિમાં પણ ન આવે એવાં સ્વાદિષ્ટ એ પકવાન હતાં. એ પકવાનનું દર્શન, અને એ પકવાનની સુવાસ, ભલભલા યોગીની સ્વાદેન્દ્રિયને જાગૃત કરે એવાં હતાં. તુલાધારે આસપાસ નજર ફેરવી. હજી કો પશુ, પક્ષી કે માનવી આસપાસ જાગૃત હોય એમ તેમને લાગ્યું નહિ. ભગવાનને ધરાવવાનો આ થાળ હોય તો તેમનાથી આટલો દૂર એ કેમ મુકાયો હશે એની તુલાધારને સમજ પડી નહિ. ભગવાનની સમક્ષ તુલાધાર પોતે થઈને એ થાળ મૂકવા જાય, અને કોઈ ઉચ્ચ વર્ણના ભક્તની એ સામગ્રી હોય તો તે અભડાઈ જાય એમ વિચારી તેમણે થાળનો સ્પર્શ કરવાનો પણ વિચાર માંડી વાળ્યો. અને થાળ એમનો એમ રહેવા દઈ મીઠો મીઠો પ્રભાત રાગ ગાતા ભક્ત તુલાધાર પોતાની ઝૂંપડીએ ગયા અને ત્યાં ભગવત્સ્મરણ આરંભ્યું.

થોડો સમય વીત્યો. વર્ણશ્રેષ્ઠ બ્રાહ્મણોમાંથી કોઈ કોઈ વિદ્વાને ઊઠીને પ્રાતઃસ્નાન માટે નદી ઉપર જવા માંડયું. સ્નાન કરીને પાછા આવતાં સહુને માટે ખુલ્લા મંદિરવાળો માર્ગ નક્કી થઈ ચૂક્યો હતો. તુલાધાર પછી પ્રથમ સ્નાન માટે ગયેલા બ્રાહ્મણ એક સમર્થ શાસ્ત્રી હતા. અને તેમણે અનેક મુશ્કેલ પ્રસંગો શાસ્ત્રને આધારે ટાળ્યા હતા. સ્નાન કરી પાછા આવતાં પ્રખર શાસ્ત્રીની નજરે પકવાનનો થાળ પડ્યો, અને જોકે તેઓ મહાપવિત્ર ગણાતા હતા, છતાં તેમની સ્વાદેન્દ્રિય જાગૃત થઈ. થાળ કોણે મૂક્યો હશે? શા માટે મૂક્યો હશે? પ્રસાદ હોય તો તે લીધા સિવાય જવાય કેમ? વગેરે કેટલાયે વિચાર તેમના મનમાં ઝડપથી આવી ગયા, અને અંતે પ્રભુના પ્રસાદને ન્યાય આપ્યા વગર ત્યાંથી ખસવું એ પાપ છે એવો શાસ્ત્રાધાર વારંવાર તેમની નજર સમક્ષ ખડો થયો. તેમણે આસપાસ નજર કરી. કોઈ હતું નહિ. મિષ્ટાન્નપ્રિય બ્રાહ્મણે સહજ સંકોચપૂર્વક મિષ્ટાન્નનો એક કકડો લીધો, બે લીધા, ત્રણ લીધા અને તે ચાખી જોયા. મિષ્ટાન્ન કે પ્રસાદનો કેટલોક ભાગ ઘેર પણ લઈ જવાને પાત્ર હતો એનો તેમને સ્વાનુભવ થયો અને પાસેના વૃક્ષમાંથી પાંદડાં તોડી, તેમને યોગ્ય લાગ્યો એટલો પ્રસાદ થાળનાં રહેવા દઈ, બીજો પોતાની પત્રાવલીમાં લઈ શાસ્ત્રીજી પોતાની પર્ણકુટિમાં પહોંચી ગયા.

મહાપંડિત અને તેમનાં પત્ની એક અનુકૂળ સ્થળે સંતાઈને આ બન્ને દૃશ્ય જોઈ શક્યાં. ચાંદીના આખા થાળ સાથે જ શાસ્ત્રીજી પ્રસાદને કેમ ઉપાડી ન ગયા એનો વિચાર કરતાં બન્ને પતિપત્ની પોતાને ઘેર આવ્યાં. શૂદ્રભક્ત એ બંનેની કસોટીમાં પાંડિત્ય અને શાસ્ત્રજ્ઞાનથી પણ પર થઈ ચૂકેલો પ્રભુનો ભક્ત હતો એમ સમજાયું. અને એ મહાપંડિતે પણ હવે સંસ્કૃત સ્તોત્રોને સ્થાને તુલાધારનાં પ્રાકૃત પદ ગાવા માંડ્યાં!

ગામના ક્ષત્રિય ઠાકોર બહુ વટવાળા હતા. સરસ ઘોડા ઉપર સવારી કરે, જામાસાફા પહેરે, મુકુટ ધારણ કરે, હાથમાં સુવર્ણકડાં અને કાને હીરાની મરચીઓ પહેરે અને સુંદર કારીગરી ભરેલી મૂઠવાળાં તલવાર-જમૈયા કમરે ખોસે. તેમની ગઢી પાસે થઈને તુલાધાર ફાટેલાં વસ્ત્રો સહ એકતારા સાથે કંઈક ભજન ગાતા પસાર થતા હતા. ઠકરાણી ગઢીને ઓટલે સૂર્યપૂજન કરતાં હતાં તે તુલાધારને જોઈ નીચે આવ્યાં અને ભક્તને નમસ્કાર કર્યા.

'ઠકરાત અમર રહો, તમારી, બહેન!' એટલું નમસ્કારના જવાબમાં કહી તુલાધાર ત્યાંથી ચાલ્યા ગયા. રણશૂરા ઠાકોરે આ જોયું અને સાંભળ્યું. ઠકરાણી ઘરમાં આવ્યાં એટલે ઠાકોરે તેમને પૂછ્યું:

'પેલા ભગતને કંઈ આપ્યું નહિ કે શું?'

'ના. ભગત કોઈનું દાન લેતા નથી.' ઠકરાણીએ કહ્યું.

'આપણે ક્યાં કંઈ દાન તરીકે આપવું હતું? મારું એકાદ સારું પહેરણ કે જામો એને આપ્યો હોત તો આખું વર્ષ ચાલત. જો ને, એણે પહેરેલું વસ્ત્ર પાંચ જગ્યાએથી તો સાંધેલું હતું!'

'એ ભગત જાતમહેનત સિવાય બીજા કોઈનું કાંઈ લેતાં નથી.' ઠકરાણીએ કહ્યું. રજપૂત ઠાકોરનો સીનો ફરી ગયો. ક્ષત્રિય દાન કરે કે બક્ષિસ આપે તેની ના પાડનારો દુનિયામાં કોઈ જન્મ્યો જ નથી, એવો ભાવ તેની મુદ્રામાં દેખાઈ આવ્યો.

'ઠકરાણી! મારી ભેટ મારા કહ્યા સિવાય તમારો ભગત લઈ લે તો તમે શું કરો?' ઠાકોર બોલ્યા.

જે માણસ કેવળ ભક્તિપ્રધાન હોય, તેનામાં સાચી ભક્તિ હોતી નથી.

'તો હું ભગતને પગે લાગવવાનું જિંદગીભર છોડી દઈશ.' ગરાસણી બોલી.

અને ત્રીજે દિવસે એક ચમત્કાર બન્યો.

એ જ છત્રરહિત દેવાલય પાસે એક નાનકડા વૃક્ષ ઉપર રત્નજડિત મૂઠવાળી તલવાર, સોનેરી જામો, કસબી સાફો, અને રત્નજડિત મુકુટ, હીરાનો હાર અને કિનખાબી મોજડી ભરાવેલાં હતાં. અને આખું ગામ સૂતું હતું ત્યારે સ્નાન કરવા આવેલા તુલાધાર ભક્તે સ્નાન કરી પાછા ફરતાં આ રજવાડી કીમતી વસ્તુઓ અને આભૂષણો નિહાળ્યાં. નજર તો તેમની પડી. થોડા દિવસ પહેલાં અચાનક પકવાનના ચાંદીના થાળ પડ્યા હતા. આજ કોઈ રજવાડી ઠાઠનો પોશાક પણ એ જ સ્થળે મુકાયો હતો. તુલાધારના દેહ ઉપર નાનકડા ફાટેલા વસ્ત્ર સિવાય બીજું કાંઈ ન હતું. ચારે પાસ કોઈ હતું જ નહિ. આટલી વસ્તુઓ ઉપાડી અને તુલાધાર ગામમાંથી ભાગી જાય તોપણ બીજે ગામ સહકુટુંબ જીવન પર્યંત સુખથી રહે એટલી આ પોશાકની કીમત હતી. પરંતુ તુલાધારની દૃષ્ટિએ આ ચમત્કારે જુદું જ સ્વરૂપ ધારણ કર્યું.

'કોઈ રાજવી આ પવિત્ર નર્મદામાં સ્નાન કરવા ગુપ્ત રીતે આવ્યો હોય. એનો પોશાક પ્રભુ સાચવી રાખો અને સ્નાનપુણ્યભર્યા એના દેહ ઉપર વિરાજી પોશાક પણ પવિત્ર બનો!'

આવો વિચાર કરી દેવનાં દર્શન કરી પોશાક પાસે થઈને તુલાધાર પોતાની ઝૂંપડીએ આવીને ધ્યાનમાં બેઠા. આંખે ઊડીને વળગે એવા પોશાક તરફ તેમણે બીજી નજર પણ નાખી નહિ. તીખો રજપૂત તીખાશને છોડીને તુલાધારનાં પગરખાં વગરનાં પગલાં સામે જોઈ રહ્યો. અને ઠકરાણીની વિજયદૃષ્ટિ સામે ન જોતાં એ પગલાંને બે હાથે નમન કર્યું.

ક્ષત્રિય કરતાં શૂદ્ર ક્ષત્રિયના જ હૃદયમાં ઊંચે આસને બેઠો.

અઠવાડિયા પછી તુલાધારે ત્રીજો ચમત્કાર એ જ સ્થળે જોયો. પ્રત્યેક ગ્રામવાસી કરતાં વહેલા ઊઠી નર્મદાસ્નાન કરનારા તુલાધારે એ પ્રભાતે તો ચકિત થઈને થોડીક ક્ષણ સુધી વૃક્ષને નિહાળ્યું પણ ખરું. વૃક્ષ ઉપર સુવર્ણફળ અસંખ્ય લટકી રહ્યાં હતાં.

'આ સ્થળે શો ચમત્કાર થાય છે? ...કોને માટે આ ચમત્કાર થાય છે?...પ્રભુ કોઈને કાંઈ આપી રહ્યો છે? કે તાવી રહ્યો છે?...એક દિવસ પકવાન! બીજે દિવસે પોશાક! અને ત્રીજે દિવસે સુવર્ણ-ફળ!...પ્રભુ ગામને આબાદી આપવા ઊતરતો દેખાય છે! પ્રભુનાં આવાં પગલાં આ ગામે નિત્ય ઊતરો!'

તુલાધારના મનમાં આવા વિચારો આજે ઊભરાઈ રહ્યા. રોજ કરતાં મંદિર પાસે તેઓ વધારે વાર ઊભા રહ્યા. ખાતરી કરવા માટે બીજી વાર સુવર્ણફળ તરફ દૃષ્ટિ કરી પણ ખરી. પરંતુ એ દૃષ્ટિમાં ન લોભ હતો, ન તૃષ્ણા હતી, ન આશા હતી. પ્રભુએ આ બધી વસ્તુઓ મૂકી હોય તોપણ તે પોતાને માટે મૂકી છે એવો ક્ષણભર પણ તેમને અંદેશો સુધ્ધાં આવ્યો નહિ. અને પ્રભુને સ્મરતાં, પ્રભુને પોતાના હૃદયમાં વધારે પ્રકટ કરતાં, પ્રભુમાં વધારે ને વધારે ઊંડા ઊતરતાં, ચમત્કારને પોતાના હૃદયમાં છૂપો રાખી, તેઓ ઝૂંપડીએ પહોંચ્યા અને આઠે પહોર ખાધાપીધા વગર ભજનકીર્તન જ કર્યા કર્યું. તુલાધારનાં પત્નીને અને તેમના ભક્તોને તો એમ જ લાગ્યું કે તુલાધારને તે દિવસે કાંઈ પ્રભુનાં ચમત્કારભર્યાં દર્શન થયાં જ હતાં. કારણ તુલાધારની સતત કીર્તન–ભક્તિમાં પ્રભુનાં પ્રત્યક્ષ દર્શનની જ ભાવના ઊભરાઈ રહી હતી.

ચમત્કારના ઉકેલની ભક્તને પરવા ન હતી. ચમત્કાર હોય કે ન હોય તોપણ પ્રભુ વગર પાંદડું પણ હાલતું નથી એવી શ્રદ્ધા ધરાવનારને જીવનમાં સર્વ વ્યવહાર પ્રભુની લીલારૂપ જ લાગે છે.

પરંતુ ગામના સર્વશ્રેષ્ઠ ધનપતિને તો આમાં પ્રભુ કરતાં પણ પ્રભુના ભક્તનો ચમત્કાર વધારે દેખાયો. ધનપતિના કુટુંબને કોઈ ધર્મઊભરાની ક્ષણે એવો ખ્યાલ આવ્યો કે પોતાને ઘેર એક ભજનમંડળી રાત્રે બેસાડવી અને તેમાં તુલાધાર ભક્તને નોતરવા. તુલાધારે હરિજનોમાં એ રાત્રે ભજન માટે જવાનું કબૂલ કર્યું હતું એટલે નમ્રતાપૂર્વક શેઠને ત્યાં જવાની ના પાડી. શેઠે કોઈ ધનિક માણસ પણ લલચાય એટલી ભેટ ધરવાનું કહેણ મોકલ્યું. પરંતુ એથી

જે માણસ કેવળ જ્ઞાનપ્રધાન હોય, તેનામાં સાચું જ્ઞાન હોતું નથી.

વધારે નમ્રતા સાથે તુલાધારે કહેણું નકાર્યું, અને જિલ્લાના જિલ્લા ખરીદી લેનાર શેઠનું અભિમાન ઘવાયું. પ્રભાતના પહોરમાં જ આ ભક્ત લલચાયા વગર રહે નહિ એવી યોજના કરવા માટે તેમણે એક આખું વૃક્ષ સોનાનાં ફળથી ભરી દીધું. શેઠ અને શેઠાણી બંને ભક્તની કસોટી કરવા માટે સંતાઈને ઊભાં રહ્યાં. તુલાધારે સુવર્ણફળ તરફ નજર કરી એટલે તેમને લાગ્યું કે ભક્ત લલચાયો. પ્રભુનાં દર્શન માટે એણે ચાર ડગલાં ભગ્નમંદિર તરફ ભર્યાં અને તેમને લાગ્યું કે હવે આ ભક્ત સુવર્ણફળ તોડવા માંડશે. સુવર્ણફળ લીધા વગર પાછા ફરતા ભક્તે સુવર્ણફળ તરફ આંગળી પણ ન ઉપાડી...! છતાં આગળ જઈને પણ ફરી ફળ તરફ દૃષ્ટિ કરી એટલે તેમને લાગ્યું કે ભક્તિ ઉપર ધનનો હવે વિજય નક્કી થયો! પરંતુ પ્રભુની સાથે સુવર્ણફળના ચમત્કારને પણ નમન કરી તેમને અડક્યા વગર પાછા ફરેલા તુલાધારને નિહાળતાં શેઠશેઠાણીનું ધનઅભિમાન ગળી ગયું અને બંનેએ ભક્તનાં પડેલાં પગલાંમાંથી ચપટી ધૂળ ઊંચકી પોતાને માથે મૂકી.

છેલ્લી વર્ણનો શૂદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય, એ ત્રણે કરતાં ઉચ્ચ કક્ષાનો નીવડ્યો. ચારેય વર્ણ તુલાધાર ભક્તની ભક્ત બની ગઈ.

તુલાધારનું શું થયું? એ ગરીબ રહ્યો કે તવંગર બન્યો એ પૂછવાનો અધિકાર કોને હોઈ શકે?

પ્રભુએ તુલાધારને અને તુલાધારે પ્રભુને ઓળખ્યા!

ચક્રવર્તી કરતાં પણ પ્રભુમિલનનો વિજય નાનો હશે ખરો?

વેદપઠન કરતાં પ્રભુનાં દર્શન ઊતરતાં ગણાય ખરાં?

વિશ્વભરની સંપત્તિ કરતાં પ્રભુમયતા નાની ગણાય ખરી? તુલાધારે પ્રભુને મેળવ્યા હતા. એ ભક્ત હતો.

*

# તું !

તું કૌરવ, તું પાંડવ : મનવા !
તું રાવણ તું રામ !
હૈયાના આ કુરુક્ષેત્ર પર
પળપળનો સંગ્રામ !
કદી હાર કે જીત, કદી
તું તારાથી ભયભીત,
કદીક પ્રકટે સાવ અચિંતું
સંવાદી સંગીત;
ભીષણ તું તાંડવમાં મંજુલ
લાસ્યમહીં અભિરામ.-તું૦
ફૂલથી પણ તું કોમળ ને
તું કઠોર જાણે પ્હાણ,
તું તારું છે બંધન મનવા !
તું તારું નિર્વાણ !
તું તારો શત્રુ ને બાંધવ
તું ઉજ્જ્વલ, તું શ્યામ !-તું૦

—સુરેશ દલાલ

# આપણા પારસી ભાઈઓ

ડૉ. સુમન્ત મહેતા

પારસીઓ આપણા દેશમાં ૧૨૫૦ જેટલાં વર્ષથી રહે છે, ખાસ કરીને દક્ષિણ ગુજરાતની પ્રજા સાથે. આમ હોવા છતાં આપણા જેવા બિનપારસીઓ આ બાહોશ પ્રજાના ધર્મ વિષે, ધર્મપુસ્તકો વિષે, તેમની રહેણીકરણી તથા રીતરિવાજો અને ધાર્મિક માન્યતાઓ વિષે કેટલું ઓછું જાણીએ છીએ!

તેર સદી પહેલાં લાખો પારસીઓએ પોતાના ધર્મને વળગી રહીને ઇસ્લામ સ્વીકારવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો. તેમાંથી ઘણા લાખો કતલ થઈ થઈ ગયા, થોડા હજારો ઈરાનીઓ જળમાર્ગે અને ભૂમિમાર્ગે હિંદ દેશમાં આવ્યા હશે. તેમાંથી જે થોડા માણસો હિંદ દેશના પશ્ચિમ કિનારા પર ઊતર્યા હતા, તેઓ અને તેમનાં ફરજંદ પારસી કહેવાય છે. બીજા કેટલાક જે ઉત્તર હિંદમાં ગયા, તે હિંદુ સમાજમાં સેળભેળ થઈ ગયા હશે. સંજાણમાં ઈરાનીઓ ૭૧૬ કે ૭૭૫ સંવતમાં ઊતર્યા હશે એવી માન્યતા છે.

સને ૧૯૪૭–'૪૮માં ૭૦ થી ૮૦ લાખ હિંદુ નિર્વાસિતો પાકિસ્તાનમાંથી હિંદમાં આવ્યા હતા. લગભગ વીસ વર્ષ થયાં છતાં તેઓ આ દેશમાં બરાબર ગોઠવાઈ ગયા નથી. તેમને વસાવવા માટે હિંદી સરકાર દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચે છે. ઈરાનના આ સાહસિક અને શૂરવીર લોકો વગર મદદે આપણા દેશમાં પરસેવો રેડીને આબાદ થઈ ગયા હતા.

દરેક હિંદીએ આ પારસીઓનાં વીતકોનો ઇતિહાસ, તેમના ધર્મ અને નીતિશાસ્ત્ર, તેમના ગુણઅવગુણો વિશે જાણવું જ જોઈએ. એ માહિતી આ લેખમાં ટૂંકામાં આપી છે.

## પારસીઓનો ઇતિહાસ

આજે જે દેશ ઈરાન કહેવાય છે (એ શબ્દ 'આર્ય'માંથી ઉત્પન્ન થયો હતો એવી માન્યતા છે) તે પાર્સ અથવા ફાર્સ પણ કહેવાતો હતો અને તે દેશના વતનીઓ પારસી અને યુરોપમાં પર્શિયન કહેવાતા હતા.

ઈરાનનો ઇતિહાસ ઘણો જૂનો અને લાંબો છે. કહેવાય છે કે પેશ દ વંશના રાજાઓ ઈ. સ. પૂર્વે ૧૩૦૦–૧૦૦૦ વ પહેલાંના હોય. મનુષ્યના ઇતિહાસમાં હંમેશાં ચ તી ને પડતી આવ્યા કરે છે.

એક વખત ાર્સનું રાજ્ય છેક ગ્રીસથી હિંદ દેશ સુધી પહોંચ્યું તું. પણ ગ્રીક લડવૈયા એલેકઝાંડરે તેમને હરાવ્યા ા. છેલ્લા વંશ સાસાનીયને (ઈ. સ. ૨૨૬) ણ અરદેશર, શાપુર અને નૌશીરવાન જેવા મહાન રાજાઓ પેદા કર્યા હતા. એ વંશનાં છેલ્લાં ૭૫ ર્ષમાં રાજાઓ તેમ જ પ્રજા શિથિલ બની ગયા

ઇસ્લામના ન ા ધર્મનો પ્રચાર તથા વિજય કરવા માટે આરબે ા ૬૩૩માં હુમલા કરવા માંડ્યા અને ઈ. સ. ૬૪૧ ાં તેમણે ઈરાન જીતી લીધું. છેલ્લો ઈરાની રાજ યઝદેઝર્દ તેમાં માર્યો ગયો.

આરબોએ ઈ નીઓને મુસ્લિમ બનાવ્યા, જે પોતાના ધર્મને ચુ ા રીતે વળગી રહ્યા તેમને કતલ કર્યા, તેમનાં ધમ ુસ્તકોની હોળી કરી, તેમનાં ધર્મસ્થાનો જમીનદ ;ત કર્યાં, અને આજે ઈરાનમાં ભાગ્યે ૮૦૦ જરથો તી પારસીઓ જીવે છે.

આ ઈરાનીઓ ની પાસેથી જમીન ખૂંચવી લીધી છે. કોઈ પણ ઈરા સારો ધંધો કરી શકતો નથી અને તેમની સ્થિતિ દક્ષિણ હિંદના અસ્પૃશ્ય અથવા આજે જે હરિજન હેવાય છે તેમના જેવી ગરીબ, દયાજનક, કંગાલ, ક ડાયલી પ્રજા જેવી બની ગઈ છે.

આ હારેલા ઈ નીઓમાંથી કેટલાક (૧) પગરસ્તે સિંધુપ્રદેશમાં પહોંચ ા ઉત્તર હિંદનાં જુદાં જુદાં ગામોમાં વસ્યા હતા અને છેવટે હિંદુમાં ભળી ગયા હશે. (૨) બીજા કે ાક દરિયામાર્ગે હિંદના પશ્ચિમ દરિયાકાંઠા પર જઈ ા વસ્યા હશે એવું અનુમાન કરાય છે, પણ એક ોટો ભાગ ઈરાનમાં પહાડી મુલક ખોરાસાનમાં ાશરે પચાસ વર્ષ સુધી સંતાઈ રહીને પોતાના ધર્મ ં પાલન કરતો હતો.

કોઈ સારી ત શોધીને આ ત્રીજા વર્ગના ઈરાનીઓ વહાણોમાં બેસીને હિંદ દેશમાં આવ્યા. કેટલાં વહાણો ડૂબી યાં હશે તે ઇતિહાસ જાણતો

---

જેમ પુષ્પમાં સુવાસ, સૌન્દર્ય અને પાંખડીઓ–ત્રણે સાથે હે ય છે, તેમ જ્ઞાન, ભક્તિ અને કર્મ ત્રણે મળવાથી જીવન બને છે.

નથી. થોડાં વહાણો દીવના બેટમાં લાંગર્યાં—ત્યાં આ લોકો ૧૯ વર્ષ રહ્યા. ત્યાં એ લોકો ગુજરાત પ્રદેશની ભાષા પણ થોડી શીખ્યા હશે. હિંદુ ગુજરાતી પ્રજાના રીતરિવાજો તો જરૂર શીખી ગયા.

નાના-બેટ દીવમાં હજારો ઈરાનીઓ પહોંચ્યા હોય એ માનવું અઘરું છે. આ ઈરાનીઓને શા માટે દીવ છોડવું પડ્યું તે કોઈ જાણતું નથી, પણ આઠમી સદીના કોઈ અજ્ઞાત વર્ષમાં આ ઈરાનીઓ દમણની દક્ષિણે આજે ગામ સંજાણ છે ત્યાં ઊતર્યા.

પારસીઓનો સૌથી પહેલો ઇતિહાસ 'કિસ્સાએ સંજાણ' (સંજાણની કહાણી) લખાયો હતો છેક ૧૫૯૯ની સાલમાં. એ પુસ્તકમાં સંજાણ ઊતર્યાનું વર્ષ ૭૭૫ આપ્યું છે.

છેક ૧૮૨૬માં ભરૂચના એક દસ્તૂરે વિક્રમ સંવત અને પારસી વાર-તિથિઓની ગણતરી કરીને ઈ. સ. ૭૧૬મું વર્ષ ગણ્યું છે. જે ઈરાનીઓ આવ્યા હતા તેમાં કેટલાં છોકરાં હતાં, કેટલી સ્ત્રીઓ હતી અને એકંદરે ૧૦૦ માણસો હતાં કે ૧૦,૦૦૦ એવી કોઈ પણ જાતની માહિતી મળી શકી હોય એમ જણાતું નથી.

એટલું અનુમાન થાય છે કે સ્ત્રી-છોકરાંની સંખ્યા મોટી નહીં હોય, કારણ કે આ ધર્મચુસ્ત મનુષ્યોને મુસાફરીમાં અનહદ ત્રાસ પડ્યો હતો. ક્યાં ખોરાસાન અને ક્યાં ફારસી અખાતનો બેટ હોર્મઝ?

સેંકડો હજારો મનુષ્યો આ વિકટ મુસાફરીમાં, પાણી વિના ખતમ થયાં હશે એટલું કહી શકાય કે આ નિર્વાસિતોની પાસે શસ્ત્રો હતાં, તેમણે થોડાં ધર્મપુસ્તકો આણેલાં અને પવિત્ર આતશબહેરામને સાચવીને લાવ્યા હતા. આ પ્રદેશના હિંદુ રાજાએ આ દુખિયારા મનુષ્યોને આશરો આપ્યો.

ઈરાનીઓ ઊતર્યા ત્યાર પછી ૮૦૦ વર્ષ બાદ લખેલા સંજાણના કિસ્સામાં લખ્યું છે કે રાજાએ એટલી જ શરતો કરેલી કે:

(૧) પારસીઓએ શસ્ત્રો તથા બખ્તર છોડી દઈને ખેતી કરવી.

(૨) તેમણે (ખાસ કરીને સ્ત્રીઓએ) હિંદુઓનાં જેવાં જ કપડાં પહેરવાં.

(૩) તેમણે ગુજરાત પ્રદેશની ભાષા બોલવી અને—

(૪) લગ્નો સાંજે હિંદુ વિધિ પ્રમાણે કરવાં.

સંજાણની પૂર્વમાં આવેલો પ્રદેશ ઉજ્જડ હતો, ત્યાં તેમણે નવી જમીન તોડી. આ પ્રદેશમાં પાણી બહુ ઊંડાં હોતાં નથી તેથી ઘણા કૂવાઓ ખોદ્યા, વખતે ટૂંકી નહેરો પણ બાંધી હોય.

પારસી લોકો અનાજ તથા ફળભાજી ઉગાડવામાં કુશળ હતા, શરીરે મજબૂત હતા, મહેનતુ ઉદ્યમી હતા અને તેમણે ૧૦૦ વર્ષથી કંગાલિયત ભોગવી હતી તેથી ઉત્તમ ખેતી કરીને એ પ્રદેશને લીલોછમ કરી નાંખ્યો હશે. તેની સાથે તેમણે પોતાના ધર્મનું પાલન કર્યું.

સંજાણમાં પવિત્ર અગ્નિ આતશબહેરામનું મકાન બાંધ્યું અને નીતિરીતિથી રહેવા લાગ્યા. બનવાજોગ છે કે સમુદ્રકાંઠા પર રહેતી સ્ત્રીઓ સાથે તેમણે લગ્નો કર્યાં હશે. ગમે તેમ પણ તેમની વસ્તી આબાદીને લીધે વધ્યા કરી.

તેમની વસ્તી વધી કે પારસીઓની બીજી ટોળીઓ ગુજરાતનાં બીજાં બંદરોમાં ઊતરી હોય તેથી પારસીઓ સુરત, વરિયાવ, ભરૂચ, અંકલેશ્વર, ખંભાત વગેરેમાં ફેલાઈ ગયા.

એમ કહેવાય છે કે આબાદીને લીધે ખંભાતના પારસીઓની ખુમારી વધી ગઈ હતી અને તેમણે હિંદુઓને ત્યાંથી કાઢી મૂક્યા. ૯૪૨ થી ૯૯૭ની વચ્ચે ખંભાતના પારસીઓની (સ્ત્રી-છોકરાં સાથે) કતલ કરી નાખવામાં આવેલી.

થાણા જિલ્લામાં કાન્હેરીની ગુફાઓ છે તેમાં પારસીઓએ પોતાનાં નામ કોતર્યાં છે (ઈ. સ. ૯૯૯). એમનાં નામ અજના પારસીઓનાં જેવાં નથી. ત્યાં બીજી ટોળી ઈ. સ. ૧૦૨૧માં પણ ગઈ હતી. ૧૧૪૨માં પારસીઓ નવસારીમાં હતા.

આણુની પાસે ચંદ્રાવલી, થાણામાં અને તેની પાસે ચૌલમાં તેમની વસ્તી ફેલાઈ હતી. દહેરાદૂન

---

ઉદ્યમી અને નિર્દોષ મનુષ્ય પાસે ધન ઓછું હોય કે કંઈ ન હોય તોપણ તેના ચિત્તમાં શાન્તિ અને પ્રસન્નતા હોય છે.

વગેરેમાં તેમની વસાહત હતી પણ તે ગુજરાતમાંથી ગઈ હોય એવું માની લેવા જેવું નથી. થાણાના ગામડે ગામડે પારસીઓ ફેલાઈ ગયા હતા.

એવામાં ૧૪૬૫માં મહમદશાહ બેગડાએ પોતાના સરદાર અલપખાનને દક્ષિણ ગુજરાતમાં મોકલ્યો.

પારસીઓ નિમકહલાલીથી રાણાની વહારે આવ્યા, ખૂનખાર જંગ ખેલાયો, હિંદુઓ અને પારસીઓ હાર્યા અને ૬૦૦ વર્ષ સુધી જાહોજલાલી ભોગવ્યા પછી પારસીઓને ઘરબાર તથા જમીન છોડીને પાછા નિર્વાસિત બનીને સુરત તથા તેની આસપાસનાં ગામડાંઓમાં વસવું પડ્યું.

ત્યાં નવાં વન કાપ્યાં, નવી જમીન તોડી, તેને કેળવીને ખેતી કરવા માંડી. તેમના આતશને ૧૨ વર્ષ સુધી પહાડી જંગલોમાં સંતાડી રાખ્યો, પછી ૧૪ વર્ષ વાંસદામાં રાખ્યો અને છેક ૧૪૨૯માં તેને નવસારીમાં લાવ્યા, ત્યાંથી સુરત લઈ ગયા(૧૭૪૧માં), ત્યાંથી નવસારી, પછી વલસાડ લઈ જઈને ૨૮-૧૦-૧૭૪૨ના દિવસે આતશને ઉદવાડા લઈ ગયા.

આજે એ મૂળ આતશબહેરામ ઉદવાડાના ભવ્ય મકાનમાં છે. ઉદવાડા સંજાણની પાસે જ છે. ઉપરની બધી હકીકતો ડોસાભાઈ ફરામજી કડાકાના 'પારસીઓના ઇતિહાસ'માંથી લીધી છે.

ચાળીસેક વર્ષ પહેલાં મારે અઢી-ત્રણ વર્ષ નવસારીના સિવિલ સર્જન તરીકે રહેવું પડેલું ત્યારે ત્યાં મહેરજી રાણાના ઉત્તમ પુસ્તકાલયમાં મેં બીજા ઇતિહાસ પણ વાંચેલા.

એક હકીકતનું મને આછું સ્મરણ છે કે અનેક પારસીઓને સુરત નવસારીની આસપાસનાં ગામડાંઓમાં રહીને ખેતી કરવી પડતી હતી. આવા માણસોને રાનીપરજ સ્ત્રીઓથી છોકરાંઓ થાય એ સ્વાભાવિક હતું. એવાં છોકરાંઓ મોટે ભાગે તો રાનીપરજ રહ્યા હશે, પણ એવાં દૃષ્ટાંત જાણ્યાં છે કે જેમાં પારસીઓએ અંજુમન પાસે તેમને પારસી તરીકે સદરોકસ્તી અપાય એવી માંગણી કરેલી. (આ વાત કડાકાના ઇતિહાસમાં પણ છે) તેથી અનુમાન કરાય કે ઘણાં છોકરાં પારસી તરીકે ગણાઈ ગયાં હશે.

તે દિવસોમાં આગગાડી ને સારા રસ્તાની સગવડ તો હતી જ નહિ. આવું મિશ્રણ બન્યું હશે, અને પારસી છોકરાંઓ ગામડાંઓમાં ઉઘાડા પગે, ઉઘાડા માથે અને કસ્તી વિના કોઈ સુધારક પારસીની નજરે પડ્યા હશે તેથી એક મહાન સુધારકે એવું ફરમાન કર્યું કે દરેક પારસીએ ટોપી પહેરવી જ જોઈએ. દરેક છોકરીએ માથાબાનું રાખવું જ જોઈએ. દરેકે સદરો-કસ્તી પહેરવાં જ જોઈએ અને પગરખાં પહેરવાં જ જોઈએ. આ સુધારકના નામનું મને વિસ્મરણ થયું છે.

આવી રીતે પારસીઓએ પોતાની નાની જાત- (કોમ)ને હિંદુઓની સાથે ભળી જતી અટકાવી છે અને એમ પણ કહેવાય કે તેમણે રહેણીકરણીનું ધોરણ જરા ઊંચું સાચવી રાખ્યું છે. આ સદીના પહેલા ત્રણેક દસકા પૂરા થયા ત્યાં સુધી પારસી સ્ત્રીઓ હંમેશાં રેશમી ઇજાર અને રેશમી સાડી જ પહેરતી—હવે સખત મોંઘવારીના કારણે એમણે સુતરાઉ સાડી પહેરવા માંડી છે.

## રહેણીકરણી અને રીતરિવાજ

ઇરાનથી આવેલા પારસીઓ લગભગ ૬૦૦ વર્ષ સુધી સંજાણની આસપાસનાં ગામડાંઓમાં રહ્યા ત્યારે તેમની રહેણીકરણી તેમના પડોશી હિંદુ ખેડૂતોના જેવી જ હશે. તેમનો પહેરવેશ પણ હિંદુઓના જેવો જ હશે, પુરુષો તેમ જ સ્ત્રીઓએ લેંઘા અગર ઇજાર ક્યારથી પહેરવા માંડયાં તે વિષે કંઈ ઉલ્લેખ મળતો નથી.

છોકરાછોકરીઓ ૭ વર્ષનાં થાય ત્યાં સુધી માત્ર એક લાંબું ઝભલું પહેરતાં—સાત વર્ષે તેમને નવજોત એટલે જનોઈ આપવામાં આવતું. ત્યારથી છોકરાંઓને સદરો, કસ્તી, લેંઘો પહેરવો પડતો. માથે ખેવડા કપડાની ટોપી અને પગે સ્લીપરના જેવા સપાટ પહેરતા.

છોકરીઓ વાળ લાંબા રાખતી અને અંબોડો

---

સત્યનું આચરણ ન કરનારો કપટી, લોભી અને પ્રપંચી માણસ પોકળ વાતોને સાચી માને છે અને સાચી વાતોને નકામી માને છે.

વાળતી, કાન તથા નાક વીંધાવીને તેમાં તથા ગળામાં ઘરેણાં પહેરતી—સુરત ગયા પછી નાક વીંધવાનું છોડી દીધું હશે. બધી સ્ત્રીઓ સફેદ માથાબાનાં બાંધતી અને તે છેક કપાળ સુધીનાં રાખવા પડતાં. બાકી તો કાંચળી અથવા ચોળી પહેરતાં.

૧૮મી સદીથી તેમના કપડાંની ફેશન બદલાઈ હશે. પુરુષો ખેતરમાં ન હોય ત્યારે લાંબાં અંગરખાં (કસવાળાં) પહેરતા અને માથે લગભગ ગોળ પાઘડી પહેરતા.

મેં છેક ૧૯૦૪માં વ્યારાના રાની પ્રદેશમાં એક (ગોરા) પારસીને ટૂંકો લેંઘો, અંગરખું અને છાંટવાળી લાલ ગોળ પાઘડી પહેરેલો જોયો હતો. એ પાઘડી હવે કપોળ વાણિયા પહેરે છે તેવી થઈ છે. લગ્નપ્રસંગે પારસીઓ લેંઘો, કુડતું, મોગલાઈ જામો, મોગલાઈ જોડા અને કમરે પિછોડી બાંધતા.

પારસીઓ ગાયને પવિત્ર ગણે છે અને તેમની ધાર્મિક ક્રિયાઓમાં ગાયનું મૂતર પવિત્ર ગણાય છે એટલે તેમનાં ઘરોમાં માટીની જમીન પર છાણથી લીંપવામાં આવતું હશે જ. લોકો જમીન પર બેસીને ઘણું કરીને પતરાળાં અથવા કેળનાં પાતરાંમાં જમતા હશે. ધાતુના થાળીવાડકા પણ હશે. જમતા પહેલાં અને જમ્યા પછી ટૂંકી પ્રાર્થના કરવાની તેમને ટેવ હોય છે.

એ લોકો માંસાહારી હતા અને દારૂતાડી પણ ઠીક પ્રમાણમાં વાપરતા હશે. આજે એમના ખોરાકમાં વધારે પડતો માંસાહાર છે. એક વિશિષ્ટતા એ છે એ છે કે પારસીઓ કાંદા ઘણા વાપરે છે અને હિંગ કદી નહીં.

હિંદુઓએ પારસીઓને કદી પણ નીચલા વર્ગ તરીકે ગણ્યા નહોતા. મુસ્લિમો અને યુરોપિયનો મ્લેચ્છ અને હલકા ગણાતા હતા. હિંદુઓ અને પારસીઓ વચ્ચે નોંધપાત્ર ઝઘડા થયાના દાખલા નથી, માત્ર ખંભાત અને વરિયાવમાં રજપૂતો સાથે તેમને અણબનાવ થયેલો તેની નોંધ મળે છે. પારસીઓને તેમના ધર્મપાલનમાં કોઈ પણ જાતની રોકટોક થઈ નહોતી.

પારસીઓમાં ઉપર જણાવ્યા પ્રમાણે છોકરીઓને પણ જનોઈ આપવામાં આવે છે. જેમ હિંદુઓમાં શ્રાદ્ધ થાય છે તેમ પારસીઓમાં સ્ત્રીપુરુષ બન્નેનાં શ્રાદ્ધ થાય છે. પારસી સ્ત્રીઓ અટકાવ વખતે બહુ સખત અસ્પૃશ્યતા પાળે છે. તેમનાં ઘરોમાં જાજરૂ પાસે એક નાની ઓરડીમાં ગંદાં કપડાં વગેરે નાખવાની સગવડ હોય છે. સુવાવડ પછી ૪૦ દિવસ સુધી અસ્પૃશ્યતા પાળવી પડતી હતી.

છોકરાં જન્મે ત્યારે જન્મની ઘડી ચોક્કસ નોંધી લેવામાં આવે છે અને જોશીને બોલાવીને તેમના જન્માક્ષર કરાવવામાં આવે છે. છઠ્ઠા દિવસે વિધાતા (માતા) લેખ લખે છે તે માટે ખડિયા, શાહી, કાગળ, કંકુ, ચોખા વગેરે બધાંની તૈયારી રાખવામાં આવે છે. તેને 'ટપકો' કરાવ્યો કહે છે.

પારસી છોકરાંને છ વર્ષ ત્રણ મહિના પૂરા થાય પછી કસ્તી મલમલના સદરા પર પહેરવાની હોય છે. એ ૭૨ તાંતણાની બનાવવામાં આવે છે. કમરે વીંટાળ્યા પછી ગાંઠો બાંધ્યા પછી ફરી આંટા લઈને પાછી ગાંઠો બાંધવાની હોય છે.

આવી રીતે ત્રણ વખત કમરની આસપાસ અમુક સૂત્રો ભણતાં (ભનતાં) ભણતાં કસ્તી વીંટાળવાની હોય છે. ઘણું કરીને બધી પ્રાર્થના પઝંદ ભાષામાં હોય છે, અને સામાન્ય સ્ત્રીપુરુષો જે 'ભને' છે (ભણે છે) તેનો પૂરો અર્થ સમજતા નથી.

એમના શાસ્ત્ર પ્રમાણે લગ્ન વખતે છોકરીનું વય ૧૫ યોગ્ય ગણાયું છે, પુરુષનું ૨૦. શરૂઆતમાં હિંદુઓની સાથે રહીને છેક બાલવયમાં લગ્ન થતાં હતાં. હવે તેનાથી ઊલટું થયું છે અને છોકરા–છોકરીઓ વધારે પડતાં મોટાં થઈને પરણે છે.

લગ્ન માટે કુટુંબનો દસ્તૂર મુરતિયો શોધી કાઢે છે. જન્માક્ષર પક્ષના તપાસાય છે અને પછી લગ્ન નક્કી થાય છે. હવે લગ્નો સંપૂર્ણ પારસીવિધિ પ્રમાણે કરવામાં આવે છે, બાકી લગ્નો સાંજરે જ હિંદુ-

---

**સત્યનું આચરણ કરવાથી માણસ જેટલે અંશે સત્યરૂપ બન્યો હોય છે તેટલે અંશે તે સત્યરૂપ પરમાત્માને સમજી શકે છે.**

વિધિથી કર્યા પછી દસ્તૂરો અવેસ્તા કે પહેલવી ભાષામાં આશીર્વાદ આપતા.

હવે તો બધાં લગ્નો પારસીઓ રજિસ્ટર કરાવે છે (સરકારમાં નહીં). લગ્નવિધિના પહેલા દિવસે પુરુષ અને સ્ત્રી કોઈ પણ પ્રકારનું માંસ ખાતાં નથી. વિધવાઓ પરણી શકે પણ એવાં લગ્નોની સંખ્યા મોટી નથી.

પારસીઓમાં જે જે વહેમો અને ખોટી માન્યતાઓ હિંદુઓના સંપર્કથી આવી ગઈ હતી તે કાઢવાના પ્રયત્નો થાય છે.

પારસીપંચાયત કોઈ પણ હિંદુ જ્ઞાતિના પંચના જેટલી જ સત્તાવાન હતી અને જ્ઞાતિના હુકમનો ભંગ કરનારને શિક્ષા ફરમાવતી.

પારસી પંચાયતે ૧૮૧૯માં ઠરાવ્યું કે કોઈ પારસીએ હિંદુ મંદિર કે મસ્જિદમાં ફૂલ, ફળ કે નાળિયેર ધરવાં નહીં, દેવને પ્રાર્થના કરવી નહીં, કોઈ દેવને 'માનતા' માનવી નહીં, હનુમાનને તેલ ચઢાવવું નહીં, માદળિયાં, તાવીજ, ધાગા, દોરા પહેરવાં નહીં, કોઈ માતા કે પીરને ભોગ આપવા નહીં.

પારસીઓના મોબેદો ('બ્રાહ્મણ') તથા દસ્તૂરો (વધારે ભણેલા કર્મકાંડીઓ) ને હુકમ કર્યો કે તેમણે નોતરાં વિના કોઈ પણ પ્રસંગે દાન માંગવા માટે જવું નહીં.

પહેલાં સ્ત્રીઓ કુટુંબમાં મૃત્યુના પ્રસંગે જાહેરમાં રડતી અને છાતી કૂટતી તે જંગલી પ્રથા બંધ કરી; સ્ત્રીઓ વારંવાર દિવસો સુધી કાણે જતી હતી તેને માટે અમુક થોડો સમય મુકરર કરી આપ્યો. સારા પ્રસંગોએ ખૂબ મીઠાઈ, સાકર, અનેક જાતનાં ફળ, અથવા આખાં ભાણાં (પાકી રસોઈ) તેમ જ પિત્તળનાં વાસણો, સગાંવહાલાં તથા મિત્રોમાં મોકલવાની રૂઢિ પડી ગઈ હતી તે અટકાવી.

લગ્નપ્રસંગે તેમ જ શ્રાદ્ધના પ્રસંગે આવી બક્ષિસો મોકલવાની મનાઈ કરી. કોઈ જ્યાફત આપવાની હોય તો તેમાં ખર્ચની મર્યાદા બાંધી, અને મરઘી (ખર્ચાળ હોવાને લીધે) ખવડાવવાની મના કરી. પારસીઓના છ મોટા ઉત્સવો છે તે ગહંબારમાં આખી પારસી જમાતને ખવડાવી શકાય પણ તે વખતે માત્ર ભાતદાળ અને શાક જ આપી શકાતાં.

હવે પારસી પંચાયતના હાથમાં સત્તા રહી નથી કારણ કે પારસીઓની માંગણીથી જ બ્રિટિશ સરકારે લગ્ન, છૂટાછેડા, વારસાહક, દત્તક લેવાના વગેરે કાયદા કરી આપ્યા છે.

પારસી પંચાયતની પાસે પુષ્કળ મોટું ફંડ છે. તેનો ઉપયોગ—

(૧) ગરીબો (પારસી) ને અન્ન, રહેવાના રહેઠાણની મદદ,

(૨) પારસી છોકરાંઓને ધાર્મિક તથા નૈતિક શિક્ષણ આપવાની વ્યવસ્થા,

(૩) છોકરાંઓને મફત ઝંદ પહેલવી શીખવવાની સગવડ,

(૪) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અને ઉચ્ચ કેળવણી માટે યોગ્ય સગવડો વગેરે કામો કરવામાં થાય છે.

પારસી પંચાયતની સામાજિક સત્તા ૧૯૩૮ માં બંધ પડી.

દરેક વર્ષમાં છ ગહંબાર ઊજવવા ઉપરાંત પારસીઓ પટેટીના દિવસો પાળે છે. પયટીટા શબ્દનો અર્થ પશ્ચાત્તાપ થાય છે અને વર્ષ દરમ્યાન જે ખોટાં કામો કર્યાં હોય તેને સંભારીને પશ્ચાત્તાપ કર્યા બાદ આત્મસુધારણા કરવા માટે એ પટેટી મુકરર થઈ છે.

ખોરદાદ સાલ એ પયગંબર જરથોષ્ટ્રને આત્મજ્ઞાન અને સાક્ષાત્કાર થયા તેની સંવત્સરીનો દિવસ. કોઈ કહે છે કે જરથોષ્ટ્રનો જન્મ પણ એ તિથિએ જ થયો હતો.

જરથોસ્તી દિવસો એ એમનો મૃત્યુદિન છે.

## જરથોસ્તી ધર્મ અને ધર્મશાસ્ત્રો

એમ કહેવાય છે કે જરથુષ્ટ્ર (જરથોષ્ટ્ર) નો જન્મ મીડિયા દેશમાં થયો હતો અને અફઘાનિસ્તાન હાલમાં છે તેમાં એના ઉત્તર વિભાગમાં જે બૅક્ટ્રિયા પ્રદેશ છે તેમાં રહીને એમણે સમાજને ધર્મોપદેશ આપ્યો.

---

માણસ જીવનમાં સત્યનું આચરણ ન કરે ત્યાં સુધી વેદાંતના પુસ્તકો વાંચવાથી પણ તેને સત્યરૂપ ઈશ્વરનું યથાર્થ જ્ઞાન થતું નથી.

પુરાણા ઈરાનના રાજા ગુશ્તાસ્પે એ ધર્મ સ્વીકાર્યો અને તેથી તેનો પ્રચાર ઘણો વધી ગયો. એમનો સમય ઈ. પૂર્વે ૧૩૦૦ કહેવામાં આવે છે તે પ્રમાણભૂત ન હોય તોપણ એટલું તો સ્પષ્ટ છે કે એ ઘણો પ્રાચીન ધર્મ છે. એવું મનાય છે કે લગભગ ૧૦૦૦ વર્ષ સુધી એ જોરમાં ચાલ્યો અને પછી ૫૦૦ વર્ષ નબળો પડ્યો.

એક રાજા અરદેશર બાબેકે તે ધર્મને પાછો સજીવન કર્યો. બાબેકનો સમય ઈ. સ. ૨૨૬ છે. એણે જૂનાં ધર્મપુસ્તકોને પહેલવી ભાષામાં લખાવ્યાં. જૂની ભાષા અવેસ્તા હતી. એ ભાષામાં ૨૧ જુદા જુદા ગ્રંથો હતા એમ કહેવાય છે. હવે તો તેનો અત્યંત થોડો ભાગ જ મોજૂદ છે.

અવેસ્તામાં કયાં પુસ્તકો હતાં તે દીનકર્દ નામના બચેલા ગ્રંથમાં આપ્યાં છે. પહેલા એલેકઝાંડરના સૈનિકોએ અને પછીથી અરબી સૈનિકોએ પુસ્તકોનો નાશ કર્યો હતો.

જે પુસ્તકો બચ્યાં હતાં તેમાંથી બહુ થોડાં હિંદ દેશમાં હતાં. પછીથી થોડા પારસીઓ ઈરાન જઈ આવ્યા અને ઈરાનમાં બચેલા ૭૦૦-૮૦૦ કંગાલ જરથોસ્તીઓ પાસે પણ થોડાં જ પુસ્તકો મેળવી લાવ્યા. જરથોસ્તી ધર્મને મઝદયાસ્નાન ધર્મ કહે છે. વંદીદાદ એ પુસ્તક આખું બચી ગયું છે. તે ઉપરાંત યસ્ન અને વિસ્પરદ પણ છે. હદોખ્ત અને વિશ્તાસ્પનો થોડો ભાગ બચ્યો છે. (જે ચીજ હું સમજતો નથી તેની વિગતોમાં હું ઊતરતો નથી. મને દહેશત રહે છે કે મેં ઉચ્ચારો પણ વખતે ખોટા લખ્યા હશે.)

એમ કહેવાય છે યસ્નનો થોડો ભાગ બહુ પુરાણી અવસ્તા ભાષામાં છે અને ગાથાની ભાષા સંસ્કૃતના જેવી છે.

પારસીઓ ચુસ્ત એકેશ્વરવાદી છે. એ સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, નિરાકાર, નિરંજન ઈશ્વરને અહુરમઝદ કહે છે. ઈરાનીઓ બીજા દેવોમાં માનતા નથી. આતશ એ દેવ નથી પણ પરમેશ્વરની એક શક્તિનું પ્રતીક છે. ઈશ્વરમાં બે શક્તિઓ સમાયેલી છે. સ્પેંતો માઈન્યુશ અને આંગ્રો માઈન્યુશ. એક કલ્યાણકારી ક્રિયાની શક્તિ અને બીજી નાશાત્મક અથવા અકલ્યાણકારી. શેતાન જેવી કોઈ વ્યક્તિ પારસી ધર્મમાં નથી. આ શક્તિઓ ઈશ્વરથી અલગ નથી.

પારસીઓનાં મંદિર હોતાં નથી. આતશબહેરામ એ માત્ર આતશને સાચવી રાખવાનું સ્થાન છે. પારસીઓ તેમાં સુખડ હોમે છે. દસ્તૂરો અને મોબેદો પૂજારી નહીં પણ ધાર્મિક ક્રિયાઓ કરાવનારા અને ધર્મ શીખવનારા છે.

પારસી ધર્મની એક અજબ વિશિષ્ટતા વિશે મેં કોઈ પુસ્તકમાં ઉલ્લેખ જોયો નથી. જો મારી ભૂલ ન થતી હોય તો પારસીઓમાં સંપ્રદાયો નથી. મુસ્લિમોમાં કેવળ સુન્ની અને શિયાના સંપ્રદાય નહીં પણ બીજા અનેક છે. હિંદુઓ અને બૌદ્ધોના પણ છે, ચીની કાંગફુત્સે અને તાઓ ધર્મમાં પણ છે. પારસીઓમાં શહેનશાહી અને કદમી એ બે પક્ષો છે, પણ સંપ્રદાયો નથી. પારસીધર્મનાં પહેલાં ૧૦૦૦ વર્ષોમાં સંપ્રદાયો હતા કે નહીં તેનો ઇતિહાસ છે નહીં. પારસી બે પક્ષોના મતભેદ માત્ર પંચાંગને વિશે છે.

પારસીઓ બહેસ્ત (સ્વર્ગ) અને દુઝખ (નર્ક) માં માને છે. ન્યાય આપવાના છેલ્લા દિવસે આત્મા સજીવન થાય છે (શરીર સાથે) [કડાકા પારસી ઈતિહાસ, ગ્રંથ ૨જો, પૃ. ૧૨૫] એવું પણ માને છે.

પારસીઓ શબને દાટતા નથી કે બાળતા નથી કારણ કે પાણી તથા અગ્નિને અપવિત્ર ગંદી ચીજ અડકાડી શકાય નહીં, તેથી ઊંચી જગ્યાએ ખાસ બાંધેલા દોખમામાં શબને મૂકવામાં આવે છે, અને મૃતદેહને ગીધ જેવાં પક્ષીઓ ખાઈ જાય છે.

પારસી નૈતિકશાસ્ત્રનો મુખ્ય સ્તંભ હુમંત, હુત્ખ અને હવરસ્ત એટલે પવિત્ર વિચાર, વાચા (ઉચ્ચાર) અને આચાર છે. હુશ્મત, કઝુખ્ત અને હુઝવરસ્ત ખરાબ વિચાર, વાચા અને આચારને તજવાનાં છે, મનશ્ની, ગવશ્ની અને કુનશ્નીનો ઉપદેશ વારંવાર કરવામાં આવ્યો છે. (ખરાબ વિચારવું નહીં, બોલવું નહીં અને કરવું નહીં.)

દરેક ધર્મશાસ્ત્રમાં હોય છે તેમ સદ્‌ગુણોને માટે

---

પરમાત્મા સત્યરૂપ છે. એથી માણસ જેટલા પ્રમાણમાં સત્યનું આચરણ કરે છે તેટલા પ્રમાણમાં તેને ઈશ્વરનું સત્ય (સાચું) જ્ઞાન થાય છે, તે સત્યરૂપ બને છે.

પુષ્કળ આગ્રહ કરવામાં આવ્યો છે. સદાચાર એ સૌથી ઊંચો ગુણ છે. તેનાથી જ સુખ અને શાંતિ મળી શકે છે, મન ચોખ્ખું રાખવું, સત્ય, દાન, મનુષ્યપ્રેમ, ઉદ્યમનું પાલન કરવું એ દરેકેદરેક મનુષ્ય માટે આવશ્યક છે. (વધારે વિસ્તારમાં ઊતરવાની જરૂર નથી; દરેક ધર્મમાં સદાચાર અને દુરાચારની વિસ્તારથી ચર્ચા કરી હોય છે)

મારા મન પર છાપ પડી છે કે પારસીધર્મમાં આચાર પર પુષ્કળ આગ્રહ મૂક્યો છે, અને શૌચ એટલે સફાઈ (શરીરની, મનની, ઘરની અને વાતાવરણની) તેના પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. અને પારસીઓમાં સામાન્ય રીતે ધર્મશાસ્ત્રની આજ્ઞાઓ કેવળ પોથીમાંનાં રીંગણાં જેવી રહેતી નથી પણ તેનું પાલન થાય છે.

## અર્વાચીન ઇતિહાસ

હવે ટૂંકમાં આપણે અર્વાચીન ઇતિહાસ તપાસીએ. પારસીઓ સુરત શહેર તરફ ગયા તેથી માત્ર ખેતી કરવાને બદલે તેમની નજર બીજા ધંધાઓ તરફ વળી.

ધીમે ધીમે બધા ધંધામાં તેમણે પગપેસારો કર્યો, પણ એ નોંધવા જેવું છે કે તેમણે મજૂર, ધોબી, હજામ જેવા ધંધા કદી કર્યા નથી.

જ્યારે ડચ, ફિરંગી, બ્રિટિશ લોકોએ સુરતમાં કોઠીઓ જમાવીને વેપાર કરવા માંડ્યો ત્યારે પારસીઓ દુભાષિયા, કૉન્ટ્રેક્ટર, નોકર, બબરચી તરીકે તેમને ત્યાં રહ્યા. હિંદુઓ તો મલેચ્છને અડકે નહીં અને મુસ્લિમોને 'હરામ' ખોરાક ખાનાર તરફ તિરસ્કાર હતો.

પારસીઓને ન્યાત, જાત કે અડકવાની છીટ હતી નહીં તેથી તે ફાવી ગયા. પારસીઓ કૉન્ટ્રેક્ટર પણ થયા. હિંદુઓ પાસેથી કસબ શીખીને હોશિયાર વહાણ બાંધનાર થયા, અને સુરતમાં અને પછીથી મુંબઈમાં તેમણે વહાણ બાંધવામાં નામના મેળવી.

વાડિયા કુટુંબ લખપતિ બની ગયું. જ્યારે પારસીઓ મુંબઈ આવ્યા ત્યારે આડતિયા, વીમાએજન્ટો, વહાણોને જોઈતી બધી ચીજો પૂરી પાડનાર (સ્ટીવેડોર) વગેરે ધંધામાં પડ્યા—ધીમે ધીમે તેમણે આખા હિંદદેશમાં જનરલ સ્ટોર કાઢવા માંડ્યા, રેલવે બાંધવાનાના કૉન્ટ્રેક્ટ લીધા; ન્યાતની અડચણ નડે નહીં તેથી સિંગાપુર, ચીન, જાપાન સાથે વેપાર શરૂ કર્યો અને તેમાં ઘણા ઘણા પારસીઓ કમાયા.

મુંબઈમાં તેમણે સ્પિનિંગ અને વણવાની મિલો કાઢી. પીટિટ કુટુંબ તેમાં કરોડપતિ થયું. જમશેદજી જીજીભાઈ ચીનના વેપારથી કમાઈ ગયા અને જમશેદજી ટાટાએ મોટા ઉદ્યોગો શરૂ કર્યા.

પારસીઓએ ઉચ્ચ કેળવણી લેવા માંડી. સમાજ-સુધારામાં પહેલ કરીને પહેલી કન્યાશાળા કાઢી, પહેલું છાપું તેમણે કાઢ્યું—રાજકારણમાં પણ સારો રસ લીધો, દાક્તર ઇજનેર, વકીલ, બૅરિસ્ટર, પ્રોફેસરના ધંધામાં પણ નામના મેળવી, કારણ કે તેમને ન્યાતની રૂઢિઓનો ત્રાસ નહોતો.

એમણે પુષ્કળ મોટાં મોટાં દાન આપીને હૉસ્પિટલો, પુસ્તકશાળાઓ, ધર્મશાળાઓ, અનાથાશ્રમો વગેરે સ્થાપ્યાં. પારસી સખાવતનું લક્ષણ એ હતું કે કોઈ ન્યાત, જાત કે ધર્મના ભેદભાવ વિના સર્વ લોકોને લાભ મળતો હતો.

૧૯મી સદીમાં પારસીઓએ પ્રગતિમાં પહેલ કરીને, પહેલ કરનારની ખુશનસીબીનાં મીઠાં ફળ ભોગવ્યાં, અને તેથી તેમને ભારતદેશમાં મહત્ત્વનું સ્થાન મળ્યું હતું. હવે તો બધી કોમો પ્રગતિશીલ બની છે તેથી તેમનું પુરાણું ગૌરવ રહ્યું નથી. તેમની વસ્તી ૧ લાખથી વધારે નથી તે છતાં હિંદી સમાજમાં, દરેક ક્ષેત્રની અંદર તેમનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે.

*

ઇંગ્લંડની મુસાફરી દરમ્યાન સ્વામી વિવેકાનંદ એક વખત ગામડાની સીમમાં મિત્રો સાથે ફરવા ગયા હતા. ત્યાં એકાએક ભયંકર આખલો તેમના બધા ઉપર ધસી આવ્યો. સાથેનાં ભાઈબહેનો બધાં આમતેમ ભાગવા લાગ્યાં. તેમાં એક બહેન પડી ગઈ અને આખલો તેની તરફ દોડ્યો. આ જોઈ સ્વામીજી એકદમ અદબ વાળી ને આખલા સામે સ્થિર ઊભા રહ્યા. પરમાત્માની કૃપાથી તે આખલો પણ આગળ ન ધસતાં અટકી પડ્યો અને બીજે રસ્તે વળી ગયો. પોતાના જીવનની પરવા કર્યા વિના સ્વામીજીએ આવું સાહસ કરી તે બાઈને બચાવી લીધી હતી.

# શું માગું?

**શ્રી 'જયભિખ્ખુ'**

પીલુડીની ઘટાઓ પાછળ સૂરજ પશ્ચિમાકાશ તરફ ઢળતો હતો. આંબલીના ઝુંડમાં કપિવૃંદ ગેલ કરતાં હતાં, ને આંબાવાડીઓમાંથી કોકિલકંઠ મધુર બનીને વહ્યો આવતો હતો. ઉત્તર ગુજરાતની આ રસાળ ભૂમિ પર ખેતરોમાં અન્નપૂર્ણાદેવીનો વાસો હતો. ને એમનાં જ વાહન ન હોય, એવા રૂપાળા મયૂરો અહીં વાપી, કૂપ કે તડાગને તટે મનહર કલા કરતા વિચરતા હતા.

જેવો ગરવો આ ગૂર્જર દેશ હતો, એવી ગરવી એક વાવ, જળથી છલકાતી અડાલજ ગામને ગોંદરે આવી હતી. પાતાળ સુધી પડ ભેદીને એમાં જળનાં ઝરણાં પ્રગટાવ્યાં હતાં, ને કોઈ સપ્તમંજિલ પ્રાસાદની જેમ પાંચ ચાંચ માળ પૃથ્વીના પેટાળમાં ખડા કર્યા હતા. દરેક માળે અનુપમ શિલ્પ કંડોર્યાં હતાં. અનોખી આકૃતિઓ આલેખી ખંડ, આવાસ ને ઓરડા સર્જ્યા હતા. પાતાળનિવાસી જલપરીઓના વિહાર માટે પૃથ્વીના કલાકારે સર્જેલી આ શિલ્પકૃતિ મિષ્ટ જળનું પાન કરાવવા સાથે પ્રકૃતિના મહાન સંકેતના અમર ચિહ્નરૂપ બની હતી.

તાંબા–પિત્તળની ચકચકતી હેલો માથે ચઢાવી, યૌવનભર્યા દેહને ઝુલાવતી, સુવર્ણકુંભ જેવી પિત્તળની હેલને અને એવા જ મનોહર મસ્તકને રમણે ચઢાવતી, છૂટા બે હાથે તાળીઓ દેતી ને હસતી–રમતી પનિહારીઓ રોજ સવારે ને સાંજે ચાલી જતી જોવાતી. ભૂમિ આખી કાવ્યને અનુરૂપ હતી.

પૃથ્વી ને પ્રકૃતિ જ્યારે કાવ્યને યોગ્ય બન્યાં હતાં, બરાબર એ જ સમયે સાંજે કોઈ કાવ્યનાં નાયક–નાયિકા બની શકે તેવાં બે અશ્વારોહી ત્યાં આવતા દેખાયા.

એક પુરુષ હતો, બીજી સ્ત્રી હતી. આવાં સ્ત્રી–પુરુષ ભાગ્યે જ આ તરફ આવતાં. નર પડછંદ હતો. એની ઊંચાઈ પાસે કદાવર અરબી અશ્વ પણ ઠીંગણો લાગતો હતો. એના પગમાં કાળિયારના ચામડામાંથી બનાવેલી, ઊંચી જાતની મોજડી હતી. એણે ચીનમાં બનેલા સાટીનની સુરવાલ અને મછલીપટ્ટનના કારીગરે એ વણેલા કાપડનું જરીભરેલું અંગરખું પહેર્યું હતું. પગમાં મોટો સોનાનો તોડો હતો, ને કંઠમાં નીલમની બે મોટી માળાઓ હતી. હાથમાં સુવર્ણનાં વીરકંકણ ને કાને ખંભાતના પારદર્શક અકીકનાં કોકરવાં હતાં. મસ્તક પર કીમતી મંડિલ હતું ને કપાળમાં બદામ આકારનું તિલક હતું. કોઈ મહાન શ્રેષ્ઠી તરીકે એને પિછાનતાં સહેજ પણ વાર ન લાગતી! પણ કમરબંધમાં રહેલી મખમલી મ્યાનવાળી ને મણિમાણેક જડેલી મૂઠવાળી શિરોહી સમશેર ને ભેટમાં નાખેલી હીરા–કટારી એ માન્યતાનો વિરોધ કરતાં અને એ શ્રેષ્ઠીને રાજકારણી પુરુષ તરીકે ઓળખાવતાં હતાં. ઊંચે વળ લઈ ગયેલા મૂછના કાતરા ને લાંબા બાહુ એના ક્ષત્રિયત્વના પૂરતા પ્રમાણરૂપ હતા. વીરત્વ ને વણિકત્વની બેવડી માટીથી સર્જાયેલો એ માનવી લાગતો હતો.

નર જેવી જ નારી પણ જાજરમાન હતી. સંગેમરમરની શિલામાં કંડારેલી પ્રતિમાસમી એ ઘાટીલી રૂપપૂતળી હતી. એના મનોહર મસ્તક પરના કાળા ભમ્મર વાળમાં હીરાની દામણી હતી, ને વિશાળ કપાળ પર મોટું નકશીભર્યું બોર ઝૂલી રહ્યું હતું. નારીનો દેહ નર જેટલો જ પડછંદ હતો. એનો ઘેરદાર ચણિયો, ઉપર લટકતી સુવર્ણની કટિમેખલા ને ફરતું ઓઢેલું લાલ રંગનું ઉત્તરીય અદ્દ્ભુત ચિત્ર–સંયોજન ખડું કરતાં હતાં. ચિતોડની પદ્મિની આજે જાણે ગૂર્જર ભૂમિના પ્રવાસે નીકળી હતી.

નર–અસ્વાર વાવની નજીક આવતાં ઘોડા પરથી નીચે કૂદ્યો. એ કૂદવામાં પણ છટા હતી, શૌર્ય ને વીરત્વનો ઝંકાર હતો. પોતાના અશ્વને દોરી એ સ્ત્રી-અસ્વાર પાસે આવ્યો. ને એને નીચે ઊતરવામાં મદદ કરવા હાથ લંબાવ્યો. સ્ત્રી એક છલાંગે નીચે કૂદી શકે તેવી સશક્ત હતી, છતાં એણે એ મદદ માટે લંબાયેલા હાથને સન્માન્યો. ઘોડેસવારીથી જાણે અણજાણ હોય તેમ એણે ઊતરતાં ઊતરતાં પોતાની વજનદાર કાયાનો તમામ બોજ પુરુષના હાથ પર નાખી દીધો. પુષ્પને ઊંચકે એમ સ્ત્રીને ઊંચકીને

---

અનીતિ અને લોભને વશ ન થતાં નીતિ–ન્યાય ઉપર પ્રેમ રાખવો અને ન્યાયનું આચરણ કરવું એ જ સુજ્ઞ દશા છે.

પુરુષે નીચે મૂકી.

થોડે દૂર રહીને ચાલતા સૈનિકો હવે લગોલગ આવી ગયા હતા. તેમાંથી એક જણે આવીને બે ઘોડાની લગામ પકડી તેમને દોરી લીધા.

સ્ત્રી ને પુરુષ પગપાળાં આગળ વધ્યાં.

હરિયાળી ચારે તરફ પથરાયેલી હતી, ને તાજી ઘ્રો ચરતી ગયોના ગળાની ઘંટડી ધીમી ધીમી રણકતી હતી. એક ઘટાદાર વૃક્ષની નીચે મયૂરો નૃત્ય કરી રહ્યા હતા, ને થોડે દૂર વાવની પાળ પર એક કપિવૃંદ ડાહ્યુંડમરું બનીને જાણે એ નૃત્યનું પરીક્ષક બની બેઠું હતું.

‘શ્રીદેવી, પ્રકૃતિ કેવી હસી રહી છે! રાગદ્વેષ મનમાંથી નિતારી નાખે તેવી ભવ્ય ભૂમિ છે!’

‘આપણે મરુભોમમાં વસ્યાં એટલે જાણે આ ભૂમિને ભૂલી જ ગયાં. આરાસુરના સંગેમરમર કરતાં આ વેળુ કેટલી સુંદર છે! ને આબુના શૃંગની આહ્લાદક હવા કરતાં આ હવા મને વધુ મીઠી લાગે છે. મારું હૈયું અહીં ઠરે છે. મારી આંખો અહીં ઠંડક અનુભવે છે.’

‘દેવી, માતૃભૂમિની માયા એવી છે. આપણાં દેહના અણુપરમાણુ તો ગુજરાતનાં જ ને! આરસનગરી ચંદ્રાવતી વસાવી એટલે કંઈ ત્યાંનાં વાસી થોડાં થઈ ગયાં? પાટણ તો હૈયામાં કોતરાયું છે. મરતો ઊંટ મારવાડ ભણી મોં રાખે, એ કહેવતનું રહસ્ય આજે સ્પષ્ટ સમજાય છે. આબુના કોઈ રમ્ય શૃંગ પર મરીશું, તોય ગાંડી તોય ગુજરાત કંઈ ભુલાશે ખરી? વારુ, તારા સ્વપ્નમાં જે દેવીનાં દર્શન થયાં હતાં, ને જેનું તું વર્ણન કરતી હતી–એ દેવી ને એ વાવ આ જ લાગે છે!’ પુરુષ કે જેનું નામ વિમળશાહ હતું, એણે કહ્યું.

‘હા, નાથ! મારી સ્વપ્નસૃષ્ટિ જ જાણે અહીં તાદૃશ ખડી થઈ છે. જીવનમાં પહેલી વાર અહીં આવું છું પણ અહીંની ભૂમિની જાણે હું ચિરપરિચિત હોઉં તેમ લાગે છે. દેવી માતાએ સ્વપ્નમાં આવીને પોતાના સ્થાનકનો માર્ગ સૂચવતાં કહ્યું હતું કે...’ સ્ત્રી શ્વાસ ખાવા થોભી.

‘માતાએ સ નમાં આવીને શું કહ્યું હતું?’

‘માતાજીએ ઠેઠ ચંદ્રાવતીથી અહીં સુધીના માર્ગનો ચિતાર આ પતાં કહ્યું હતું કે વિશાળ વડલા ને વિપુલ કપિવૃંદ, યાં પથરાયેલી મોટી વાવ—એ મારું વાસસ્થાન છે ભાદ્ર શુકલા ચતુર્દશી, બરાબર મધરાતે, સાત શ્રીફ વધેરી તારી ચૂંદડી મને ઓઢાડી આવાહન કરજે. હ જર થઈને તને વર આપીશ.’

‘વારુ દેવી! રજ આથમે છે. તંબૂઓ ઠોકાય તેટલો વખત છે. દિ સ છતાં આ કલાકૃતિ સમી વાપીનું નિરીક્ષણ કરી લઈ . આપણા દેલવાડાની નકશી અહીં કંડોરાઈ દેખાય . દેવી, પૃથ્વીમાં અમર નામના આ રીતે જ રહે.

‘સાચી વાત છે. માનવીની અમરતા બે રીતે રહે છે: એક સુકા માં ને બીજી સુપુત્રમાં,’ સ્ત્રીએ ધીમેથી કહ્યું.

‘સુકાર્ય તો ઘણાં કર્યાં. મહામંત્રી વિમળના નામથી ને કામથી આજે કોણ અજાણ્યું છે? દેવી, આબુ દેલવાડા પર એણે સ્વર્ગભુવનનું સ્થાપત્ય સરજાવ્યું છે. શત્રુંજ ને ગિરનાર પર પણ એની કીર્તિગાથાઓ મૂક પથ્થરો વાટે ગવાય છે. ચૌદ ચૌદ વર્ષની સાધના એ જ દેવમંદિર પાછળ, ઓગણીસ કરોડ રૂપિયા એક શિલ્પશોખ ખાતર ખર્ચનારની કીર્તિ સાધારણ નથ . આબુ–આરાસણનો એક પથ્થર હશે ત્યાં સુધી વિ ળની કીર્તિ અવિચળ રહેશે. અરે, વિમળશાહનો કળા સભર્યો હાથ કેવલ દેવદેહરાં કે ઉપાશ્રય સર્જીને તોષ નથી પામ્યો, મંદિરો ને મસ્જિદો સુધી પ એ પહોંચ્યો છે. અને વાવ, કૂવા, તળાવ ને ધર્મશાળ ઓમાં પણ એનું નામ ગુંજે છે. બહુ વિચારું છું ત્ રે એમ લાગે છે કે સુકીર્તિ તો એક જન્મમાં કોઈ ને આટલી ન મળે. આજ મહાદેવી ખુશ થશે, આપણુ તપ ફળશે, સપૂતનો વર પામશું; પુત્રપ્રાપ્તિનો આનંદ જીવતે જીવ મુક્તિ મળ્યા જેટલો છે.’

વાતો કરતાં ને વાવના પગથિયે જઈ પહોંચી, અંદર ઊતરી ગયાં બિલોરી કાચથી છલકાતા જલખંડોમાં બંને પો ાની પ્રતિછબી નિહાળી રહ્યાં.

---

માણસે ભોગસામગ્રી ગમે તેટલી ભેગી કરી હોય, પણ તે ભોગવવાની શક્તિ તેણે પૂર્વજન્મમાં કરેલા તપ યા પરિશ્રમ અનુસાર જ તેનામાં હોય છે.

પોતાની યોગ્ય જોડીનું પ્રતિબિંબ જળમાં નિહાળી સ્ત્રી ઘડીભર ગર્વ અનુભવી રહી. અરે, વિધાતાએ અમારી કેવી જોડી ઘડી છે! ખામી માત્ર એક છે. આજ રાતે એ પૂરી થશે! માતાજીના વરથી મારો ખાલી ખોળો ભરાઈ જશે!

પુરુષ નીચો વળ્યો. કરપાત્ર બનાવી એમાં જળ લીધું, અને પોતાની પત્ની શ્રીદેવી સામે ધર્યું, ને કહ્યું :

'દેવી! અમૃતનું આચમન કરો!'

પ્રિય પતિના હાથનું આચમન! વહાલસોયી પત્નીને તો એ વિષ હોય તોય અમૃતથી અધિકું ભાસે. છતાંય નારી શરમાઈ ગઈ. કિસલય જેવા એના ઓષ્ઠ મરકી રહ્યા. એ મંદ સ્મિત કરતી બોલી :

'થોભો, સુવર્ણપાત્ર મંગાવું.'

પુરુષના કરપાત્રમાંથી પાણી સરી રહ્યું હતું. એણે બીજી વાર જળની અંજલિ ભરતાં કહ્યું :

'કરપાત્ર કરતાં સુવર્ણપાત્ર નહીં ચઢે, દેવી! અધરનાં અમી આ અમૃત સાથે ભળવા દો.'

શરમાતી કંકુની પ્રતિમા સમી શ્રીદેવીએ પોતાના અધરોષ્ઠ જળપાન કરવા લંબાવ્યા, કે ઉપરથી એક છોકરો બૂમો પાડતો નીચે ધસી આવ્યો.

શત્રુસેનાના ધસારા સમે સહેજ પણ ક્ષોભ ન અનુભવનાર, એકલે હાથે વાઘ સાથે પંજા મિલાવનાર, આ પુરુષ આકસ્મિક ક્ષોભ અનુભવી રહ્યો.

ઉતાવળે પગથિયાં ઊતરતો એક સોળ–સત્તર વર્ષનો છોકરો નીચે ધસી આવ્યો. એની આંખો લાલઘૂમ હતી; વાળ વાંકડિયા ને અસ્તવ્યસ્ત હતા. એનાં કપડાં પર ઠીક ઠીક થીગડાં હતાં.

'કેમ–?' વિમળશાહે આંખ ઊંચી કરી. એમાં રહેલો પ્રતાપ છોકરાની ઉદ્ધતાઈને ડામી રહ્યો.

'પાણી પીવાનો પૈસો આપો!' છોકરાથી ઉદ્ધત શબ્દો ન બોલી શકાયા. એણે સાદી રીતે કહ્યું.

'શા માટે?'

'અહીં એવો નિયમ છે. આ વાવ મારા દાદાના દાદા લાખા વણજારે બંધાવી છે. હું એમનો વારસ છું. પૈસો આપ્યા વગર અહીં કોઈ પાણી પી શકતું નથી.'

'શ્રીદેવી, જાણ્યું કે? આ પવિત્ર વાવના બંધાવનારનો આ છોકરો વારસદાર છે!'

'આપો, એની ભૂખ ભાંગે તેટલું આપો!' શ્રીદેવીએ કહ્યું.

વિમળશાહે મૂઠી ભરીને ચાંદીના સિક્કા આપ્યા. પેલો છોકરો 'શેઠજીની જય' 'શેઠજીની જય' કરતો સલામો ભરતો, નાચતો, કૂદતો ચાલ્યો ગયો.

'શેઠજીની જય'ના પડછંદા વાવના માળે માળે ગુંજ્યા.

'દેવી! વાવ બંધાવનાર મહાન આત્માનો વારસ જોયો? એક કેટલો મહાન, બીજો કેટલો પામર! દીવા પાછળ અંધારું તે આનું નામ! જેણે જીવમાત્રને કાજ સંપત્તિને છૂટે હાથે વેરી, એનો વંશજ આજ એના પાણીનો પૈસો લેવા...'

'નાથ, સમય થતો જાય છે, ચાલીએ.' સ્ત્રીએ પુરુષને વિચારમંથનમાંથી ખેંચ્યો.

બંને પોતાના તંબૂઓમાં વિસામો લેવા ચાલ્યાં ગયાં. પૃથ્વીએ પણ ત્યારે અંધારપછેડો ઓઢી લીધો.

[ ૨ ]

અનન્તચતુર્દશીનો ચંદ્ર આકાશમાંથી સુધા વરસાવી રહ્યો હતો. નાનું એવું અડાલજ ગામ નિદ્રાની ગોદમાં લપાઈ ગયું હતું. વાવનાં ઊંડાં ઘૂમરી લેતાં જળ પણ જંપી ગયાં હતાં. ખેતરોના ભર્યા મોલને વાયુ પંપાળી રહ્યો હતો.

આ વેળા વિમળશાહ ને શ્રીદેવી જાગતાં બેઠાં હતાં. તાજું જ સ્નાન કર્યું હોય એમ બંનેના દેહ ચમકતા હતા. સ્ત્રીની લાંબી લટોમાંથી સુગંધી જળ ટપકી રહ્યું હતું. આછાં વસ્ત્ર બંનેએ ધાર્યાં હતાં, પણ એથી તો દેહની સુશ્રી આંખને વિશેષ કામણ કરતી હતી.

બંને થોડીવારે કંઈ ને કંઈ વાતો કરતાં, પણ

---

આપણું દુઃખ આપણા જ દોષમાંથી ઉદ્ભવે છે. તે સિવાય બીજું કોઈ આપણને નડતું નથી.

વાતો કરતાં તેથી વધારે મૌન રહેતાં. બન્ને કંઈક ઊંડા વિચારમાં હતાં.

'નાથ, હવે કેટલો સમય બાકી છે?' સ્ત્રીએ આગ્રહ મરડી. એ આ અવાજમાં મંદોત્સાહનું તત્ત્વ હતું.

'થોડી જ, પેલો તારો મધ્યાકાશ તરફ ઢળે એટલી, શ્રીદેવી!' પુરુષ જરા નજીક સર્યો, 'માતાજી પાસે કેટલા પુત્ર માગીશ? શક્તિ એટલી ભક્તિ રાખજે.'

'પુત્ર?' શ્રીદેવીએ નિરાશામાં કહ્યું, 'નાથ, સિદ્ધિની છેલ્લી ક્ષણે મન કંઈક પાછું પડે છે.'

'પેલો વાવનો વારસદાર યાદ આવે છે, કાં?'

'હા, નાથ! પુત્ર માટે આજ સુધી કરેલાં જપ–તપ આજે છેલ્લી ક્ષણે નકામાં ભાસે છે. સંતાનની વાંછના શા માટે? સાગર તરીને કિનારે શા માટે ડૂબવું? સંતાન માગીને આપણે હૈયા–શોક તો નથી વહોરતાં ને? ન જાણે દીકરા દી વાળશે કે પૂર્વજોની કીર્તિનું દેવાળું કાઢશે?'

'શાબાશ, શ્રીદેવી! મારા મનના વિચારો જ જાણે તું કહી રહી છે! મનમાં ક્યારથી મંથન જાગ્યું હતું, પણ વિચારતો હતો કે પ્રકૃતિએ સ્ત્રીના હૃદયમાં પુત્રની એષણા મૂકી છે; છેલ્લી પળે મારા વિચારો જાણી તારું મન કદાચ ભાંગી પડે, એટલે ચૂપ હતો. બાકી તો યશ એ આપણું ચિર સંતાન છે! સુકીર્તિ આપણી સાચી પુત્રી છે! ન એ માંદાં પડે, ન એ મરે. ન પૂત કપૂત બને.' વિમળશાહે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

'મારા દેવ, તમે તો મારા અંતર્યામી છો. શું યુદ્ધમાં કે શું વ્યવસ્થામાં શ્રીદેવી સદા તમારી સાથે નથી રહી? મનમાં એટલું હતું કે પત્નીધર્મની પરાકાષ્ઠા પ્રજાની ઉત્પત્તિમાં. મારા વિમળને એક બે સંતાન હોય તો, આપણે આપણાં પૂર્વજોને જેમ ઉજાળ્યાં, એમ આપણાં સંતાન આપણને ઉજાળે! પણ આજ એ ભરોસો નથી. મોટાનાં સંતાન સદા નાનાં હોય છે, એ સાર્વત્રિક અનુભવ છે! આજે પેલો છોકરો બાપદાદાના દાનને લાંછન લગાડી રહ્યો છે: કાલે આપણાં સંતાન આબુ–આરાસણનાં દેરાં કાં ન વેચે? પ્રભુદર્શનના દામ કાં ન માગે?'

'શ્રીદેવી, ધન્ય છે તને! ઊંડું વિચારતાં લાગે છે કે આપણે મૃગજળને અમૃતસરોવર સમજી તેની પાછળ હોંશે હોંશે દોડ્યાં હતાં. સંતાન એ તો પ્રકૃતિસંદેશ છે. એની મરજીથી એ આવે–આપણી મરજીથી નહીં. આપણી મરજી–આપણી વાંછના તો સ્વાર્થી છે. આપણે આપણું કંઈ માગીએ છીએ, જેને આપણી લોભ–લાલચના વારસદાર બનાવી શકાય. આજનું વિશાળ હૃદય સંતાન પામી ટૂંકું થશે, સર્વસ્વની ઇતિશ્રી સંતાનમાં થશે, હાથનો કોળિયો મોંમાં જશે, અનેકમાંથી આપણે એકમાં જશું. આજના આ માનસિક નિશ્ચય સાથે વિશ્વમાત્ર આપણું ઘર લાગે છે, પછી માત્ર ઘર જ આપણું વિશ્વ થશે.'

શ્રીદેવીએ કંઈ જવાબ ન વાળ્યો. એ વધુ વિચારમગ્ન બની ગઈ હતી.

મધરાતના ઘોર પહોર બોલતા હતા. વાવના એક ગોખમાં બિરાજેલ દેવીની આગળ સુગંધી ધૂપ ગૂંચળાં લઈ રહ્યો હતો. દીપમાળથી નાનો એવો ગોખ ઝગાંહળાં થઈ ગયો હતો.

ફડાક...એક શ્રીફળ વધેરાયું. એને પડઘો વાવની મંજિલે મંજિલે પડ્યો. શાંત જળ ખળભળતાં લાગ્યાં.

ફડાક...બીજું શ્રીફળ વધેરાયું, ને ચારે તરફ હવાના સુસવાટા ધૂપ-દીપને ડોલાવવા લાગ્યા.

ફડાક, ફડાક, ફડાક: ત્રણ, ચાર ને પાંચ: પાંચમું શ્રીફળ વધેરાયું કે વાતાવરણમાં અવાજો આવવા લાગ્યા. વાવનાં જળ ધીરે ધીરે જાણે પગથિયાં ચડતાં હતાં.

છઠ્ઠા અવાજે પાણી રંગીન બની ગયું. વાતાવરણ અપાર્થિવ બન્યું!

સાતમા અવાજે પચરંગી ચૂંદડીઓ ઝુલાવતી એક તેજમૂર્તિ સપ્તમંજિલ વાવને આવરીને ઊભી રહી.

શ્રીદેવીએ ચૂંદડી ધરી. કંકુનો બનેલો ન હોય તેવો, સુવર્ણકંકણથી મઢેલો એક હાથ આવીને એ ઉપાડી ગયો. તરત એક ઘોષ ગાજી રહ્યો. જાણે એ કહેતો હતો:

---

સત્યને માર્ગે ચાલવાનો જેનામાં દૃઢ નિશ્ચય નથી, તે મુશ્કેલીથી બચી જાય છે એ ખરું, પણ એથી સાચા જીવનમાં તેનો પ્રવેશ જ થતો નથી.

'શ્રીદેવી, વિમળશાહ! માગો, માગો, તમારે શું જોઈએ છે? વિશ્વાસ ધરજો, કે શક્તિની પૂજા વ્યર્થ નહીં જાય.'

'વિશ્વાસ છે, મા શક્તિ, તારામાં!'

'તો ખુલ્લા મને માગી લો!'

'માજી, અમે અમારામાં સમાઈ જઈએ, અમે જીવનભર નિઃસંતાન રહીએ, એવું વરદાન આપો!' પુરુષે કહ્યું.

'શું કહ્યું?' ફરી પ્રશ્ન થયો.

'માજી, સંતાનની વાસના આથમી ગઈ. એવી શક્તિ આપજો કે પથ્થર પર પણ પુત્રની મમતા જાગે. વગર વંશે અમારી વેલ પાંગરે!' શ્રીદેવીએ કહ્યું.

'પુત્રી, ભૂલતી તો નથી ને? ફરી વિચારી જો.'

'વિચારી લીધું, માતાજી!'

'વાંઝિયામેણું ભારે નહિ લાગે?'

'ભલભલા તીર્થંકરો, સંતો, ચક્રવર્તીઓને ભારે ન લાગ્યું, ને અમને લાગશે! પુત્ર તો થાય ને મરી પણ જાય! ભર્યો ખોળો ક્ષણમાં ખાલી થઈ જાય! પુત્ર તો પિતાની કીર્તિને ઉજાળે, એમ ઝાંખી પણ પાડે: એવા ચિરંજીવીથી ચિરંજીવ બનવા કરતાં અમારી સેવા ને સ્વાર્પણ ભલે ને અમને ચિરંજીવ રાખે.'

'તથાસ્તુ! વિમળ! પુત્ર! શ્રીદેવી! બેટી! તમારી સેવા ને સુકીર્તિ અમરવેલની જેમ યુગે યુગે ફૂલશે ને ફાલશે!'

એક હવાનો સપાટો આવ્યો. જ્યોત બધી બુઝાઈ ગઈ. અપાર્થિવ વાતાવરણ બધું પાર્થિવ બની ગયું.

સ્ત્રી અને પુરુષ ચંદ્રના અજવાળે બહાર નીકળ્યાં.

'વહાલા, આજ જાણે ફરી આપણે જુવાન બની ગયાં લાગીએ છીએ. એ નિસાસા, એ અધૂરિયાપણું, એ નીરસતા જાણે જીવનમાંથી નીકળી ગયાં.'

'શ્રીદેવી, હવે આ યુવાની સદા આપણા સૌભાગ્ય સાથે રહેશે. હવે આપણે વૃદ્ધ નહીં થઈએ, વાનપ્રસ્થ નહીં થઈએ. કદી આપણે નકામાં નહીં બનીએ. સંસારને પ્યારથી નીરખશું, પ્રેમની સરવાણીથી સંસારને નવરાવીશું.'

ચંદ્ર અને ચકોરીશાં બંને મરકી રહ્યાં. ઉપર સુધાંશુ ચંદ્ર પણ કૌમુદી પ્રસારતો મરકી રહ્યો હતો.

*

---


## 'આશીર્વાદ'ના પ્રેમી સેવાભાવી સજ્જનોને

સત્‌-સાહિત્યના પ્રચાર માટે આપના ગામમાં 'આશીર્વાદ'ના એજન્ટનું કામ આપ જ ઉપાડી લો.

એક પોસ્ટકાર્ડ લખવાથી ગ્રાહકો નોંધવાની છાપેલી પાવતીબુક મોકલી આપવામાં આવે છે.

ગ્રાહકોનાં સરનામાં તથા તેમનાં લીધેલાં લવાજમોની રકમ દર માસની આખર તારીખ પહેલાં 'આશીર્વાદ'-કાર્યાલયને મનીઑર્ડરથી મોકલી આપવાં.

લવાજમની રકમ કાર્યાલયમાં જમા થયા પછી જ ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવે છે.

એજન્ટોને કાર્યાલય સાથેનું ટપાલખર્ચ, મનીઑર્ડરખર્ચ વગેરે મજરે આપવામાં આવે છે.


---

# સૌન્દર્યના માર્ગે

શ્રી 'શિવ સુંદરમ્'

માનવીના જીવનમાં કોઈ વાર એવી એક ચોટ વાગી જાય છે, એવી એક લપડાક વાગી જાય છે, એવો એક અજબ બનાવ બની જાય છે, જેથી તેનો આખોય જીવનરાહ જ બદલાઈ જાય છે.

બરાબર આવું જ મારી નાની બહેન શૃંગારિકાની બાબતમાં બન્યું.

આ સાથે એક આડવાત પણ કહી દઉં. મારાં ફઈબાનું જ્યોતિષ-જ્ઞાન ખાસ કરીને અમારાં સગાં-સંબંધી અને પાડપાડોશમાં સારું વખણાતું. તેનાં અનેક દૃષ્ટાંતો અમારી સમક્ષ મોજૂદ છે. તેમાંનું એક તે મારાં અને મારી નાની બહેનનાં તેમણે પાડેલાં નામો. મારું નામ તેમણે 'પ્રિયવદન' પાડેલું છે; અને ખરેખર મારું વદન હું જ્યાં ગયો છું ત્યાં—ઠેઠ અમેરિકામાં પણ સૌને પ્રિય રહેલું છે. મારાં પોતાનાં કુટુંબીજનોમાં એમના વિરુદ્ધ—એમને મુદ્દલ ન રુચે એવાં કેટલાંક સુધારાવાળાં કામો મેં કરી નાખ્યાં છે છતાં મારું વદન તેમને હંમેશાં પ્રિય લાગેલું છે; અર્થાત્ મારું મોં જુએ કે તરત જ મારા બધા અપરાધો માફ કરવા તેઓ તૈયાર થઈ ગયા છે.

હવે રહી મારી બહેન શૃંગારિકાની વાત. 'શૃંગારિકા' નામ પણ ફઈબાએ બરાબર બહેનના ગુણ જોઈને જ પાડેલું છે એમ સૌને અને ખાસ કરીને મને તો લાગ્યા કરતું હતું. કેમ કે શું વસ્ત્રના, શું ઘરેણાંગાંઠાં કે શું પફપાઉડરના શૃંગારમાં મારી બહેન 'શૃંગારિકા' એક્કો.

ગાંધીવાદી વિચારસરણી અને આપણી પ્રાચીન ભારતીય વિચારસરણીમાં રંગાયેલો હું 'ઉચ્ચ વિચાર અને સાદા આચાર'માં માનતો. ટૂંકમાં સાદાઈમાં હું માનતો; એથી ઊલટું શૃંગારિકા, તેના નામ પ્રમાણે, શૃંગારમાં માનતી. અરે, એકલાં વસ્ત્રોમાં શૃંગાર સજે તો તો જાણે ધૂળ નાખી, અરે પફ-પાઉડર-જેમાં ખાસ કંઈ ખર્ચ થતો નથી તેનો જ શોખ રાખે તો ચલાવી લઈએ; પરંતુ તેને નાનપણથી જ ઘરેણાંગાંઠાંનો પણ એટલો જ શોખ. નાક, કાન, ગળું, હાથ, પગ સુધ્ધાંનાં ઘરેણાં તેને જોઈએ. એમાંના એકેય વગર ન ચાલે. કોઈ કોઈ વાર સોનાનાં ઘરેણાંથી ન ધરાતી તે હીરાનાં ઘરેણાં સુધી પહોંચતી.

અમારા શ્રીમંત ઘરને એ પોષાતું હતું એની ના નહિ, પરંતુ એટલા પૈસા કોઈ સારે રસ્તે વાપર્યા હોય તો કેવું, એ પ્રશ્ન શૃંગાર સજેલી શૃંગારિકાને જોઈ હરઘડીએ મને થતો અને કોઈ કોઈ વાર તો મને એ દીઠીયે ન ગમતી. મેં તેને સાદાઈ તરફ વાળવા લાખ લાખ વાનાં કર્યાં, કેટકેટલા ઉપદેશો આપ્યા, તેવો ઉપદેશ આપતાં પ્રાચીન તેમ જ અર્વાચીન મહાત્માઓનાં પુસ્તકો તેના હાથમાં મૂક્યાં, પરંતુ એ બધું પથ્થર ઉપર પાણી! એ ભગવાન એના એ!

પરંતુ શૃંગારિકા કરતાં પણ વધુ ચીડ મને મારી માતા ઉપર ચઢતી. કેમ કે હું શૃંગારિકાને વઢું, ઉપદેશ દઉં ત્યારે બા તેનું ઉપરાણું લેતાં કહેતાં: 'નાની ઉંમરમાં નહિ પહેરે ઓઢે ત્યારે ઘડપણમાં મારી જેમ ડોશી થશે ત્યારે પહેરશે? તુંયે કેવો પાજી જીવનો છે! બાપડી છોકરીને ટોકી-ટોકીને અડધી કરી નાખી!'

પછી તો શૃંગારિકા મૅટ્રિક લગી ભણી, તોપણ તેના શૃંગારમાં રજમાત્ર ફરક પડ્યો નહિ. ઊલટાના પશ્ચિમના શૃંગારો—કાંડે ઘડિયાળ વગેરે વધ્યાં.

છતાં શૃંગારિકાને રોકવાનું મારું કામ ચાલુ રહ્યું. પછી તો શૃંગારિકા શાળામાંથી ઊઠી ગઈ અને તેનું લગ્ન પણ થઈ ગયું. એ પછી પણ તેનો શૃંગારઠાઠ તો ચાલુ જ રહ્યો. હવે ઘરના 'સંસ્કાર' બહાર જશે એ બીકે મેં તેને ઘણે દિવસે કહ્યું: 'શૃંગારિકા, હવે તો કંઈક સમજ!'

મારું પૂરું સાંભળવા પણ તે ન થોભી અને તે સીધી બા પાસે ગઈ. બાને કહ્યું: 'જો ને બા, હજુયે ભાઈ ટોક ટોક કરે છે! હવે હું કંઈ નાની છું?'

શૃંગારિકા હવે પારકી થાપણ બની હતી. એટલું જ નહિ પણ પોતાના સાસરે રહેવા પણ

---

**માણસ જ્યાં સુધી વાસનાઓમાં મગ્ન રહેતો હોય ત્યાં સુધી તેનામાં મુક્ત રીતે વિચાર કરવાની શક્તિ અથવા વિવેકશક્તિ પ્રકટ થતી નથી.**

ગઈ હતી. એટલે બાએ મારા સામું ડોળા કાઢતાં કહ્યું, 'ખબરદાર વદન, મારી શૃંગીની બાબતમાં તારે વચ્ચે ન પડવું. હવે એ આપણા ઘરનું માણસ નથી તે પહેલાંની જેમ ફાવે તેમ ટોક ટોક કરે છે! બિચારી છોકરીને પોતાનું ગાંઠનું પણ પહેરવા–ઓઢવા દેતો નથી, તો પછી મારો દેહ ઢળી પડ્યા પછી તેને સાલ્લો સરખોયે નહિ લે!'

એ વખતે મારા પર બાનો એવો મિજાજ બગડ્યો હતો કે મિયાંની મીંદડી માફક હું ચૂપ થઈ ગયો. ત્યારથી શૃંગારિકાનો શૃંગારશોખ વધતો જ ચાલ્યો. એ પ્રસંગથી મેં તેના સાથે બોલવાનું જ બંધ કરી દીધું; અબોલા લીધા.

એ પછી તો હું વધુ અભ્યાસાર્થે અમેરિકા ગયો અને પૂરાં ચાર વર્ષે પાછો ફર્યો. મને મુંબઈના બારા સુધી શૃંગારિકા મૂકવા આવી હતી; જોકે તેનો શૃંગારભપકો મને ગમતો ન હોવાથી મેં એ વખતે તેના સામુંયે ખાસ જોયું નહોતું એ મને બરાબર યાદ છે–માત્ર લોકલાજે તેની સાથે તૂટકતૂટક 'આવજો, જજો' શબ્દો બોલ્યો હતો એટલું જ.

પરંતુ જ્યારે અમેરિકાથી પાછો ફર્યો ત્યારે મારું પહેલું જ ધ્યાન શૃંગારિકાએ જ ખેંચ્યું.

હવે એ પહેલાંની શૃંગારિકા જ નહોતી–હવે એ સાદાઈની મૂર્તિ બની ગઈ હતી–બીજી જાણે મીરાંબાઈ જોઈ લ્યો. બધાંને મૂકી સૌ પહેલાં મેં તેનો જ હાથ પકડ્યો ને પૂછ્યું: 'કેમ શૃંગી, સારી સાજી છે ને?'

જવાબમાં શૃંગારિકા હસી. આ વખતે મને એનું હસવું પણ સાવ સ્વાભાવિક અને ખૂબ જ સુંદર લાગ્યું.

પરંતુ શૃંગારિકામાં આવો એકાએક ફેરફાર શાથી આવી પડ્યો એ મારે મન એક જબરદસ્ત કોયડો હતો.

મેં પાછળથી એ આખી વાત શૃંગારિકા કનેથી કઢાવી.

વાત આમ બની હતી.

સમજુ નામની શૃંગારિકાની એક ખાસ નોકરડી હતી. શૃંગારિકાનું તમામ કામકાજ દશ-અગિયાર વર્ષની આ ચપળ નોકર છોકરી કરે. શૃંગારિકાના ખંડને સાફસૂફ રાખવો, તેનાં કપડાં ગોઠવવાં વગેરે બધું કામ તેને માથે.

આ સમજુની માતા–ચંચળ અમારી પડખેના બંગલામાં ઘણા વખતથી નોકર બાઈ તરીકે વફાદારીથી કામ કરતી હતી. એટલે જ તેની દીકરી સમજુને અમે અમારે ત્યાં રાખી દીધેલી.

સમજુની એક વખત દાનત બગડેલી. બીજું તો નાના છોકરાનું શું ગજું, પરંતુ શૃંગારિકાની ચાર–પાંચ આનાની કચકડાની અંબોડામાં ખોસવાની ચાંપ તે ચોરી ગયેલી. અને તે પકડાઈ પણ ગયેલી. આ બનાવનો હું સાક્ષી હતો. સમજુની બા–ચંચળે તેની ધૂળ કાઢી નાખેલી; શૃંગારિકા તેના પર બહુ ઊડેલી; ત્યારે ઘરનાં સૌ શૃંગારિકાનો પક્ષ લઈ સમજુને વઢવા લાગ્યાં. પરંતુ હું જ એક એ બધાંની વિરુદ્ધ જઈ બોલેલો: 'શૃંગારિકાબહેનને આટલો બધો ઠાઠઠઠેરો જોઈએ, તો તેની નોકરડીને નાની સરખી ચાંપ પણ ન જોઈએ! એ તો હજુ નાનું છોકરું છે. છોકરાંઓ તો નકલિયાં હોય છે. બીજાનું જોઈને એ શીખે છે. તેમાં તેનો શું વાંક?' વગેરે, વગેરે.

આથી મારા પર બધાં ખૂબ ચિડાયેલાં, માત્ર શૃંગારિકા સિવાય. તે એ વખતે મારા કથનમાં કાંઈક વિચાર કરતી થઈ ગઈ હતી.

એ પછી માંડવાળ થઈ, સમજુએ પોતાનો ગુનો કબૂલ કરી લીધો અને હવે ફરીથી તેવો ગુનો એના હાથે કદી નહીં થાય એવી ખાતરી આપવાથી તેની નોકરી ચાલુ રાખવામાં આવી.

* *

મારા અમેરિકા ગયા પછી બીજે વર્ષે એક ગજબનાક બનાવ ઘરમાં બની ગયો.

પોતાના ખંડમાં સવા લાખ રૂપિયા જેટલા કીમતી હીરાના કાપ કાઢી શૃંગારિકા બાથરૂમમાં

---

માણસ જગતમાંથી જેટલા પદાર્થો વાપરે છે, ભોગવે છે, તે પદાર્થો જેટલા શ્રમથી ઉત્પન્ન થયા હોય તેટલો શ્રમ એ જગત માટે ન કરે તો તે જગતનો ચોર છે, જગતનો દેવાદાર છે.

નહાવા ગયેલી. નાહી ધોઈને પાછાં ફરતાં જુએ તો પોતાના હીરાના કાપ ન મળે! વાઢો તો લોહી ન નીકળે એવી તેની સ્થિતિ થઈ રહી. એક તો એ કાપ કીમતી તો હતા જ; ઉપરાંત પોતાના લગ્નમાં પિતાએ ખાસ લઈ આપેલા હોવાથી શૃંગારિકાને ખાસ પ્રિય પણ હતા.

આખા ઘરમાં ધમાલ થઈ પડી. સૌની નજર બીજા જ રૂમમાં કચરો કાઢતી સમજુ પર પડી. એક વાર ચોરી કરતાં તો તે પકડાઈ પણ હતી!

બા, બીજા નોકરચાકરો અને શૃંગારિકાએ સમજુની ધૂળ કઢી નાખી. સમજુની માતા ચંચળને પણ એ લાવવામાં આવી. પ્રમાણિકતાની મૂર્તિ જેવી ચંચળને આ પ્રસંગથી ખૂબ જ લાગી આવ્યું. તેને પોતાની આ 'ચોરટી' દીકરી–સમજુ પર ખૂબ ખૂબ ગુસ્સો ચડ્યો. દીકરીને તે એટલું પૂછવા પણ ન રહી કે એણે ખરેખર હીરાના કાપ લીધા છે કે નહીં! અરે, પોતાની માતાની ધાકથી પોતે હીરાના કાપ લીધા છે એવું પણ બેત્રણ વાર નાનકડી સમજુએ કબૂલ કરી લીધું!

બસ! એ દિવસે અને એ જ વખતે ચંચળે સમજુને ઢોરમાર માર્યો! ચંચળનો ક્રોધ ખૂબ ખરાબ હતો. મારથી સમજુ બેભાન બની ગઈ. એ તો શૃંગારિકાને એ ગભરુ છોકરીની કંઈક દયા આવી અને એ વચમાં પડી, નહિતર એ દિવસે પોતાની માના–ચંચળના હાથે સમજુનો ટોટો પિસાઈ જાત!

એટલામાં બાર વાગ્યે મારા પિતા પેઢીએથી આવ્યા. અને પોતાના ખંડમાં જતાં પહેલાં મારી માતાને કહ્યું; 'શૃંગીના હીરાના કાપ આજે હું મોતીચંદ ચોકસીને આપી આવ્યો છું.' ત્યાં જ બાએ કેવું ઓઠ્ઠું ચોડ થઈ ગયું હતું, કેવું ઊંધું વેતરાઈ ગયું હતું, તેની વાત પિતાજીને કરી. ભાવિક હૃદયના અને ઓછાબોલા પિતાજી લડ્યા. દિલગીર થઈ તેઓએ પોતાની વાતનો ખુલાસો કરતાં કહ્યું, 'આજે મારે ચોકસીની દુકાને જવાનું હતું. ત્યાં મેં શૃંગારિકાનાં વસ્ત્રો ત્યાં પડેલાં હતાં અને આયના આગળ તેના કાપ પડેલા હતા. મારે પેઢીનું મોડું થતું હતું એટલે કોઈને કહેવા રોકાયો નહોતો. ઉપરાંત ચોકસી આવતે અઠવાડિયે તો પૅરિસ જવાના છે, એટલે મને તેમણે ઝટ એ કાપ પહોંચાડવા કહેવડાવ્યું હતું. બિચારી છોકરી નકામી ટિપાઈ ગઈ! પ્રભુ! પ્રભુ!'

પિતાજીના આ શબ્દો બા અને શૃંગારિકાએ સાંભળ્યા ત્યારે એ બંનેનાં મોં સિવાઈ ગયાં. શૃંગારિકા તો સાવ છોભીલી પડી ગઈ. તે તો પિતાજીનું પૂરું કથન પણ ન સાંભળતાં પોતાની રૂમમાં બેભાન પડેલી સમજુ પાસે દોડી ગઈ, અને તેનું માથું પોતાના ખોળામાં લીધું. પછી તો પોતે જાતે તેના દવાદારૂનું ધ્યાન રાખ્યું અને તેને સારી કરી.

ત્યારથી, એ પળથી જ શૃંગારિકાના હૃદયમાં ઘોર મનોમંથન ચાલ્યું. તેને થયું;

'મૂઆં મારાં ઘરેણાં! મૂઓ મારો શૃંગારશોખ!'

ત્યારથી તેનો ઘરેણાં કે વસ્ત્રોનો શોખ સાવ ઊતરી ગયો અને મારી સાદાઈની વાત તેને સાંભરવા લાગી. સાદાઈને તેણે બીજે જ દિવસથી અપનાવી.

એ પછી શૃંગારિકાએ તેના જીવનમાં શૃંગાર પાછળ બિલકુલ લક્ષ્ય આપ્યું નથી. અને ખરે. તેની અત્યારની સાદાઈમાં જ તેનું કુદરતી—સાચું સૌંદર્ય પૂર્ણપણે ખીલી ઊઠ્યું છે.

*

---

જેમ તલમાંથી તેલ નીકળવા માટે એને પિસાવું જરૂરી હોય છે, તેમ જીવનમાં પ્રકાશ, બુદ્ધિ અથવા અધિક ચેતનતા પ્રકટ થવા માટે એને કઠિન તથા બારીક પરિસ્થિતિમાંથી પસાર થવું જરૂરી હોય છે.

*

માણસની પાસે ધન, વિદ્યા વગેરે હોય અને સાથે તેનો ગર્વ પણ હોય તો સમજવું કે તે બેવડા ભારથી લદાયેલો છે. તેના કરતાં તેમાંનું એકે તેની પાસે ન હોત તો તે વધુ શાન્ત, પ્રસન્ન, માનસિક નીરોગિતાવાળો અને વાસ્તવિક સમજણવાળો હોત.

# ચંદ્રહાસ

શ્રી 'આનંદમોહન'

કેરલનો રાજકુમાર અને કૌંતલકનરેશ ચંદ્રહાસ પુરાણોમાં ઈશ્વિરકૃપાનું એક અજબ સીમાચિહ્ન છે. ચંદ્રહાસની કથા ખૂબ જ જાણીતી છે. છતાં આજના માનસને ખૂબ અજાણી પણ છે. ચંદ્રહાસચરિત્ર પર અનેક ભાષામાં નાટકો પણ રચાયાં છે, કારણ પરમ વિષ્ણુભક્ત રાજેન્દ્રોમાં એની ગણના છે. અપાર સમૃદ્ધિ અને અનોખા રાજવૈભવ હોવા છતાં એનું સર્વસ્વ શ્રીહરિચરણે સમર્પિત હતું. 'तेन त्यक्तेन भुंजीथाः' એ શ્રુતિવાક્યનું એણે આજીવન પાલન કર્યું હતું. આવા હરિભક્ત રાજવીનો જન્મ કેરલના રાજેન્દ્રને ત્યાં મૂળ નક્ષત્રમાં થયો હતો. એના પગને ૭ આંગળીઓ હતી. મૂળ નક્ષત્રમાં જન્મેલો અને ૭ આંગળીવાળો બાળક અત્યંત અપશુકનિયાળ ગણાય છે, એટલે જ્યોતિષીઓની સલાહ અનુસાર એને ઘોર જંગલમાં ત્યજી દેવામાં આવ્યો હતો. કેરલ પર દુશ્મનો ચઢી આવ્યા. રાજા યુદ્ધમાં ખપી ગયો. રાણી સતી થઈ. ઘોર જંગલમાં રસ્તામાં પડેલા આ બાળકને ગ્રામ્ય સ્ત્રીઓએ ઉછેર્યો. પાંચ વર્ષનો થતાં ગ્રામ્ય બાળકો સાથે તે એક દિવસ નગરમાં આવ્યો. એનું અપૂર્વ લાવણ્ય જોતાં ઘણી સ્ત્રીઓ એને ફળમેવા ખવડાવવા લાગી અને આ રીતે એ નગરમાં ભ્રમણ કરતો રહ્યો.

એક દિવસ કૌંતલકનરેશના પ્રધાન ધૃષ્ટબુદ્ધિના મહાલય પાસે એ આવી પહોંચ્યો. ધૃષ્ટબુદ્ધિને ત્યાં બ્રહ્મભોજન હતું. બાળકો સાથે આ બાળકને પણ ભોજન આપવામાં આવ્યું. ચમકતી મુખમુદ્રા પર વેરાતા તેજઃપુંજને જોઈ એક મુનિએ ધૃષ્ટબુદ્ધિને પૂછ્યું: 'આ દેવાંશી બાળક કોણ છે?'

ધૃષ્ટબુદ્ધિએ કહ્યું: 'ગામમાં આવાં ઘણાં નમાયાં બાળકો રખડે છે એમાંનો હશે.'

મુનિએ કહ્યું: 'આ બાળક તમારો ઉત્તરાધિકારી છે તો એને પાસે રાખી પ્રેમથી ઉછેરજો.'

આ આગાહી સાંભળી ધૃષ્ટબુદ્ધિના કાળજામાં તેલ રેડાયું. મારે તો બે રાજકુમારો છે; છતાં આ બાળક મારો ઉત્તરાધિકારી? ઉપરથી પ્રસન્નતા બતાવી ધૃષ્ટબુદ્ધિએ મુનિના કહેવા પ્રમાણે બાળકને મહેલમાં મોકલી આપ્યો. થોડા દિવસ બાદ ચાંડાલોને બોલાવી એનો વધ કરવાની આજ્ઞા આપી અને એના અંગનું કોઈ ચિહ્ન પાછું લાવવા આજ્ઞા કરી. આ કાર્ય માટે સારું દ્રવ્ય આપ્યું. ચાંડાલો બાળકને ઘોર જંગલમાં લઈ ગયા પણ એને જોતાં તેઓને એના પર પ્રેમ ઊપજ્યો અને એના વધનો વિચાર માંડી વાળ્યો. ધૃષ્ટબુદ્ધિને બતાવવા એની છઠ્ઠી અપશુકનિયાળ આંગળી કાપી લીધી અને રુધિર વહેતા પગે જંગલમાં છૂટો મૂકયો. વેદનાથી આડા પડેલા બાળકનો પગ એક વેલા પર પડયો અને બાળકની આંગળીનો ઘા રુઝાઈ ગયો. સચ્ચિદાનંદ સર્વત્ર વ્યાપક છે, એ પ્રભુએ તૃણ મારફત સિદ્ધ કરી બતાવ્યું.

ચાંડાલોએ કાપેલી આંગળી ધૃષ્ટબુદ્ધિને આપી અને એને બાળકવધનો સંતોષ થયો. ધૃષ્ટબુદ્ધિએ આ રીતે બાળકના દુષ્ટ ગ્રહને પોતાનો જ ભક્ષક બનાવ્યો. વનમાં પડેલા બાળકનાં અંગો હરણીઓ ચાટવા માંડી. મયૂરો ચાંચમાં ઘાલી ફળો લાવ્યા. પક્ષીઓએ છાયા કરી. વનધેનુઓએ એના મુખમાં દૂધની ધાર કરી. આ રીતે બાળક પશુ પક્ષીના સહવાસમાં અમુક દિવસ પડી રહ્યો. દૈવયોગે શિકારે નીકળેલો ચંદનાવતીનરેશ કુલિંદ આ વનમાં આવી પહોંચ્યો. આ દિવ્ય બાળકને પક્ષીઓથી વીંટળાયેલો જોઈ આશ્ચર્ય પામી તે આગળ આવ્યો. બાળકને એનાં માતાપિતા કોણ છે એવો પ્રશ્ન કર્યો. બાળકે કહ્યું: 'મારાં માતા અને પિતા જે ગણો તે શ્રીહરિ છે. એનું આ જગત છે. એનાં અસંખ્ય બાળકોમાંનો હું પણ એક છું.'

રાજાને આ હરિરસામૃતથી ટપકતી ભાવભીની વાણી સાંભળી વહાલ ઊપજ્યું અને બાળકને ઘોડા પર બેસાડી નગરમાં લઈ ગયો. રાણી અપુત્ર હતી. એણે પ્રભુએ આપેલ આ બાળકને પોતાનો કરી રાખ્યો અને સ્નેહથી ઉછેરવા માંડી.

થોડા દિવસ બાદ કુમાર બનેલ આ અનાથ બાળકને વિદ્યા ભણવા માટે ગુરુને ત્યાં પાઠશાળામાં

---

પરાઈ પીડા જેને પોતાની પીડા જેવી લાગે છે, પોતાની પીડા જેટલી વેદના કરે છે, તે સાચો ભક્તિયોગી અથવા વૈષ્ણવજન છે.

મોકલ્યો. એના નામકરણની વિધિ માટે જોષીઓને બોલાવ્યા. જોષીઓએ એના મુખમાંથી ચંદ્રકિરણની આભા નીકળતી જોઈ એનું નામ ચંદ્રહાસ પાડ્યું અને આ બાળક પરમ પ્રતાપી અને મહાન વિષ્ણુ-ભક્ત થશે એવું ભવિષ્ય ભાખ્યું.

વિદ્યાભ્યાસમાં ગુરુજી ગમે તેટલું શીખવે તોપણ બાળક સવાલજવાબમાં શ્રીહરિ જ બોલે. ગુરુજી ચિઢાયા. રાજાને જાણ કરી અને ઉદ્ધત કુમારને શિક્ષા કરવાની આજ્ઞા માગી. રાજાએ કહ્યું : 'એ સ્વયંસિદ્ધ છે. એ જે બોલે એ બોલવા દો. હમણાં ચાલે એમ ચાલવા દો. ઉપનયનસંસ્કાર બાદ વેદાભ્યાસ કરાવીશું.'

સમય થયે ચંદ્રહાસના ઉપનયનસંસ્કાર કરવામાં આવ્યા. હવે વેદાભ્યાસનો સમય સમીપ આવી લાગ્યો. સામવેદનાં ગાન એ હર્ષથી ભણ્યો. ધનુર્વેદ શીખવાનો વખત આવ્યો ત્યારે ભક્તિધનુષ્યમાં એકાગ્રતાનું બાણ સાધી શ્રીહરિના લક્ષ્યવેધને એણે હૃદયમાં સ્થિર કર્યો. પંચ વિષયોને બાણો બનાવ્યાં અને હરિરૂપ લક્ષમાં એનું અનુસંધાન કરી ધનુર્વેદમાં પારંગત થયો.

ચંદનાવતીનરેશ કુંતલ કૌંતલકનરેશનો ખંડિયો હતો અને બદલામાં એને પુષ્કળ ખંડણી આપવી પડતી. એથી પ્રજાકલ્યાણ સાધી શકાતું નહિ. ઉંમર-લાયક થતાં ચંદ્રહાસને આ વાત ખટકી. પ્રત્યેક રાજ્ય પ્રજાની આબાદી અને કલ્યાણ માટે છે. આ વાત એણે કુલિંદને સમજાવી અને લશ્કર લઈ દિગ્વિજય કરવા નીકળ્યો. દુષ્ટોને ચંદ્રહાસ દ્વારા શાસન કરાવવાની શ્રીહરિની ઇચ્છા હતી એટલે ચંદ્રહાસ બધે વિજયી નીવડ્યો. હાથી, ઘોડા, રથ અને ઊંટો ભરીને પુષ્કળ દ્રવ્ય ખંડણીમાં લાવ્યો. પૌરાંગનાએ એ સુવર્ણકળશો માથે ચઢાવી એનું સન્મૈયું કર્યું. માતાએ ઓવારણાં લીધાં. પિતાએ મસ્તક સૂંઘી આશિષ આપી અમુક સમય બાદ સારું મુહૂર્ત જોઈ રાજાએ ચંદ્રહાસનો રાજ્યાભિષેક કર્યો. પ્રજા 'ધન્ય ધન્ય,' 'સાધુ સાધુ' આવા પોકારો કરવા માંડી.

ચંદ્રહાસે અલ્પ સમયમાં કૂવા–વાવ, તળાવ, ધર્મશાળાઓ, સદાવ્રતો, રુગ્ણાલયો સ્થાપ્યાં. રસ્તા-ઓની મરામત કરાવી. ઘટાદાર ફળવાળાં વૃક્ષો રોપાવ્યાં. આથી આખી ચંદનાવતીનો પ્રદેશ અમરા-પુરી જેવો સમૃદ્ધ અને શોભીતો બન્યો. એક દિવસ પોતાના ઉપરી કૌંતલકનરેશને પણ પ્રસન્ન કરવા બમણી ખંડણી મોકલવા રાજપિતાએ ચંદ્રહાસને આજ્ઞા કરી કારણ એથી પ્રધાન ધૃષ્ટબુદ્ધિ અને રાજ્યસલાહકાર ગાલવમુનિ પ્રસન્ન થશે એમ કહ્યું. ચંદ્રહાસે તુરત જ પિતૃઆજ્ઞાનો અમલ કર્યો અને પિતાના કહેવા પ્રમાણે બધું જ કૌંતલકનરેશને મોકલી આપ્યું. પ્રધાન ધૃષ્ટબુદ્ધિ તો આ બધું જોઈ છક થઈ ગયો અને આ આવ્યું ક્યાંથી એવો પ્રશ્ન કર્યો.

રાજાઓએ ચંદ્રહાસની સુવ્યવસ્થા, દિગ્વિજય અને પ્રજાસેવાનાં વખાણ કર્યાં. થોડા દિવસ બાદ આવા ભવ્ય રાજકુમારને જોવા ધૃષ્ટબુદ્ધિ જાતે ચંદનાવતી ગયો. એને ડર હતો કે રખે ને આવો પ્રજાવત્સલ યુવાન રાજવી કોઈ દિવસ આપણને પણ ન જીતી લે

ધૃષ્ટબુદ્ધિનો રાજા કૌંતલે અપૂર્વ સત્કાર કર્યો. ધૃષ્ટબુદ્ધિએ ઉપરથી પ્રસન્નતા દાખવી, પણ એક વખતના ખંડેર જેવી ચંદનાવતીનો વૈભવ અમ-રાપુરી જેવો જોઈ એ અંતરથી તો સળગી જ ઊઠ્યો. એક દિવસ વાતવાતમાં ધૃષ્ટબુદ્ધિએ કુંતલને પુછ્યું : 'આ યુવરાજનો જન્મ ક્યારે થયો? ભલા માણસ, અમને વધામણી પણ ન મોકલી?'

કુંતલે કહ્યું : 'આ બાળક તો મને દૈવયોગે મળ્યો છે. એક વખત શિકારે ગયો હતો ત્યાં છઠ્ઠી આંગળી કપાયેલો, પક્ષીઓથી રક્ષાયેલો પાંચ વર્ષનો બાળક મેં જોયો. અપુત્ર હોવાથી હું એને ઘેર લાવ્યો, રાજોચિત શિક્ષણ આપ્યું અને એ મારા કુળને તાર-નાર મારો કુળદીપક બન્યો. આ છે એનો જીવન-ઇતિહાસ. એ મારો અનૌરસ પુત્ર છે.' આ વાત સાંભળી ધૃષ્ટબુદ્ધિના કાળજામાં પાછું તેલ રેડાયું. ચાંડાળોએ આ બાળકની આંગળી કાપી એને જીવતો રાખી જરૂર મને છેતર્યો છે તો શું આ જ મારો ઉત્તરાધિકારી થશે? તો પછી મારા બે કુમારો મદન

અન્યનું દુઃખ અને નિરાધારતા જોઈને જે તેની સહાયતા માટે વિના વિલંબે તરત દોડી જાય છે, તેનામાં સાચો કર્મયોગ રહેલો છે.

અને અમલનું શું થશે ? કોઈ પણ પ્રકારે આનો ઘાટ તો ઘડવો જ જોઈએ. અંતરનો મલિન વિચાર છુપાવી ધૃષ્ટબુદ્ધિએ ઉપરથી પ્રસન્નતા દર્શાવી અને હસતાં હસતાં કહ્યું : 'આ પુત્ર તો મને પણ મારા પુત્ર જેવો જ લાગે છે.'

થોડા દિવસના વિશ્રામ બાદ એણે કુંતલનરેશને કહ્યું : 'હું થોડા દિવસ અહીં રોકાઈશ, તે દરમિયાન મારા પુત્રોને શિક્ષણ આપવા આપ ચંદ્રહાસને મારે ત્યાં કૌંતલક મોકલો.' રાજાએ અનુમતિ આપી. પછી લખોટો મંગાવી ધૃષ્ટબુદ્ધિએ વડીલ પુત્ર મદન પર પત્ર લખ્યો :

'વહાલા મદન,

યુવાન રાજવી ચંદ્રહાસને તમારી પાસે એક વિશેષ કાર્ય માટે મોકલું છું. મુનિઓએ મારો ઉત્તરાધિકારી થવાનું જેનું ભવિષ્ય ભાખ્યું હતું તે આ જ ચંદ્રહાસ છે. એની વિશેષ વાત રૂબરૂમાં કહીશ. મારો ઉત્તરાધિકારી એટલે શું તે તમે સમજો છો. તો આ પત્ર જોતાં એનો ઔપચારિક સત્કાર કરી એને વિના વિલંબે વિષ આપજો.'

પત્ર લખોટામાં બંધ કરી ધૃષ્ટબુદ્ધિએ ચંદ્રહાસને બોલાવ્યો અને શીઘ્ર કૌંતલક જઈ મદનને આ પત્ર આપવા આજ્ઞા કરી અને કહ્યું : 'બાકીનું તમે ત્યાં જ સમજી લેજો.'

ધૃષ્ટબુદ્ધિની આજ્ઞાથી તૈયાર થઈ ચંદ્રહાસે પિતાને પ્રણામ કર્યા અને માતા મેધાવતીની આજ્ઞા લેવા ગયો.

માતાએ પુત્રને છાતી સરસો લઈ આશિષ આપી. દૂર્વા–કુમકુમથી એનું મંગલ વાંચ્છ્યું. માતાની આશિષ પામી ચંદ્રહાસ ઘોડા પર સવાર થયો. માર્ગમાં ખૂબ જ મંગલ શુકનો થયાં. સંધ્યાકાળે તે કૌંતલક નગરના ક્રીડાવન પાસે આવી પહોંચ્યો. મનોહર ઉદ્યાન જોઈ ત્યાં જ રાતવાસો કરવા નિશ્ચય કરી ઘોડાને છૂટો મૂકી એક આરસશિલા પર થાકથી નિદ્રાવશ થઈ ગયો. નિયમ પ્રમાણે રાજકુમારી ચંપકમાલિની અને અન્ય સખીઓ સાથે પ્રધાનપુત્રી વિષયા ત્યાં ક્રીડા અર્થે આવી પહોંચી. આંબાના થડે બાંધેલો અશ્વ અને આરસશિલા પર પોઢેલ કોઈ દેવાંશી રાજકુમારને જોઈ એને કુતૂહલ થયું. અન્ય સખીઓ ચંપકમાલિની સાથે પુષ્પો ચૂંટવામાં રોકાઈ હતી એ તકનો લાભ લઈ વિષયા ચંદ્રહાસ પાસે આવી પહોંચી. એની કમરમાં લખોટો જોયો. આ કોણ હશે, એ જાણવા કુતૂહલ વધ્યું. લખોટો ખોલ્યો, એમાંથી પત્ર કાઢ્યો. પિતાનો પત્ર કાઢ્યો. પિતાનો પત્ર જોઈ વાંચવાની વૃત્તિ થઈ. બધું વાંચ્યું. વાંચતાં વાંચતાં 'શીઘ્ર વિષ આપજો' એ વાત ખટકી. ધીમે રહી આંબાના ગુંદરમાં ટચલી આંગળી બોળી આરતેથી વિષની આગળ 'યા' અક્ષર ઉમેર્યો એટલે 'વિષયા' આપજો એમ થયું. પછી કાગળ જેમનો તેમ બંધ કરી આરતેથી સખીઓ હતી ત્યાં સરકી ગઈ.

પ્રભાત થતાં ચંદ્રહાસ જાગ્યો. સરસીમાં સ્નાન કર્યું. સૂર્યને અર્ઘ્ય આપ્યો. પુષ્પો ચૂંટી પીપળાના થડમાં ભગવાન વિષ્ણુની કલ્પના કરી પૂજન–અર્ચન કર્યું અને અશ્વારૂઢ થઈ નગરમાં આવ્યો. પ્રધાન ધૃષ્ટબુદ્ધિનો અતિથિ જાણી પરિચારકો એને પ્રધાનના મહેલમાં લઈ ગયા. પ્રધાનપુત્ર મદને ચંદ્રહાસનો રાજોચિત સત્કાર કર્યો અને આવવાનું પ્રયોજન પૂછ્યું. ચંદ્રહાસે મદનને એના પિતાનો પત્ર આપ્યો અને કહ્યું : 'એનો શીઘ્ર અમલ કરવા કહ્યું છે; એમાં શું લખ્યું છે એ હું જાણતો નથી.'

મદને બધાના દેખતાં એ પત્ર વાંચ્યો અને પિતાની આજ્ઞાનુસાર વિષયા એને લગ્નમાં અર્પવાના નિશ્ચય પર આવ્યો. પ્રધાનની આજ્ઞા–શીઘ્ર લગ્નનો આદેશ–આ બધું હેતુપૂર્વકનું જ હશે એમ માની બધાએ સંમતિ આપી.

જ્યોતિષીઓને બોલાવ્યા. બધાએ ગોધૂલિક લગ્નનું મુહૂર્ત આપ્યું. શીઘ્ર મંગલકલશયુક્ત કુમારીઓ બોલાવવામાં આવી. મંડપચોરીની રચના થઈ. કન્યાને મંડપમાં પધરાવી. વેદમંત્રોના સપ્તપદીના મંત્રોનાં ઉચ્ચારણો થયાં. પરસ્પર પ્રતિજ્ઞાઓ લેવાઈ. ગોત્રોચ્ચારમાં ચંદ્રહાસે માતાપિતા તરીકે ભગવાન વિષ્ણુનું જ નામ આપ્યું અને કુલિંદનરેશને તો

---

બીજાને થતા દુઃખની જેને જેટલા પ્રમાણમાં વધુ અસર થાય તેટલા પ્રમાણમાં તેનામાં પ્રેમયોગ, ભક્તિયોગ અથવા તાદાત્મ્યયોગ રહેલો છે.

પોતાના પાલક પિતા તરીકે જણાવ્યા. વાજતેગાજતે લગ્ન કર્યા બાદ નવદંપતી પોતાને માટે તૈયાર કરાવેલા ખાસ આવાસમાં મધુરજની ગાળવા ગયાં. ધૃષ્ટબુદ્ધિએ ત્રણ દિવસમાં ચંદ્રહાસને વિષ અપાઈ ગયું હશે એમ માની પોતાનો પંજો જમાવવા માંડયો. એણે ચંદનાવતીનરેશને કેદ કર્યો, ધન લૂંટી લીધું, પ્રજામાં જે સામા થયા તેમનો શિરચ્છેદ કરાવ્યો. એણે પોતાના લોભ નામના રક્ષકને સર્વ સત્તા આપી ચંદનાવતીનો શાસક નીમ્યો અને લૂંટેલી માલમત્તા સાથે કૌંતલક તરફ પ્રયાણ કરી ગયો. ધૃષ્ટબુદ્ધિ પોતાના આવાસ પાસે આવ્યો ત્યાં તો મંગલ વાદ્યો વાગતાં સાંભળ્યાં. બ્રાહ્મણોને સ્વસ્તિવાચન કરતા સાંભળ્યા. કર્પૂરદીપિકા લઈ જતી કુમારીઓને જોઈ. આ બધું જોઈ એણે પૂછ્યું : 'મદન ક્યાં વિજય કરી આવ્યો કે આટલો મોટો ઉત્સવ ઊજવી રહ્યા છો ?'

બધાંએ એમની આજ્ઞાનુસાર 'વિષયાનાં ચંદ્રહાસ સાથે થયેલાં લગ્ન'ની વાત તરી. મદને આવી પ્રણામ કર્યા. ધૃષ્ટબુદ્ધિએ ફિટકાર વરસાવ્યો : વિષને બદલે વિષયા વાંચતાં ધૃષ્ટબુદ્ધિએ હાથ ધસ્યા. એણે તુરત તો બાજી પર પડદો પાડીને હસતું મુખ રાખી બીજો દાવ ખેલવાનો સંકલ્પ કર્યો. એણે બીજા ચાંડાળોને બોલાવી તેમને દેવીના મંદિરમાં છુપાવ્યા અને ચંદ્રહાસને કહ્યું : 'અમારા કુળનો રિવાજ છે કે રાત્રિને સમયે જમાઈએ એકલા નિઃશસ્ત્ર બની દેવીના આશીર્વાદ પામવા દેવીમંદિરે જવું.' ચાંડાળોને કહી રાખ્યું હતું કે જે પુરુષ દેવીનાં દર્શન કરવા આવે એનો એકદમ વધ કરવો.

બીજી તરફ કૌંતલકનરેશને સ્વપ્નમાં વિષ્ણુ ભગવાને આજ્ઞા કરી કે કાલે રાત્રિ પહેલાં તારી પુત્રી મારા ભક્ત ચંદ્રહાસને પરણાવવી અને એને જ તારો ઉત્તરાધિકારી બનાવવો. રાજાએ સંધ્યાકાળે પ્રધાનપુત્ર મદનને બોલાવી ચંદ્રહાસને રાજમહેલમાં મોકલવા જણાવ્યું. તપાસ કરતાં દેવીમંદિરના અર્ધરસ્તે ચંદ્રહાસ મળ્યો અને રાજાજ્ઞાનું ઉલ્લંઘન ન થાય એમ સમજાવી પૂજાપો લઈ પૂજા કરવા મદન ગયો અને ચંદ્રહાસને રાજમહેલમાં મોકલ્યો. જેવો મદન મંદિરમાં પેસવા જાય છે તેવો જ ચાંડાળોએ તેનો વધ કર્યો. પોતાની ગોઠવણનો અમલ કેવોક થયો એ જોવા ગયેલા ધૃષ્ટબુદ્ધિએ મદનનું શબ જોયું અને થાંભલા સાથે માથું અફાળી પ્રાણત્યાગ કર્યો. મુનિની ભવિષ્યવાણી આખરે સાચી પડી.

કૌંતલકરાયે વાજતેગાજતે પોતાની પુત્રી ચંપકમાલિની ચંદ્રહાસ સાથે પરણાવી. પ્રધાનકુટુંબનો વિનાશ જોઈ એને સંસાર પર વિરાગ આવ્યો. ગાલવ મુનિની સલાહથી રાજ્ય ચંદ્રહાસને આપી પોતે વાનપ્રસ્થ સ્વીકાર્યું. ચંદ્રહાસ વાજતેગાજતે બન્ને વધૂઓને લઈ ચંદનાવતી આવ્યો. આમ ચંદ્રહાસ કેરલ, ચંદનાવતી અને કૌંતલકપ્રદેશોનો સ્વામી બન્યો અને ત્રણસો વર્ષ રાજ્ય કર્યું.

*


## 'આશીર્વાદ'ના પ્રતિનિધિ બનો

૧૦ ગ્રાહકો બનાવી આપનારને ૧ વર્ષ સુધી 'આશીર્વાદ' વિનામૂલ્યે મોકલાશે.

૨૫ ગ્રાહકો બનાવી આપનારને શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનું 'ભક્તિનિકુંજ' પુસ્તક (૬૫૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ 'આશીર્વાદ'ના અંકમાં જાહેર કરવામાં આવશે.

૫૦ કે તેથી વધુ ગ્રાહકો બનાવનારને શ્રી ડોંગરે મહારાજનું 'ભાગવત રહસ્ય' પુસ્તક (૭૦૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ 'આશીર્વાદ'માં ટાઈટલ પૃષ્ઠ ઉપર જાહેર કરવામાં આવશે.

જે ભાઈઓ ધંધાની દૃષ્ટિએ કમિશનથી આશીર્વાદના એજન્ટ (પ્રતિનિધિ) તરીકે કામ કરવા માગતા હોય તેમણે કાર્યાલય સાથે પત્રવ્યવહાર કરવો.

# ઉપવાસ

શ્રી 'પીયૂષપાણિ'

ઉપવાસ અને આરોગ્ય એ રોગ અને ઔષધ જેવા જ પર્યાયો છે. માણસ માંદો પડે એટલે તરત જ ઔષધ યાદ આવે છે અને આ ઔષધમાં માત્ર વૈદ્ય કે ડૅાકટરનાં ડોઝ-પડીકાંનો જ સમાવેશ થાય છે; આથી આપણો સમાજ ઔષધની સાચી વ્યાખ્યા, એનું સાચું સ્વરૂપ, ભૂલવા માંડ્યો છે.

સાચી વાત એ છે કે, ઔષધનો સાચો અર્થ એટલો જ કરવામાં આવે છે : જે રોગને મુક્ત કરે તે ઔષધિ–ओषं–रूजं धयति इति औषधीः। ઔષધિની આ વ્યાખ્યા છે; માટે જ આયુર્વેદશાસ્ત્રમાં પૃથ્વી, પાણી, તેજ, આકાશ અને વાયુને સૌથી મહત્ત્વનાં ઔષધો તરીકે પ્રતિષ્ઠા અપાઈ છે.

આપણું શરીર જે તત્ત્વોના બંધારણથી ઘડાયું છે તે જ તત્ત્વોની વિસંવાદિતામાંથી રોગો પેદા થાય છે અને જે તત્ત્વો ખૂટતાં હોય કે વધતાં હોય તેને ઓછાં–વધારે કરી એનો ઉપયોગ કરવાથી નીરોગિતા મળે છે. આ આપણા પૂર્વના ઔષધશાસ્ત્રની પાયાની ભૂમિકા છે.

રોગ અને નીરોગ એ માણસે સર્જેલી સ્થિતિ છે. માણસ પોતાની પ્રકૃતિ, ઋતુ અને આહારવિહારનો વિચાર કરી પોતાનો જીવનવ્યવહાર ગોઠવે તો સહજ રીતે જ તંદુરસ્તી મળી રહે છે; પણ આજનો ઉપાધિવાળો જીવનવ્યવહાર આવો વિચાર કરવા દે એવી સ્થિતિ નથી. એટલે જ રોગ એ કુદરતી રીતે આવતી સ્થિતિ નથી, પણ માણસે નોતરેલી આપત્તિ છે.

ભારતીય આરોગ્યશાસ્ત્રમાં નીરોગીપણું મેળવવા માટે કે રોગ દૂર કરવા માટે જે કેટલાંક કુદરતનિર્મિત સૂચનો કરવામાં આવ્યાં છે, તેમાં આપણાં વ્રત-ઉપવાસોનું ભારે મોટું સ્થાન રહ્યું છે અને એટલા જ માટે આપણા જીવનવ્યવહારમાં આ ઉપવાસો વણાઈ જાય અને એ દ્વારા માણસ નીરોગી રહી શકે, એ હેતુથી વારોના ઉપવાસ કે તિથિઓના ઉપવાસ કરવાનો લોકભોગ્ય માર્ગ સૂચવાયો છે.

આપણે સાંભળીએ છીએ કે, કેટલાય પુરુષો શનિવાર કરતા હોય છે, તો કેટલીક સ્ત્રીઓ મંગળવાર કરે છે. જૈનશાસ્ત્રમાં આઠમ અને ચૌદસ આ ઉપવાસ માટે સ્વીકારાયાં છે, જ્યારે હિંદુ ધર્મે અગિયારસ અને કેટલાક વર્ગે ચોથ પણ સ્વીકારી છે. આ બધાની પાછળ એક જ હકીકત છે કે, માણસ ઓછામાં ઓછા પંદર દિવસે એકથી બે દિવસ આંતરડાંને આરામ આપે અને એ દરમિયાન આંતરડાંમાં સંગ્રહાયેલા મળદોષને પચાવીને બહાર ધકેલી દે. ज्वरादौ लंघनं प्रोक्तम्। તાવમાં ઉપવાસ કરો એ સૂત્રની પાછળ પણ આ જ સત્ય પડ્યું છે.

આપણો સમાજ આ ઉપવાસોને આજે જે રીતે સમજે છે, તેના કરતાં ઘણી જ વિશાળ દૃષ્ટિ એના હેતુ પાછળ રહી છે અને તેમાંય હિંદુ ધર્મે સ્વીકારેલા અગિયારસના ઉપવાસ પાછળ તો એક વૈજ્ઞાનિક શાસ્ત્રીય દૃષ્ટિ પડી છે. આ દૃષ્ટિ શી છે એ આપણે સમજી જઈએ તો આજે જે ઉપેક્ષાવૃત્તિ આપણે ઉપવાસ માટે રાખીએ છીએ અથવા એના માટે જે પ્રકારની શિથિલતા રાખીએ છીએ તે તો ન જ રાખીએ.

જેમ સૂર્ય અને ચંદ્રના પરિભ્રમણ સાથે ભરતી અને ઓટ થાય છે, તે જ પ્રમાણે આપણા શરીરમાં પણ રોગોત્પાદક તત્ત્વોની ભરતી અને ઓટ આવે છે. સામાન્ય રીતે આપણને સૌને અનુભવ છે કે, પૂનમ કે અમાસના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ ભરતીનું પ્રમાણ વધતું જાય છે; અને પૂનમ કે અમાસની ભરતી સૌથી વધારે હોય છે અને તેમાંય અમાસની ભરતી તો શિરટોચ જેવી રહે છે; કારણ કે આ દિવસે પૃથ્વી, સૂર્ય અને ચંદ્રના પરિભ્રમણની સ્થિતિ એવી છે કે પહેલાં ચંદ્ર, વચમાં પૃથ્વી અને પછી સૂર્ય રહેતો હોવાથી, પૃથ્વીની સપાટીને સૂર્ય વધારે તીવ્રતાથી ખેંચી શકે છે. જ્યારે બાકીના દિવસોમાં આ સૂર્યના આકર્ષણમાં ચંદ્રનો અવરોધ રહેતો હોવાથી એની તાકાત સહજ રીતે જ મોળી પડી જાય છે.

આપણા રોગોની દૃષ્ટિએ પણ ભરતી અને ઓટનો જ સિદ્ધાંત લાગુ પડે છે અને એના સમર્થનમાં આપણા મરણપ્રમાણના આંકડાઓ કહે છે કે,

---

કયા કામથી કોનું કેટલું હિત કે અહિત થશે, તે પહેલેથી સમજી જવાની શક્તિ તેનું નામ જ્ઞાનયોગ છે.

સામાન્ય રીતે વધારેમાં વધારે મરણપ્રમાણ આ ભારે દિવસોમાં જ થતું જોવામાં આવે છે.

આપણા શરીરમાં જે ઝેરોના દોષોનો સંગ્રહ થયો હોય છે. તે પણ આકર્ષણના સનાતન નિયમના આધારે ખેંચાઈને બહાર આવે છે અને રોગની તીવ્રતા પેદા કરે છે; એટલા માટે જ અગિયારસથી પૂનમ–અમાસ સુધીના દિવસો સામાન્ય રીતે દરદી માટે ભારે ગણવામાં આવે છે.

આ દિવસોમાં રોગને તીવ્ર થવાનું કારણ અનિવાર્ય સ્થિતિ છે. માણસ ઇચ્છે કે ન ઇચ્છે તોપણ કુદરતી રીતે એ કાર્ય ચાલે જ છે, એટલે આ સ્થિતિમાં માણસે માત્ર એટલો જ વિચાર કરી લેવાનો રહે છે કે આ ઉશ્કેરાટ તીવ્રતર ન બને એ માટે પોતે શું કરવું જોઈએ. આપણા પ્રાચીન ઋષિમુનિઓ અને આચાર્યોએ આ સ્થિતિમાં રોગની કે ભયની તીવ્રતા ઓછી થાય એટલા માટે જ બરાબર આ ભયસ્થાનવાળા દિવસો પહેલાં જ અગિયારસનો ઉપવાસ મૂક્યો છે. જૈનધર્મમાં આઠમ અને ચૌદશ છે. રોગોત્પાદક સ્થિતિની આટલી વિચારણા પછી આ તિથિઓ કેવી સુસંગત લાગે છે, તેનો સહજ રીતે જ ખ્યાલ આવી જશે.

રોગોનું પાયાનું કારણ એ મળદોષ કે આમનો સંગ્રહ છે. ઉપવાસ એ આ આમદોષને પકવીને દૂર કરે છે અને આ આમ–મળદોષ દૂર થાય એટલે સહજ રીતે જ રોગ દૂર થઈ જાય છે. પંડિત ભાવમિશ્ર કહે છે કે–

लंघनेन क्षयं नीते दोषे सन्धुक्षितेऽनले ।
विज्वरत्वं लघुत्वं च क्षुच्चैवास्योपजायते ॥
अनवस्थितदोषाग्नेर्लंघनं दोषपाचनम् ।
ज्वरघ्नं ज्वरिणः कांक्षारुचिलाघवकारकम् ॥

(ભાવપ્રકાશ–મધ્યમખંડ, પ્રથમ ભાગ અ. ૧, શ્લોક ૫૦–૫૧)

ઉપવાસ કરવાથી વધેલા દોષ નબળા પડે છે અને જઠરાગ્નિનું ઉદ્દીપન થાય છે. આ સ્થિતિ રોગને દૂર કરે છે, શરીર હળવું બને છે અને ખોરાકની રુચિ જાગ્રત થાય છે.

માણસને પોતાની નીરોગિતા માટે ત્રણ સ્થિતિની જરૂર રહે છે એ આપણે આગળનાં પ્રકરણોમાં જોયું છે.

(૧) દીપન (સારી ભૂખ લગાડે).

(૨) પાચન (ખાધેલો ખોરાક પચી જાય).

(૩) વિરેચન (ખોરાકનો મળદોષ બહાર ધકેલાઈ જાય.)

આમાંથી કોઈ પણ ક્રિયામાં જ્યારે અવરોધ પડે છે, ત્યારે માંદગી આવી પડે છે. આ માંદગી દૂર કરવા માટે અથવા ઉપરની ત્રણે ક્રિયાઓને નિયમિત–વ્યવસ્થિત રાખવા માટે ઉપવાસ એક એવું ઔષધ બની જાય છે, જે નીરોગિતા આપે છે અને માટે જ રોગોનાં ચિહ્નો દૂર કરવાને બદલે રોગોનાં કારણોને દૂર કરવાનું ભારતીય આયુર્વેદ મહત્ત્વનું સમજે છે. 'સાજા કરવા કરતાં રોગને આવતો જ અટકાવવાની સ્થિતિ વધુ સારી છે.' એ સૂત્ર આપણા પૌરસ્ત્ય આરોગ્ય–વિજ્ઞાનનું મૂળભૂત સૂત્ર છે અને આ સૂત્રને આ રીતે રોજિંદા જીવનવ્યવહારમાં ઉપવાસ દ્વારા, તપવ્રતના નીતિનિયમો દ્વારા વણી લેવામાં આવ્યું છે.

સૂર્ય, ચંદ્ર અને ભરતી–ઓટ સાથે આરોગ્યને પણ સંબંધ છે. એના સમર્થનમાં એક ગ્રામજીવનનો અનુભવ પણ જોઈ જઈએ. પંડિત સાતવલેકરજી એમના એકાદશીના ઉપવાસમાં એક નોંધ મૂકતાં લખે છે કે, 'કોઈ પણ કાયમી સારા કામમાં જે લાકડાનો ઉપયોગ કરવો હોય તે લાકડું કાપતાં પહેલાં એ એ કાપતી વખતે ભરતીનો સમય તો નથી ને, એનો વિચાર કરી લેવામાં આવે છે; કારણ કે જો ભરતીનો સમય હોય અને એ વખતે જો લાકડા માટે ઝાડને કાપવામાં આવે તો એ લાકડું જલદી સડે છે; કારણ કે આ ભરતીના સમયે કેટલાંક એવાં દૂષિત તત્ત્વો ઝાડના મૂળ દ્વારા આખા ઝાડમાં ફેલાયેલાં હોય છે, અને પરિણામે લાકડું જલદી સડે છે.' આ નિર્દેશ–આપણા દોષો–ભરતી સાથે શી રીતે વધે છે તેની વધુ સ્પષ્ટતા કરે છે.

---

પોતાના નીચ, પાપી કે ખરાબ સંતાનની માબાપ દયા જ ખાય છે, તેવી રીતે સજ્જનો દુષ્ટ માણસોની દયા ખાય છે. તેમનું અહિત કરતા નથી.

ઉપવાસ કરનારાઓએ થોડીક વિગતો પણ જાણી લેવા જેવી છે. ટૂંકમાં તે આ પ્રમાણે છે:

(૧) ઉપવાસ કરવો હોય તેના આગળના દિવસે થોડું ખાઓ.

(૨) ઉપવાસ કરવો હોય તે દિવસે ખોરાકમાત્ર બંધ કરો.

(૩) ઉપવાસ દરમ્યાન ખૂબ જ છૂટથી પાણી પીઓ. જૈનધર્મમાં પાણી વિનાના ઉપવાસ કરવાથી નુકસાન થવાના ઘણાય દાખલાઓ જોવા મળ્યા છે. પેટના મળદોષના પાચન વખતે સ્વાભાવિક રીતે ગરમી વધે છે; એટલે એ વખતે આ ગરમીની શાંતિ માટે પાણીથી તર્પણ કરવાની અનિવાર્ય જરૂર છે.

(૪) ઉપવાસ પછી બીજે દિવસે, પચવામાં ભારે પડે તેવો ખોરાક ન લો; આથી પાચક અવયવો અને આંતરડાંને વધુ શ્રમ કરવો પડે છે ને એ નુકસાનકારક નીવડે છે.

(૫) જો શક્ય હોય તો–ઉપવાસ કર્યો હોય તે દિવસે સાદા પાણીની કે લીંબુનો રસ મેળવીને સાદી એનિમા લો.

(૬) ઉપવાસ પછી બીજા દિવસે પણ એક બસ્તિ (એનિમા) લો.

(૭) ઉપવાસ દરમ્યાન ભૂખ્યા ન જ રહેવાય તો મધ–લીંબુ કે ગોળ–લીંબુનું પાણી લો; સંતરાં–મોસંબી, પપૈયું જેવાં ફળો લો.

(૮) ૧૦ તોલા દૂધમાં ઘી તોલો દોઢ મેળવીને પીઓ. સવારસાંજ આ રીતે ઉપવાસ દરમ્યાન દૂધ પીવામાં હરકત નથી.

(૯) ઉપવાસ પછી બીજે દિવસે સાદો પચે એવો હળવો ખોરાક લો. ખાસ કરીને એ દિવસે લીલાં–બાફેલાં શાકભાજી, કાચાં ખાઈ શકાય એવાં શાકભાજીની કચુંબર વિશેષ લો.

(૧૦) ઉપવાસ દરમિયાન શક્તિનો સંગ્રહ ટકાવી રાખવા સંપૂર્ણ આરામ લો. શક્ય હોય તો મૌન પણ જાળવો.

(૧૧) ઉપવાસ પછીના બીજા દિવસે પોષણના પ્રથમ ઘટક તરીકે પીપરીમૂળ તોલો ૦।, ઘી તોલો ૦॥, ગોળ તોલો ૦॥ અને જરૂર પૂરતું પાણી મેળવી એની રાબ પીઓ.

(૧૨) ચા જેવાં માદક, ક્ષોભક, સંકોચક પીણાં તો ન જ લો. ખાલી પેટે આવાં પીણાંથી આંતરડાંની દીવાલો સંકોચાઈને મંદાગ્નિ–કબજિયાત, ગૅસ જેવાં દરદો થાય છે.

(૧૩) ઉપવાસનો ગુણ મેળવવા માટે એક સનાતન નિયમ એ છે કે, ઉપવાસ કરવાનો હોય તેના આગળનો એક ટંક અને બીજા દિવસ પછીનો એક ટંક ખૂબ જ સાદો–હળવો જ ખોરાક લેવો જોઈએ. આજે આ નિયમનું સર્વત્ર ઉલ્લંઘન થઈ રહ્યું છે માટે જ એનો લાભ આપણે ખોઈ બેઠા છીએ. ઉપવાસના આગળના દિવસે 'કાલે નથી ખાવાનું માટે ખૂબ જ ખાવું' અને ઉપવાસ પછી બીજા દિવસે 'કાલ નથી ખાધું માટે ખૂબ ખાવું' એ પ્રથા નિંદ્ય ગણવી જોઈએ.

ઉપવાસ માટે આટલું વિચારીએ તો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક નીરોગિતા–સ્વસ્થતા અને શાંતિ મેળવી શકીશું.

*

---

પોતે વધુ સંસ્કારી હોવાથી, વધુ વિદ્યાવાન કે શિક્ષિત હોવાથી, વધુ ધનવાન હોવાથી, વધુ બુદ્ધિશાળી, ચાલાક કે બળવાન હોવાથી માણસ એનો ગર્વ રાખીને પોતાના કરતાં આ બાબતોમાં ઊતરતા લાગતા માણસોનું જે અપમાન કે તિરસ્કાર કરે છે, તેના વડે તે એ પુરવાર કરે છે કે સંસ્કાર, વિદ્યા વગેરે બધુંયે મારી પાસે હોવા છતાં હું અધમ છું.

# એ પળ

**મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ'**

આપણા અન્તરના રંગમહેલમાં બે વ્યક્તિઓ શાસન ચલાવી રહી છે: એક છે આત્મા ને બીજું છે મન. બંને પોતાનું અખંડ પ્રભુત્વ સ્થાપવા યુગ-યુગથી અવિશ્રાન્ત પ્રયત્ન કરતાં આવ્યાં છે. આત્મા જેને સર્જે છે તેનું વિસર્જન કરવા મન સતત પ્રયત્નશીલ રહે છે અને સમય મળતાં એ વિસર્જન કરે પણ છે. જોકે મનની પસંદગી સામે આત્માને અણગમો હોવા છતાં એ નિભાવી લે છે. કારણ કે મન આત્માનો મંત્રી હોવા છતાં પોતાની નીતિનો અમલ કરવામાં પણ કુનેહબાજ છે.

આત્મા ને મન પોતાના કુટુંબ સાથે એક જ રંગમહેલમાં વસે છે. પણ બંનેના પંથ ન્યારા છે. એકનો પંથ મુક્તિ છે, બીજાનો પંથ બંધન છે. સદ્વૃત્તિ એ આત્માની પત્ની છે. દુર્વૃત્તિ એ મનની પ્રેયસી છે. જીવનના રંગરહેલમાં સદ્વૃત્તિનું સંગીત ચાલતું હોય છે ત્યારે આત્મા ડોલતો હોય છે ને એની સુમધુર સૂરાવલિમાં મગ્ન બની સ્વર્ગીય આનંદ અનુભવતો હોય છે. આ દૃશ્ય મનથી જોયું જતું નથી. એ ઈર્ષાથી સળગી જાય છે. એ પોતાની પ્રેયસી દુર્વૃત્તિને જગાડીને કહે છે: "સખી! મને ચેન નથી. આત્માનો આનંદ જોઈ હું અગનમાં જલી રહ્યો છું. તું તારું વિલાસી સંગીત છેડ કે જેથી આત્માના આનંદમાં અગન પ્રગટે."

દુર્વૃત્તિ પોતાના પ્રિયના આદેશથી કંઠમાં ને શરીરમાં માદકતાને મૂકી ઉત્તેજક સૂર છેડે છે. એક જ રંગ-મહેલમાં બે ગાનારી: બંનેના સૂર જુદા, બંનેના ભાવ જુદા, બંનેનાં ગીત જુદાં; એક સંયમપ્રધાન, બીજી વિકારપ્રધાન! સદ્વૃત્તિ નિજાનંદના તાર પર સંયમનું ગીત છેડતી હોય છે, ત્યારે દુર્વૃત્તિ બહિર્ભાવના વિલાસી તાર પર વિકારનું ગીત ઝીંકે છે!

આ રીતે વિરોધી સૂર ને ગીતો સામસામાં અથડાતાં સંગીતના લયની મઝા બગડી જાય છે. એમાંથી કર્કશતાપૂર્ણ કોલાહલનો ઘોર ધ્વનિ પ્રગટે છે. આ અવ્યવસ્થાથી આત્મા ને મન બંને કંટાળી જાય છે. એકને દુઃખ આપવા જતાં બંનેને દુઃખ મળે છે. એકેનેય સુખ નહિ. આત્મા કંટાળીને દેવસાન્નિધ્યમાં જવા પ્રયત્ન કરે છે, ત્યારે મન થાકીને વિલાસગૃહમાં જવા પ્રયત્ન કરે છે. અહીં આત્મા ને મન ખેંચતાણમાં ઊતરે છે. આ પ્રસંગે જ જીવનનું વિભાજન થાય છે. માણસના જીવનમાં મંથનની આ પળ અતિ સૂચક છે. આ પળ એવી છે કે જેમાં એમાંથી એકને પસંદગી આપવાની હોય છે: વૈરાગ્ય કાં વિલાસ; ત્યાગ કે ભોગ; અમૃત કાં સુરા! બંનેને એક જ સાથે મેળવવા પ્રયત્ન કરનારનું આવી પળે મૃત્યુ થાય છે!

*

આ વિશ્વમાં સુખ કે દુઃખ જેવું છે જ નહીં. કોઈ પણ માણસ સંપૂર્ણ રીતે સુખી છે જ નહીં. આપણે આ જીવનસાગરમાં તરી રહ્યા છીએ. જેઓ તરી શકે છે તેઓ પોતાને સુખી માને છે. જેઓ ડૂબી જાય છે, તેઓ પોતાને દુઃખી માને છે. અને ઘણી કામનાઓને વળગનારા ડૂબે જ છે.

---

સત્યનું આચરણ ન કરનારો કપટી, લોભી અને પ્રપંચી માણસ દંભી, પોકળ અને લુચ્ચા માણસોને સાચા સંતો સમજે છે અને દંભ વિનાના સીધા સાદા સત્પુરુષોને નકામા નિર્માલ્ય માણસો સમજે છે.

# કૌસલ્યાવિલાપ

જશો નહિ વનમાં મારા રામ,
રસભીના બાલુડા, અંતરના આરામ....જશો નહિ૦

મારગડા ભુલાવે એવા ભીષણ પહાડ કરાડ,
હિંસક પ્રાણી વળી હજારો વનમાં પાડે ત્રાડ....જશો નહિ૦

ભાતભાતનાં ભોજન વનમાં ક્યાં તમને મળનાર,
કાચાં પાકાં કંદમૂળનો કરશો કેમ આહાર....જશો નહિ૦

જળ વિનાની માછલડી ને પુત્ર વિનાની માય,
વાછરડા વિણ ગાય તણાતી, દિવસો દોહ્યલા જાય....જશો નહિ૦

બાળક મારા, વસમો તારો વિયોગ નહિ સહેવાય,
જીવતર ઝેર બને માતાનું હૈયું ફાટી જાય....જશો નહિ૦

શું કરવાનાં રંગભવન જો રમનારું નહિ કોઈ,
રાજભોગ પણ મિથ્યા જેનો દીકરો ઘેર ન હોય....જશો નહિ૦

વૃદ્ધ ઉંમરે જોબનવંતો દીકરો જેનો જાય,
મરે કમોતે કાં તો જીવતાં ઝૂરે માતપિતાય....જશો નહિ૦

નથી વિખૂટાં પાડયાં મેં તો કોઈનાં નાનાં બાળ,
કયા દોષનો દંડ મને તું દે છે દીનદયાળ....જશો નહિ૦

વૃદ્ધવયે સંતાન રાખતાં માતાની સંભાળ,
પુત્ર વિના તો માતપિતાનું કોઈ નથી રખેવાળ....જશો નહિ૦

કુળઉદ્ધારક દીકરો જેનો ઝડપી લે કિરતાર,
વંધ્યા નારી તે સુખિયારી ધન્ય સુખી અવતાર....જશો નહિ૦

રહે જનેતા જાય પુત્ર એ, સંકટ કેમ સહેવાય,
પુત્રપૌત્રને મૂકી સુખમાં મરજો માતપિતાય....જશો નહિ૦

**શ્રી દેવેન્દ્રવિજય 'જયભગવાન'**

માલિક : શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવ મંદિર વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ઢબગરવાડ, અમદાવાદ–૧.